પાનાં : ૨૪+૧૬ કિંમત : રૂા. ૫-૦૦** તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ શનિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૭ વર્ષ : ૯૪, અંક : ૨૮૨ ▸ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4






પાનાં: ૨૪+૧૬ કિંમત: રૂા. ૫-૦૦** તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ શનિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૭ વર્ષ : ૯૪, અંક : ૨૮૨ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

## સૂરજ નામના આઈટી એન્જિનિયરે ગેમ ક્રિએટ કરી

## ‘જંતર-મંતર’ ચલો નામથી બનેલી વીડિયો ગેમ વાયરલ

નવી દિલ્હી, તા. ૧૬

જંતર-મંતરના દેખાવો પરથી ઈન્સ્પાર્યડ થઈને ૨૭ વર્ષના આઈટી એન્જિનિયરે જંતર-મંતર ચલો નામથી વીડિયો ગેમ બનાવી છે. એ ગેમનો

(અનુસંધાન ૧૦મે પાને)

### પ્રોટેસ્ટથી પ્રેરિત ગેમ પોલીસ કર્મચારી કે દેખાવકાર બનીને રમી શકાય : બંને માટે જુદા જુદા ટાસ્ક

## કનોટ પ્લેસ સહિતના સ્થળોએ દેખાવકારો-પોલીસ વચ્ચે ઘર્ષણ

# દિલ્હીમાં પોલીસના દંડા સામે જેન-ઝીએ તિરંગો લહેરાવ્યો

નવી દિલ્હી, તા. ૧૬

દિલ્હીમાં શુક્રવારે કોકરોચ જનતા પાર્ટી, વિદ્યાર્થી સંગઠનો દ્વારા તિરંગા સાથે વિરોધ પ્રદર્શનો કરાયા હતા, દિલ્હી પોલીસે કોકરોચ પાર્ટીના અભિજીત દિપકે, ડાબેરી વિદ્યાર્થી સંગઠનની નેહા બોરા સહિત ૧૫૦થી વધુની અટકાયત કરી હતી. આ દરમિયાન મોટી સંખ્યામાં જેન-ઝી તિરંગા સાથે એકઠા થયા હતા અને કનોટ પ્લેસ સહિતના વિસ્તારોમાં તિરંગો લહેરાવ્યો હતો. બાદમાં પોલીસે તિરંગા સાથે જ યુવાનોની બળજબરીથી ટિંગાટોળી કરીને અટકાયત કરી હતી. જ્યારે પ્રદર્શનો અને પ્રતિબંધો વચ્ચે વેપારીઓને નુકસાન મુદ્દે સુપ્રીમે ચિંતા વ્યક્ત કરી હતી.

## દીપકેને ઘરેથી જ્યારે નેહાને અધવચ્ચે જ અટકાયતમાં લેવાયા, ૧૫૦થી વધુ યુવાનોને પોલીસ ટિંગાટોળી કરી ઉઠાવી ગઈ

જંતર મંતરમાં ઘૂસીને કોકરોચ પાર્ટીના નેતાઓ આશુતોષ રાંકા, સૌરવ દાસે તિરંગો લહેરાવ્યો હતો, પ્રવેશવા પર પ્રતિબંધના આદેશનો ભંગ કરવા બદલ બન્નેની ધરપકડ કરીને પાંચ દિવસ તિહાર જેલમાં મોકલી દેવાયા છે. આ મુદ્દે કોકરોચ પાર્ટીના અભિજીત દિપકેએ દિલ્હીમાં કનોટ પ્લેસ પાસે તિરંગા સાથે માર્ચ કાઢવાની જાહેરાત કરી હતી. શુક્રવારે આ માર્ચ નીકળે તે પહેલા દિલ્હી પોલીસે અભિજીત દિપકેની અટકાયત કરી લીધી હતી. જ્યારે નેહા બોરા સહિતના વિદ્યાર્થીઓએ તિરંગા માર્ચ કાઢી હતી. જોકે નેહા કનોટ પ્લેસ પહોંચે તે પહેલા જ તેની અટકાયત કરી લેવામાં આવી હતી. સાંજ થયા બાદ યુવતીઓ સહિત તમામની અટકાયત કરી લેવામાં આવી હતી. સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૬૦૦૦ જેટલા સુરક્ષાકર્મીઓને કનોટ પ્લેસ વિસ્તારમાં તૈનાત કરાયા હતા. સાથે જ અર્ધ સૈન્ય દળોની ૨૨૦ કંપનીઓ અને અનેક સીસીટીવી કેમેરા, ડ્રોનની બાજ નજર વચ્ચે યુવાનો રસ્તા પર ઉતર્યા હતા.

### ૬૦૦૦ પોલીસકર્મીઓ, અર્ધ સૈન્ય દળની ૨૨૦ કંપનીઓ, અનેક સીસીટીવી-ડ્રોનની તૈનાતી વચ્ચે જેન-ઝી ફરી રસ્તા પર ઉતર્યા

### પ્રદર્શનો-પ્રતિબંધો વચ્ચે વેપારીઓને નુકસાન થયું તો વળતર અંગે આદેશ આપવા વિચારીશું : સુપ્રીમ

દિલ્હીમાં શુક્રવારે કોકરોચ જનતા પાર્ટી, એસએફઆઇ, ડીવાયએફઆઇ, એઆઇએસએફ સહિતના વિદ્યાર્થી સંગઠનો દ્વારા તિરંગા સાથે માર્ચ કાઢવામાં આવી હતી. જોકે તિરંગા માર્ચમાં જોડાય તે પહેલા દિપકેને પોલીસ ઘરેથી ઉઠાવી ગઇ હતી, જ્યારે નેહા બોરાની મંડી હાઉસ પાસે અટકાયત કરાઇ હતી. એક તરફ વિદ્યાર્થીઓના હાથમાં તિરંગો તો બીજી તરફ તેમને રોકવા માટે દંડા હાથમાં લઇને ખડેપગે તૈનાત પોલીસ બન્ને વચ્ચે થોડા સમય

(અનુસંધાન ૧૧મે પાને)

## બેધડક -મંજુલ



કનોટ પ્લેસમાં કોઈ તિરંગો ન જોઈએ એવા મારા આદેશનો અર્થ આ દેખાવકારો ન ફરકાવવા જોઈએ એવો છે... આ નથી ઉતારવાનો... !

## લહરા દો તિરંગા માર્ચમાં જનમેદની



દિલ્હીમાં ફરી એકવાર દેખાવો થયા. કોકરોચ જનતા પાર્ટીની લહરા દો તિરંગા માર્ચ દરમિયાન મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ એકઠા થયા. જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી. પોલીસ દ્વારા ફરી એક વખત તેમની અટકાયત કરવામાં આવી. આ નિત્યક્રમ છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહ્યો છે. જેમાં, મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ સરકારને અરીસો બતાવી રહ્યા છે. કહી રહ્યાં છે કે, ૧૩ કરોડ મતદારોને વોટિંગના હક્કથી વંચિત રાખવા લોકશાહી માટે યોગ્ય નથી. પરંતુ, સરકારને તે દેખાઈ નથી રહ્યું. સરકાર અલગ જ ધૂનમાં ચાલી રહી છે. તેમણે ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમારને બચાવવા માટે તમામ ફોર્સ લગાવી દીધી છે. ભારતના ઈતિહાસમાં આ પહેલી વખત છે જ્યારે, કોઈ ઈલેક્શન કમિશનરની ખુરશીને સરકારે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યો હોય. પ્રદર્શનકારીઓ કહી રહ્યા છે કે, ઈલેક્શન કમિશનર ભારતભરના હોય. દેશના દરેક નાગરિકના હોય. પરંતુ, હાલના ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમાર ‘સરકાર માન્ય ઈલેક્શન કમિશનર’ બન્યા છે. સરકાર કુંભકર્ણની નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. તેમણે સમજવું પડશે કે, મતદારો સાથે લડીને સરકારને કોઈ ફાયદો નથી થવાનો. મતદારો સાથે બેસીને સરકારે વાતનો નિવેડો લાવવો જોઈએ. આ વાત આજે નહીં સમજાય તો ઘણા વર્ષો પછી પસ્તાવાના રૂપમાં સામે આવશે. અંગ્રેજો પણ આ પ્રકારનું અક્કડ વલણ રાખતા હતા. અક્કડ વલણથી કોઈને ક્યારેય ફાયદો નથી થયો અને નથી થવાનો. લોકશાહીમાં જનતા જ રાજા હોય.









મુંબઈ, નાશિક,અમદાવાદ, ગાંધીનગર, સુરત, ભાવનગરમાં દરોડા

# શેરોના કૃત્રિમ ઉછાળા માટે મુંબઈ, ગુજરાતમાં ઈડીના દરોડા

મુંબઈ,શુક્રવાર

આર એમ ડ્રિપ સ્પ્રિન્કલર્સ સિસ્ટમ્સ તથા આર એન્ડ બી ડેનિમ્સ લિમિટેડ કંપનીઓના શેરો કૃત્રિમ રીતે ઉછાળી મોટાપાયે મની લોન્ડરિંગ કરવાના કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મુંબઈ, નાશિક ઉપરાંત ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર, સુરત, ભાવનગર એમ છ શહેરોમાં ૨૯ સ્થળે દરોડા પાડ્યા હતા. વ્હોટસ એપ ગ્રૂપો બનાવી તેના દ્વારા આ કંપનીઓના સ્ટોક મલ્ટીબેગર્સ સ્ટોક હોવાનું જણાવી આશરે એક લાખ જેટલા રોકાણકારોને શીશામાં ઉતારાયા હતા. આ ગ્રૂપોનું સંચાલન ભાવનગરથી થતું હતું.

## ભાવનગરથી ચાલતાં વોટ્સએપ ગ્રૂપોમાં મલ્ટીબેગર્સ સ્ટોક હોવાનું જણાવી એક લાખ રોકાણકારાને ફસાવાયા

બન્ને કંપનીઓની ઓફિસ તેમના પ્રમોટરોના રહેઠાણો, ઓછી કિંમતે શેર મેળવનારા વ્યક્તિઓના રહેઠાણો, સ્ટોક બ્રોકિંગ અને ફાઈનાન્સ કંપનીઓની ઓફિસો અને કૃત્રિમ રીતે શેર ઉછાળવા માટે રચાયેલાં વોટ્સએપ ગ્રુપ્સ ચલાવતા શકમંદોના ઘરો પર ઈડીની ટીમો ત્રાટકી હતી. સર્ચ ઓપરેશન દરમિયાન વિવિધ ગુનાહિત દસ્તાવેજો, ડિજિટલ ઉપકરણો, શેર વ્યવહારોના રેકોર્ડ અને મિલકતના દસ્તાવેજો જપ્ત કરાયા હતા.

**આર એમ ડ્રિપ સ્પ્રિન્કલર્સ, આર એન્ડ બી ડેનિમ્સ લિ. કંપનીઓના પ્રમોટરો તથા અન્યોનાં ૨૯ સ્થળે દરોડા**

મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ હાથ ધરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે એપ્રિલ ૨૦૨૩ અને માર્ચ ૨૦૨૪ની વચ્ચે બન્ને કંપનીઓએ અમુક ચોક્કસ વ્યક્તિઓ અને સંસ્થાઓને ૩.૫ કરોડથી વધુ શેર અને કન્વર્ટિબલ વોરંટ જારી કર્યા હતા. આ શેર માટે મોટાભાગનાં નાણાં સંબંધિત વ્યક્તિઓ, કંપનીઓ અને ધિરાણકર્તાઓના એક નાના ગ્રૂપે જ ચૂકવ્યાં હતાં. તે પછીના મહિનાઓમાં શેરના ભાવોમાં સતત વધારો થયો હતો અને શેર મોટાભાગે એક જ હાથમાં રહ્યા હતા.

તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે ડિસેમ્બર ૨૦૨૫ના અંતથી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી મલ્ટિબેગર સ્ટોક્સ જેવા નામો ધરાવતા વોટ્સએપ ગ્રૂપ્સ દ્વારા નિર્દોષ રિટેલ રોકાણકારોને આ કંપનીઓના શેર માટે દરરોજ ખરીદી ટિપ્સ મોકલાતી હતી. આ વ્હોટસ એપ ગ્રૂપ્સ હરિયાણાના અને મુંબઈમાં અન્ય વ્યક્તિઓના નામે મેળવેલા સિમકાર્ડ પર ચલાવવામાં આવતા હતા પરંતુ તેનું સંચાલન ભાવનગરથી થતું હતું. આ ટિપ્સ દ્વારા લલચાઈને શેર ખરીદનારાઓની સંખ્યા ૩૪૦૦થી વધુને એક લાખથી વધુ થઈ ગઈ હતી.

૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વોટ્સએપ ગ્રુપ અચાનક ડિલીટ કરી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ બન્ને શેર લોઅર સર્કિટમાં આવી ગયા હતા અને થોડા જ દિવસોમા તેમનું મૂલ્ય ૭૦ ટકા ઘટી ગયું હતું. જેના કારણે એક લાખ થી વધુ નાના રોકાણકારોને બારે નુકસાન થયું હતું અને તેઓ નીચા ભાવે શેર વેચી ન શકતાં તેમના પૈસા ફસાઈ ગયા હતા.

મ્યુનિ.માં માનીતા કોન્ટ્રાક્ટરોનો દબદબો

# ગોતા વોર્ડમાં રૂ.૩.૩૦ કરોડના રસ્તાનું કામ સિંગલ ટેન્ડરથી આપવા ગોઠવણ

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં માનીતા કોન્ટ્રાક્ટરોનો દબદબો હોવાના મુદ્દે વારંવાર વિવાદ સર્જાય છે. આ સ્થિતિ વચ્ચે સાયન્સ સિટી, ગોતા સહિતના વિસ્તારોમાં આરસીસી રોડ અને પેવર બ્લોકની કામગીરી સિંગલ ટેન્ડરથી સોંપવા ગોઠવણ કરી દેવાઈ છે. બે વખત ટેન્ડર બહાર પાડ્યા બાદ પણ રસ્તાના સામાન્ય કામ માટે કોન્ટ્રાક્ટર મળતા નથી! તેવો લૂલો બચાવ કરાયો છે.

## અર્જન્ટ કામ માટે જ સિંગલ ટેન્ડર માન્ય છતાં વિકાસ કામના નામે પાણીની જેમ પ્રજાના પૈસાનો વપરાશ

અમદાવાદ મ્યુનિ. દ્વારા રસ્તા, બ્રિજ વગેરેના કામ કોન્ટ્રાક્ટરને સોંપતા પહેલાં ફક્ત નામ પૂરતી ટેન્ડરિંગ પ્રક્રિયા કરાતી હોય તેવી સ્થિતિ જોવા મળે છે. જ્યારે પાછલે બારણે કઈ કામગીરી કયા કોન્ટ્રાક્ટરને સોંપાશે તેના માટે પહેલાથી જ ગોઠવણ કરી દેવાતી હોવાની ફરિયાદો ઉઠે છે. તેવામાં ગોતા વોર્ડમાં સાયન્સ સિટી, વસંતનગર, સોલા ગામ, ઓગણજ ગામ, ચાણક્યપુરી, સતાધાર સહિતના વિસ્તારમાં આરસીસી રોડ અને પેવર બ્લોકનું રૂપિયા ૩.૩૦ કરોડનું કામ સિંગલ ટેન્ડરથી સંગમ એન્જિનિયર્સ એન્ડ કોન્ટ્રાક્ટરને સોંપવા રોડ અને બિલ્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મુકાઈ છે. જો કે અંદાજ કરતા ઓછા ભાવે કામ સોંપાયું હોવાનો દેખાડો કરવા રૂ.૩.૨૫ કરોડમાં આ કામગીરી અપાશે.નોંધનીય છે કે, બે વખત ટેન્ડર બહાર પાડ્યા બાદ પણ કોઈ કોન્ટ્રાક્ટરે રસ ન દાખવતા આ કામગીરી સિંગલ ટેન્ડરથી અપાઈ હોવાનો મ્યુનિ. દ્વારા બચાવ કરાયો છે. નિયમો મુજબ અમુક અર્જન્ટ કામ જ સિંગલ ટેન્ડરથી આપી શકાય છે. તેમ છતાં કોન્ટ્રાક્ટરો વચ્ચે સ્વસ્થ સ્પર્ધા નાબૂદ કરી મ્યુનિ. મરજીના ભાવ મુજબ કામ સોંપી રહ્યું છે. વિકાસ કામોના નામે કોન્ટ્રાક્ટરો માટે તંત્ર જાણે પ્રજાના પૈસાનો ધોધ વહાવી રહ્યું હોય તેવો ઘાટ સર્જાયો છે.

**સંગમ એન્જિનિયર્સ એન્ડ કોન્ટ્રાક્ટરને કામ આપવા રોડ એન્ડ બિલ્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત**

સ્કોલરશિપ નામે ઘણી કોલેજોમાં માત્ર પ્રવેશનો મોટો ખેલ

# નર્સિંગ-ફીઝિયોથેરાપીમાં ૧૭ હજાર પ્રવેશમાં ૧૨ હજારથી વધુ SC-STના

અમદાવાદ,શુક્રવાર

ધો.૧૨ સાયન્સ પછીના બોર્ડ પરિણામ આધારીત નર્સિંગ-ફીઝિયોથેરાપી સહિતના કોર્સીસમાં પ્રવેશ માટેની સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં ત્રણ રાઉન્ડ પુરા થઈ ગયા છે અને ત્રણ રાઉન્ડમાં થયેલા કુલ ૧૭ હજારથી વધુ પ્રવેશમાંથી ૧૨ હજારથી વધુ પ્રવેશ માત્ર એસસી-એસટી વિદ્યાર્થીઓના છે.એસસી-એસટી વિદ્યાર્થીઓને ફીશિપકાર્ડ-સ્કોલરશિપનો લાભ મળતો હોવાથી ફી ભરવાની હોતી નથી અને જેથી ઘણી ખાનગી કોલેજો આ વિદ્યાર્થીઓને ફી એડમિશનની લાલચ આપીને ડોક્યુમેન્ટ લઈને મોટી સંખ્યામાં પ્રવેશ આપે છે.

## ફીશિપકાર્ડ-સ્કોલરશિપ માટે વિદ્યાર્થીઓને ફીમાં પ્રવેશની લાલચ આપી પહેલેથી જ ડોક્યુમેન્ટ લઈ લેવાતા હોય છે

બીએસસી નર્સિંગ,જનરલ નર્સિંગ,ઓક્ઝિલરી નર્સિંગ, ઓપ્ટોમેટ્રી, ઓર્થોટિક્સ, ઓડિયોલોજી,નેચરોપેથી અને ફીઝિયોથેરાપી સહિતના ૮ કોર્સીસમાં પ્રવેશ માટેની સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં સમિતિ દ્વારા ત્રણ ઓનલાઈન રાઉન્ડ પુરા કરી દેવાયા છે.ત્રણ રાઉન્ડ સુધીમાં કુલ ૧૦૯૫ કોલેજોની રીન્યુઅલ પરમિશન પ્રવેશ માટેની હતી અને આ કોલેજોની કુલ ૫૩૨૦૨૬ બેઠકો હતી.ત્રણ રાઉન્ડ બાદ ખાનગી કોલેજોને પોતાની રીતે બેઠકો ભરવા સોંપી દેવાઈ છે.જે કોલેજો ૩૧મી સુધી ભરી શકશે. જ્યારે ત્રણ રાઉન્ડ બાદ ખાલી પડેલી સરકારી કોલેજોની ૪૪૬ બેઠકો માટે ચોથો રાઉન્ડ કરવામા આવ્યો હતો.માત્ર સરકારી બેઠકો માટેના આ ચોથા ઓનલાઈન રાઉન્ડમાં આજે સીટ એલોટમેન્ટ કરવામા આવ્યુ છે અને જેમાં તમામ બેઠકોમાં પ્રવેશ ફાળવી દેવાતા હાલ સરકારી એક પણ બેઠક ખાલી નથી.આ રાઉન્ડ બાદ હવે સરકારી અને ખાનગી સહિતની કુલ ૫૩૦૨૬ બેઠકોમાંથી ૧૭૨૬૬ બેઠકોમાં પ્રવેશ છે અને હજુ પણ ૩૫૯૪૦ બેઠકો ખાલી છે. સરકારીમાં બીએસસી નર્સિંગ,જનરલ નર્સિંગ,ઓક્ઝિલરી નર્સિંગ તથા ઓપ્ટોમેટરી અને ફિઝીયોથેરાપીમાં કુલ ૨૪૬૯ બેઠકોમાં પ્રવેશ થયા છે.મહત્વનું છે કે ૧૭ હજારથી વધુ પ્રવેશમાં માત્ર એસસી-એસટી કેટેગરીના જ ૧૨ હજારથી વધુ પ્રવેશ છે.

દિવાળીમાં કોસ્મેટિક્સ ખરીદતા પહેલાં વિચારજો

# ઘી કાંટા વિસ્તારમાંથી લાખો રૂપિયાનો નકલી કોસ્મેટિક્સનો જથ્થો જપ્ત કરાયો

અમદાવાદ,શુક્રવાર

દિવાળીમાં લોકો બ્રાંડેડ કોસ્મેસ્ટિક પ્રોડક્ટ ઉંચા ભાવે ખરીદતા હોય છે. પરંતુ, આ કોસ્મેટિક્સ નકલી પણ હોય શકે છે. અમદાવાદના સ્પેશીયલ ઓપરેશન ગ્રુપના અધિકારીઓએ ઘી કાંટા વિસ્તારમાં દરોડો પાડીને લાખો રૂપિયાની કિંમતનો નકલી કોસ્મેટિક્સનો જથ્થો જપ્ત કરીને બે વેપારીઓની ધરપકડ કરી છે. સાથેસાથે મુંબઈના બે વેપારીઓ સહિત ત્રણ આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## વેપારીઓ મુંબઈથી મોટાપ્રમાણમાં લાવીને સ્થાનિક બજારમાં સપ્લાય કરતા હતા : પોલીસે ગુનો નોંધ્યો

અમદાવાદ એસઓજીના અધિકારીઓને બાતમી મળી હતી કે ઘી કાંટા વિસ્તારમાં આવેલી માય બ્યુટી સેન્ટર અને લક્ષ્મી બ્યુટી સેન્ટર નામની દુકાનોમાં કોસ્મેટિક્સનો બનાવટી જથ્થો બ્રાંડેડ પ્રોડક્ટના નામે વેચાણ કરવામાં આવી રહ્યો છે. જેના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો અને શેમ્પુ, હેર કલર અન્ય બ્યુટી પ્રોડ્ક્ટનો જથ્થો લાખો રૂપિયાનો જથ્થો જપ્ત કર્યો હતો. આ કેસમાં યશ ઠક્કર અને ઋષભ અગ્રવાલ વેપારીની ધરપકડ કરી હતી. જ્યારે પુછપરછમાં જાણવા મળ્યું હતું કે આ જથ્થો મુંબઈ ક્રોફર્ડ માર્કેટમાંથી દિનેશ અને વિજય નામના વ્યક્તિએ મોકલ્યો હતો. જેને ઓર્ડર અમદાવાદની એક એજન્સી દ્વારા લેવાયો હતો. આમ, વર્ષોથી બનાવટી પ્રોડક્ટ વેચાણનું કૌભાંડ સુવ્યવસ્થિત રીતે ચલાવવામાં આવી રહ્યું હતું. જે અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

## અસારવા-પ્રયાગરાજ વચ્ચ એક મહિનો વિશેષ ટ્રેન દોડાવાશે

અમદાવાદ, શુક્રવાર

આગામી દિવાળી અને છઠ્ઠ પુજાના તહેવારને ધ્યાનમાં લઈ પશ્ચિમ રેલવેએ અસારવા- પ્રયાગરાજ વચ્ચે આગામી ૨૨ ઓક્ટોબરથી ૨૬ નવેમ્બર સુધી સાપ્તાહિક તહેવાર વિશેષ ટ્રેન દોડાવવા નિર્ણય કર્યો છે. જે અંતર્ગત ટ્રેન નં.૦૪૧૬૬ દર ગુરુવારે સવારે ૦૮.૪૫ કલાકે અસારવાથી ઉપડશે. જ્યારે ટ્રેન નં.૦૪૧૬૫ દર બુધવારે સવારે પાંચ કલાકે પ્રયાગરાજથી ઉપડીને અસારવા તરફ આવશે.

ગુજરાતમાં આસોમાં ચૈત્ર જેવો તાપ વરસવા સાથે

# યુ.વી.ઈન્ડેક્સ હાઈ કેટેગરીમાં, રાજ્યમાં પ્રદુષણમાં પણ વધારો



રાજકોટ,શુક્રવાર

સૂર્યમાંથી નીકળતા વિદ્યુત ચૂંબકીય રેડિએશન કે જેની વેવલેન્થ ૧૦૦થી ૪૦૦ નેનોમીટર હોવાના કારણે તે જોઈ શકાતા નથી પરંતુ, તેની તીવ્ર માત્રા શરીરને ઘણી રીતે નુક્શાન કરે છે. આ રેડિએશનને અલ્ટ્રાવાયોલેટ રેઝ (પારજાંબલી કિરણો) કહે છે જેનો આંક હાલ આસો માસમાં વાદળનું આવરણ ઘટી જતા ગુજરાતમાં તીવ્ર માત્રાએ પહોંચ્યો છે. આ સાથે રાજ્યમાં નવરાત્રિ તહેવારોમાં ટ્રાફિક ગીચતા વધવા સાથે હાલ સુકા હવામાનના કારણે વાયુ પ્રદુષણ પણ વધ્યું છે.

યુ.વી.ઈન્ડેક્સ જો ૧થી ૨ હોય તો કોઈ સુરક્ષા ઉપાયો જરૂરી નથી, તે સહ્ય છે. પરંતુ, આટલો આંક માત્ર વહેલી સવારે કે મોડી સાંજે હોય છે. ૩થી ૫નો આંક મોડરેટ ગણાય છે જેનાથી સંવેદનશીલ ત્વચાને નુક્શાનનો ખતરો, જ્યારે ૬થી ૭નો આંક હાઈ અર્થાત્ ખતરો વધુ અને ૮થી ૧૦ને વેરી હાઈ કેટેગરીમાં મુકાય છે. ગુજરાતમાં રાજકોટ સહિત સ્થળે હાલ યુ.વી.ઈન્ડેક્સ ૭થી ૯ વચ્ચે અર્થાત્ વધારે કે ઘણો વધારે છે.

રાજકોટમાં મહાપાલિકાની ઈસ્ટઝોન કચેરી અને ડીલક્સ ચોક (કુવાડવા હાઈવે) સહિતના સેન્સરોમાં યુ.વી.ઈન્ડેક્સ મહત્તમ ૧૧ સુધી પહોંચ્યો છે જે એક્સ્ટ્રીમ લેવલ ગણાય છે. પારજાંબલી કિરણોના ખતરા સાથે ગુજરાતમાં શ્વાસની સાથે ફેફસાં સુધી પહોંચીને નુક્શાન પહોંચાડી શકતું પી.એમ.-૨.૫ અને પી.એમ.૧૦થી ફેલાતા વાયુ પ્રદુષણનું પ્રમાણ પણ વધ્યું છે .આજે રાજ્યમાં રાત્રિના ૮ વાગ્યાની આસપાસ અમદાવાદ ખાતે આ પ્રદુષણનો આંક ૧૩૧, સુરતમાં ૧૪૩, વડોદરામાં ૧૧૧ અને રાજકોટમા મોટાભાગના સેન્સરોમાં ૧૦૧થી ૧૩૯ સુધી નોંધાયેલ છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટમાં આ પ્રદુષણ માપતો આંક (એ.ક્યુ.આઈ.) આજે ૧૦૦ને પાર થઈને ૧૪૦ સુધી પહોંચ્યો છે.

વાદળા ન હોય, તાપ હોય ત્યારે બપોરે ઈન્ડેક્સ ઉંચો હોય

## ઉંચો યુ.વી.ઈન્ડેક્સ તમને જલ્દી વૃધ્ધ બનાવશે

ગુજરાતમાં હાલ વાદળોનું આવરણ માત્ર ૦થી ૪ ટકા અને સાથે ૩૮-૪૦ સે.તાપમાનને લીધે યુ.વી.ઈન્ડેક્સ ખાસ કરીને મધ્યાન્હ સમયે સૌથી વધારે હોય છે. આ સમયે લાંબો સમય કિરણો ત્વચા પર પડે તો શરીરને નીચે મૂજબ નુક્શાન થઈ શકે.

(૧) પ્રિમેચ્યોર એજિંગ

યુ.વી.રેઝ માનવત્વચામાં ઉંડે સુધી પહોંચે ઝે જે કોલેજન અને ઈલાસ્ટિનનો નાશ કરે છે જે સન સ્પોટ સાથે કરચલી વધારે છે. અર્થાત્ ત્વચા પરથી માણસની ઉંમર વધુ લાગે.

(૨) ડીએનએ સેલ્યુલરને નુક્શાન.

ઘણો વધારે સમય આવા સૂર્યતાપમાં રહેવાથી સેલ્યુલર ડીએનએને નુક્શાન થતા સેલકાર્સિનોમા અર્થાત્ કેન્સરનો ખતરો પણ વધે છે.

(૩) ઈમ્યુનિટી ઘટે

માનવ ત્વચા અસામાન્ય સેલ તેમજ ઈન્ફેક્શનનો નાશ કરવાનો પ્રાકૃતિક પ્રોગ્રામ ધરાવે છે, ઉંચા યુ.વી.ઈન્ડેક્સમાં વધુ સમય રહેવાથી આ સુરક્ષા પ્રણાલી ખોરવાય છે.

(૪)આંખને નુક્શાન

જો આ સમયે સૂર્યનો તાપ આંખ ઉપર આવી જાય તો કોર્નીયામાં સોજાના કારણે થોડો સમય અંધકાર જેવું લાગે અને લાંબા સમયથી રેટીનાને નુક્સાનનો ખતરો રહે છે.

(૫) બચવા માટે શુ કરવું?

(૧) આ આંક ૩-૪થી વધુ હોય ત્યારે ખાસ સુરક્ષા જાળવવી.

(૨) શરીર સુતરાઉ (કોટન કે ખાદી)ના કપડાંથી ઢાંકેલું રાખવું,ખાસ કરીને માથા,ચહેરા પર તડકો ન પડવા દેવો. છત્રી-ટોપીનો ઉપયોગ.

(૩) શક્ય ત્યાં સુધી બપોરે ૧૧થી સાંજે ૩ દરમિયાન બહાર જવાનું ટાળવું.

ઉલ્લેખનીય છે કે યુ.વી.ઈન્ડેક્સ વધુ તીવ્ર બપોરે હોય, સવારે છ સુધી અને સાંજે છ પછી તે લગભગ ઝીરો હોય છે.

**પ્રખર કિરણોથી રક્ષા સરળ: ખાસ કરી માથુ-ચહેરો ઢાંકીને રાખો, બપોરે તડકો ટાળો**

## અમદાવાદ ,વડોદરા,સુરત, રાજકોટમાં એ.ક્યુ.આઈ.૧૦૦ને પાર, યુ.વી.ઈન્ડેક્સ ૭થી ૯ વચ્ચે, મ્યુનિ.સેન્સરોમાં આંક ૧૧એ પહોંચ્યો

હજુ પાંચ દિવસ ગરમીથી રાહતની સંભાવના નહિવત્

## અમદાવાદ સહિત ગુજરાતના ૯ શહેરમાં ૩૬ ડિગ્રીથી વધુ તાપમાન

અમદાવાદ,શુક્રવાર

ગુજરાતમાં આસો માસમાં પણ ભાદરવા જેવો આકરો તાપ યથાવત્ રહ્યો છે અને આજે ૯ શહેરમાં સરેરાશ મહત્તમ તાપમાનનો પારો ૩૬ ડિગ્રીથી વધારે નોંધાયો હતો.

આજે રાજકોટમાં ૪૦.૧ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૯ ડિગ્રીનો વધારો થયો હતો. છેલ્લા ૬ વર્ષમાં રાજકોટમાં નોંધાયેલું આ સૌથી વધારે તાપમાન છે. અમદાવાદમાં ૩૮.૧ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૨.૨ ડિગ્રી વધારે નોંધાયું હતું. લઘુતમ તાપમાન ૨૬ ડિગ્રીએ પહોંચી જતાં સામાન્ય કરતાં ચાર ડિગ્રીનો વધારો થયો હતો.

આગામી ૩ દિવસ અમદાવાદનું તાપમાન ૩૮ ડિગ્રીની આસપાસ જ રહેવાની આગાહી છે. રાજ્યમાંથી અન્યત્ર ભુજમાં ૩૯.૪, અમરેલીમાં ૩૮.૩, ડીસામાં ૩૭.૬, વડોદરા-ભાવનગરમાં ૩૭.૨, સુરતમાં ૩૭, ગાંધીનગરમાં ૩૬.૨, પોરબંદરમાં ૩૫.૬ ડિગ્રી સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

**રાજકોટમાં સૌથી વધુ ૪૦.૧, ભુજમાં ૩૯.૪, અમદાવાદમાં ૩૮.૧ ડિગ્રી ગરમી**

ડ્રાઈવ ઈન રોડ હિમાલયા મોલ પાસેની ઘટના

# કારચાલકે સ્કૂટરને અડેફેટે લઈને એક કિમી સુધી ઢસેડ્યું: યુવકનો બચાવ



અમદાવાદ,શુક્રવાર

શહેરના ડ્રાઈવ ઈન રોડ પર હિમાલયા મોલ પાસે ગુરૂવારે રાતના સમયે એક ઈનોવાકારના ચાલકે સિગ્નલ પર ઉભા રહેલા યુવકને અડફેટે લીધો હતો. જો કે યુવકનો બચાવ થયો હતો. આ સમયે સ્કૂટર ઈનોવાકારના આગળના ભાગે ફસાઈ ગયો હતો. પરંતુ, કાર ચાલકે ઉભા રહેવાને બદલે કારને પુરઝડપે હંકારીને આશરે એક કિલોમીટર સુધી ઢસેડ્યુ હતું. જેના કારણે રસ્તા પર રીતસરની નાસભાગ મચી ગઈ હતી. સ્થાનિક વાહનચાલકોએ પીછો કરીને કારચાલક પકંજ નનોમા નામને ઝડપી લીધો હતો. જે દારૂના નશામાં હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

## વાહનચાલકને લોકોએ પકડીને પોલીસના હવાલે કર્યો દારૂના નશામાં અકસ્માત બાદ ડરીને કારને ભગાવી હતી

શહેરના વાસણામાં રહેતો ૨૧ વર્ષીય નક્ષત્ર ચૌહાણ ગુરૂવારે તેની નોકરીમાંથી પરત આવીને ડ્રાઈવ ઈન રોડ પર હિમાલયા મોલ ચાર રસ્તા પાસે ટ્રાફિક સિગ્નલ પર ઉભો હતો ત્યારે પાછળથી પુરઝડપે એક ઈનોવાકાર પુરઝડપે આવી હતી અને તેમણે નક્ષત્રને ટક્કર મારી હતી. જો કે નક્ષત્રનો બચાવ થયો હતો અને સ્કૂટર કારના બમ્પરમાં ફસાઈ ગયું હતું. આ સમયે આસપાસના લોકોએ તેને ઉભા રહેવા માટે કહ્યું હતું. પરંતુ, તે ઉભો રહ્યો નહોતો અને કારની ગતિ વધારી દીધી હતી. જેથી આસપાસના વાહનચાલકો પીછો કર્યો હતો. તો પણ કારને ઉભી રાખી નહોતી અને તે દુરદર્શન ચાર રસ્તાથી એનએફડી સર્કલ તરફ નાસી ગયો હતો. જ્યાંથી તેને લોકોએ ઝડપીને સ્થાનિક પોલીસને હવાલે કરી દીધો હતો. તપાસ કરતા કારચાલક ડ્રાઈવર પંકજ નનોમા દારૂના નશામાં હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે એમ ડીવીઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.

અકસ્માતના અન્ય બનાવમાં વેજલપુર બુટભવાની ઓવરબ્રીજ પાસે એક કારચાલકે સાંકડા રસ્તામાં એસયુવી કાર ચલાવીને બાજુમાં પાર્ક કરેલા કેટલાંક વાહનોમાં અડફેટે લીધા હતા. જો કે અકસ્માત બાદ કારચાલક ફરાર થઈ ગઈ હતો.

## ઘી કાંટામાં મેડિકલના વિદ્યાર્થીઓને લઈ જતી AMTS બસ ડિવાઈડર પર ચડી ગઈ

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ મ્યુનિ. ટ્રાન્સપોર્ટ સર્વિસનું જ્યારથી ખાનગીકરણ થયું છે, ત્યારથી ખાનગી ઓપરેટરના તાલીમ વગરના અને કેટલાક બેદરકાર ચાલકોના કારણે અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે.

ત્યારે આજે એએમટીએસની રૂટ નં.૮૨ની મેડિકલ વર્ધીની સિટી બસ વી.એસ. હોસ્પિટલથી વિદ્યાર્થીઓને બેસાડીને શારદાબેન હોસ્પિટલ જઈ રહી હતી, ત્યારે ઘી કાંટા વિસ્તારમાં ટ્રાફિક વચ્ચે અચાનક બેકાબૂ બનેલી બસ ડિવાઈડર પર ચડી ગઈ હતી. સદ્નસીબે આ ઘટનામાં કોઈને ઈજા પહોંચી નથી. એએમટીએસના સૂત્રોના જણાવ્યા અનુસાર સ્ટીયરિંગ લોક થઈ જવાના કારણે આ ઘટના ઘટી હતી. બનાવ સંદર્ભે બસના ઓપરેટરને રૂ.૨૦ હજાર પેનલ્ટી ફટકારવામાં આવી છે.

ગોતા, બોપલ, બોડકદેવ સહિતના વિસ્તારોમાં

# અમદાવાદમાં જુલાઈના જળબંબાકારમાં ૩૧ લાખના ફૂડ પેકેટનું કહેવાતું વિતરણ

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદમાં જુલાઈ મહિનામાં વરસેલા ભારે વરસાદમાં શહેરમાં જળપ્રલય જેવી સ્થિતિ સર્જાઈ હતી. માર્ગો પર પાણી ભરાતા ગોતા, બોડકદેવ, બોપલ, શેલા, નિકોલ,વસ્ત્રાલ સહિતના વિસ્તારોમાં લોકો ઘરમાં પુરાયા હતા. ત્યારે ચાર દિવસમાં મ્યુનિ. દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને નાસ્તા અને ભોજનના ૪૦, ૩૯૭ પેકેટનું વિતરણ કરાયું હતું.

## મારૂતિનંદન અને સમ્રાટ પર આરોગ્ય વિભાગ ઓળઘોળ ૪૦ હજારથી વધુના ફૂડ પેકેટના બીલ મંજૂર કર્યા

અમદાવાદમાં જુલાઈ મહિનાની ૨૩ તારીખે એક જ દિવસમાં અનરાધાર ૧૫ ઈંચ જેટલો વરસાદ વરસતા પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. કેટલાક વિસ્તારમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. તેવામાં શેલા, ગોતા, બોપલ ગામ, શાહીબાગ, અસારવા, વિરાટનગર, દાણીલીમડા, ગોમતીપુર, જોધપુર, થલતેજ સહિતના વિસ્તારોમાં અસરગ્રસ્તોને ૨૪ અને ૨૫ તારીખે સવારે તેમજ સાંજે મ્યુનિ. તંત્ર દ્વારા નાસ્તા અને ભોજનના પેકેટનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત ૩૧ તારીખે વરસેલા વરસાદ બાદ ફરીવાર કેટલાક વિસ્તારના માર્ગો જળબંબાકાર થતા લોકોને નાસ્તાના પેકેડ પહોંચાડવામાં આવ્યા હતા. આમ ત્રણથી ચાર દિવસમાં કુલ ૪૦ હજારથી વધુ પેકેટનું વિતરણ કરાયું હતું. ત્યારે અઢી મહિના બાદ મ્યુનિ. દ્વારા ફૂડ પેકેટનું રૂ. ૩૧.૩૧ લાખનું બિલ આજે મળેલી હેલ્થ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી સમક્ષ મંજૂરી માટે મુકાયું હતું. જેમાં સૌથી વધુ ૧૪,૮૬૦ ફૂડ પેકેટ મારુતિનંદન પાસેથી ખરીદવામાં આવ્યા હતા.

**કઈ કંપનીના કેટલા પેકેટ?**

| | |
|---|---|
| મારુતિનંદન | ૧૪,૮૬૦ |
| સમ્રાટ | ૧૧,૭૦૦ |
| રંગોલી | ૬૯૦૦ |
| મહારાજ | ૬૧૭૭ |
| ગ્વાલિયા | ૫૬૦ |

ભેળસેળિયાઓને પકડવાના બદલે ફૂડ ખાતાના સલાહ-સૂચન

# ફાફડામાં ચણાના લોટ સાથે મકાઈ, ચોખા કે વટાણાના લોટની ભેળસેળ!

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ શહેરમાં દશેરાના પર્વમાં હજારો કિલો ફાફડા-જલેબી લોકો આરોગી જાય છે. ભેળસેળિયા તત્વો સામે કડક પગલાં લેવાની સૂચના સ્થાયી તેમજ હેલ્થ કમિટી દ્વારા આપવામાં આવી છે. ત્યારે કડક કાર્યવાહી કરવાના બદલે મ્યુનિ.ના ફૂડ વિભાગે વેપારીઓને સુફિયાણી સલાહો આપીને સંતોષ માની લીધો છે.

## કાયદા તો અમલમાં છે જ, પરંતુ પાલન કોણ કરાવશે? રૂ.૬૦૦થી ૮૦૦ સુધીના ભાવ બાદ પણ ભેળસેળ

અમદાવાદ શહેરમાં દશેરાના પર્વમાં લગભગ શેરીએ શેરીએ ફાફડા-જલેબીના સ્ટોલ ઉભા થશે. આગલા દિવસથી જ લોકો ખરીદી કરવા માંડશે. અમુક દુકાનો બહાર તો લાંબી કતારો લાગે છે. એક કિલો ફાફડા પેટે લોકો પાસેથી રૂ.૬૦૦થી ૮૦૦ સુધીની તોતિંગ રકમ વસૂલવા છતાં અમુક ભેળસેળિયા તત્વો વધારે નફાખોરી કરવા માટે ચણાના લોટ સાથે મકાઈ, ચોખા કે વટાણાના સસ્તા ભાવના લોટની ભેળસેળ કરે છે. આવી રીતે જ જલેબીમાં હાનિકારક કલર અને ચોખ્ખા ઘીના નામે અનેક જગ્યાએ નકલી ઘીનો વપરાશ થાય છે. આ સિવાય વાસી ચટણી, સંભારો સહિતની વસ્તુઓ પણ જાહેર આરોગ્યને જોખમમાં મુકે છે. આવા તત્વો સામે ઝુંબેશ રૂપે દાખલારૂપ પગલાં લેવાના બદલે મ્યુનિ.ના ફૂડ વિભાગે આજે વેપારીઓને જ તકેદારી રાખવાની સૂફિયાણી સલાહો ઠપકારી દીધી છે. ભેળસેળ કરતા તમામ તત્વોને આ નિયમો અને કાયદા અમલમાં હોવાનો ખ્યાલ છે જ, છતાં ભેળસેળ કરી રહ્યા છે. આવા તત્વો સામે કડક પગલાં સિવાય કોઈ વિકલ્પ નથી.

**ફૂડ વિભાગની સુફિયાણી સલાહો...**

* ઉપયોગમાં લેવાયેલા તત્વોની સાચી માહિતી ગ્રાહકોને આપવી
* ગુણવત્તાવાળા કાચા માલનો ઉપયોગ કરવો
* વારંવાર તળેલા ખાદ્ય તેલનો ઉપયોગ કરવો નહીં
* સ્વચ્છતા અને હાઈજીનની જાળવણી કરવી
* રાંધેલા ખાદ્ય પદાર્થોનો યોગ્ય રીતે સંગ્રહ કરવો
* એફએસએસએઆઈનું લાયસન્સ કે રજિસ્ટ્રેશન કરાવવું
* ખાદ્ય સુરક્ષા અને નિયમોનું પાલન કરવું

અમદાવાદ ઈન્ટરનેશન એરપોર્ટ પરથી

# આબુધાબીથી આવેલાં મુસાફર પાસેથી દાણચોરીનું ૪૨ લાખનું સોનું ઝડપાયું

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી આબુધાબીથી આવેલા એક મુસાફર પાસેથી દાણચોરીવાળું ૪૨ લાખનું સોનું કસ્ટમ વિભાગે કબજે કર્યું છે. મુસાફર સોનાના તારને રેડિયમનું પડ લગાવી ટ્રોલી બેગમાં છૂપાવી સોનાની હેરફેર કરતો હતો.

## મુસાફર સોનાના તારને રેડિયમનું પડ લગાવી ટ્રોલી બેગમાં છૂપાવી હેરફેર કરતો હતો

અમદાવાદના સરદાર વલ્લભભાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગ દ્વારા આબુધાબીથી આવેલા શંકાસ્પદ મુસાફરની બેગ તપાસી હતી. જેમાં સ્ક્રૂ વડે લગાવવામાં આવેલી ધાતુની પટ્ટીઓ શંકાસ્પદ જણતાં તેની ચકાસણી કરવામાં આવી હતી. તે દરમિયાન બેગમાંથી ૪૨ લાખનું દાણચોરીવાળું ૪૨ લાખનું સોનું મળી આવ્યું હતું. જોકે સોનું ક્યાંથી લવાયું અને ક્યાં આપવાનું હતું, સોનાની હેરફેર પાછળનો હેતુ શું હતો તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. જેથી કસ્ટમ્સ વિભાગે સોનું કબજે કરી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પાનાં : ૨૪+૧૬ કિંમત : રૂા. ૫-૦૦** તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ શનિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૭ વર્ષ : ૯૪, અંક : ૨૮૨ ▸ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

### પાંચ રાજ્યોની ચૂંટણી પહેલા કેન્દ્રના નિર્ણયની શક્યતા

## નવેમ્બરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધવાની આશંકા : અર્થશાસ્ત્રીનો દાવો

નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકારે શુક્રવારે પેટ્રોલની નિકાસ પર લાગતો વિન્ડફોલ ટેક્સમાં પાંચ ગણો વધારો કર્યો છે જ્યારે ડીઝલની નિકાસ પર ટેક્સમાં મોટો કાપ

(અનુસંધાન ૧૧મે પાને)

### પેટ્રોલની નિકાસ પરનો વિન્ડફોલ ટેક્સ પાંચ ગણો વધારી રૂ. ૨.૫૦, ડીઝલમાં ઘટાડી રૂ. ૮.૫૦ કરાયો

### બંધારણીય સુધારા માટે કુલ ૩૬૦ સાંસદોના સમર્થનની જરૂર

# મહિલા અનામત-સીમાંકન બિલ માટે વિશેષ સત્રની તૈયારી

નવી દિલ્હી, તા. ૧૬

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને એસઆઈઆરના વિરોધ વચ્ચે કેન્દ્ર સરકાર આ મહિનાના અંત સુધીમાં સંસદમાં વિશેષ સત્ર બોલાવી શકે છે. મહિલા અનામત અને લોકસભાની બેઠકોના સીમાંકનના બિલોને લઈને સરકાર આ વિશેષ સત્ર બોલાવવાની તૈયારીમાં છે. કેમ કે સરકારને એવો વિશ્વાસ છે કે સંસદમાં તેની પાસે બિલ પસાર કરાય એટલી બહુમત થઈ જશે.

## બિલ પસાર કરવા ટીએમસી, શિવસેનામાંથી આવેલા ૨૬, એનસીપીના આઠ સાંસદોનો ટેકો મળવાની સરકારને આશા

આ પહેલા બજેટ સત્ર દરમિયાન ૧૭મી એપ્રીલના લોકસભા અને વિધાનસભાઓમાં મહિલા અનામત લાગુ કરવા તેમજ તેની સાથે જ જોડાયેલ લોકસભાની બેઠકોના સિમાંકન માટેના બિલો પસાર નહોતી કરાવી શકી. કેમ કે તે સમયે સરકાર પાસે સંસદમાં બહુમતનો આંકડો નહોતો. બંધારણીય સુધારા માટે સંસદમાં બહુમતની જરૂર હોય છે. હાલ આ બિલ પાસ કરાવવા માટે સરકારને ૩૬૦ બેઠકોની જરૂર છે. લોકસભામાં હાલ ૫૪૦ બેઠકો છે. તૃણમુલ કોંગ્રેસ તેમજ શિવસેના (યુબીટી)ના સાંસદોએ સત્તાપક્ષમાં સામેલ થઈને સંસદના આંકડામાં મોટો ફેરફાર કરી નાખ્યો છે.

વર્તમાન એનડીએ પાસે સંસદમાં બહુમત તો છે પરંતુ આ બિલ પસાર કરવા માટે જોઈએ એટલા આંકડા નથી. તાજેતરમાં જ તૃણમુલ કોંગ્રેસના ૨૦ અને શિવસેનાના છ સાંસદો સત્તાપક્ષમાં ભળી ગયા હતા. એવામાં સરકારને હાલ શરદ પવારના પક્ષ એનસીપી પાસેથી પણ ટેકો મળવાની આશા છે જેના આઠ સાંસદો છે.

બીજી તરફ કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ મુદ્દે ફરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. ચોમાસુ સત્રથી અત્યાર સુધી ખડગે મોદીને ચોથી વખત પત્ર લખી ચુક્યા છે. ખડગેએ કહ્યું છે કે

(અનુસંધાન ૧૦મે પાને)

### કેન્દ્ર ફરી બિલ પર બુલડોઝર ફેરવવાનું કામ ના કરે, સર્વપક્ષીય બેઠક યોજી સીમાંકન પર ચર્ચા કરે : ખડગેનો મોદીને ચોથો પત્ર

### ઈટાલી, આર્જેન્ટિનામાં જેન-ઝીના પ્રદર્શનો



ફ્રાંસમાં શરૂ થયેલા પ્રદર્શનો અન્ય દેશોમાં ફેલાઈ રહ્યા છે. ઈટાલીમાં 'નો મેલોની ડે' પ્રદર્શનો યોજાયા હતા. જેમાં, દેશમાં મેલોની સરકાર વિરૂદ્ધ માર્ચ કાઢવામાં આવી હતી. આ માર્ચ હિંસક બની હતી. અનેક સ્થળોએ આગજની અને હિંસા ફેલાઈ હતી. અનેક સ્થળોએ પોલીસ સાથે પ્રદર્શનકારીઓનું ઘર્ષણ પણ થયું હતું. ઈટાલીમાં સ્કૂલોની હાલતની સાથે સાથે શિક્ષણ માટે વધુ ફંડ માંગવામાં આવી રહ્યું છે. બીજી તરફ, આર્જેન્ટિનામાં પણ જેન-ઝીના પ્રદર્શનો થયા હતા. જેમાં, યુનિવર્સિટીઝના હજારો વિદ્યાર્થીઓએ સરકારની નીતિઓનો વિરોધ કર્યો હતો. આર્જેન્ટિનામાં પણ પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે હિંસાની ઘટનાઓ સામે આવી હતી.

### અનેક યુઝર્સે સોશિયલ મીડિયા પર માહિતી આપી

## મેટાના સ્માર્ટ ગ્લાસિસ સ્લીપ મોડમાં પણ રેકોર્ડિંગ કરતા હોવાની ફરિયાદો

કેલિફોર્નિયા, તા.૧૬

માર્ક ઝકરબર્ગની કંપની મેટાએ લોન્ચ કરેલા મેટા સ્માર્ટ ગ્લાસિસ યુઝરની જાણ વિના વાતચીત રેકોર્ડ કરતા હોવાની ફરિયાદો સામે આવી છે. મેટાના સ્માર્ટ ગ્લાસિસના કેટલાક યુઝર્સે દાવો કર્યો છે કે, હે મેટા...બોલ્યા વગર એઆઈ આસિસ્ટન્ટ એક્ટિવ થઈ જાય છે. તેમની સામાન્ય વાતચીતના ઓડિયો રેકોર્ડિંગ અને ટ્રાન્સક્રિપ્ટ મેટા એઆઈ એપમાં જોવા મળ્યા હતા.

એક યુઝરે સોશિયલ મીડિયા સાઈટ પર દાવો કર્યો હતો કે, મેટા સ્માર્ટ ગ્લાસિસના સેકન્ડ અને થર્ડ જનરેશનના મોડલમાં રેકોર્ડિંગની સમસ્યા જોવા મળી હતી. ઘણા યુઝર્સની વાતચીત ટ્રાન્સક્રિપ્ટ એપની હિસ્ટ્રીમાં જોવા મળી હતી. ઘણા યુઝર્સે એઆઈ આસિસ્ટન્ટ એક્ટિવ કર્યા વિના એક્ટિવ રહેતું હોવાની ફરિયાદો કરી હતી.

ઉલ્લેખનીય છે કે, મેટાના સ્માર્ટ ગ્લાસિસમાં કેમેરા, માઈક્રોફોન અને એઆઈ આસિસ્ટન્ટની સુવિધા છે. તેના યુઝર્સ હાથનો ઉપયોગ કર્યા વિના

(અનુસંધાન ૧૦મે પાને)

### AI આસિસ્ટન્ટ કોઈપણ સમયે એક્ટિવ થઈ જાય છે યુઝર્સની વાતચીતના ઓડિયો રેકોર્ડિંગ મળી આવ્યા

### આસામમાં ૧૩ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્તઃ પાંચની ધરપકડ

આસામના બે જિલ્લામા ૧૩ કરોડ રુપિયાનું ડ્રગ્સ જપ્ત કરીને પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ એક્સ પર જણાવ્યું હતું કે ગુવાહાટીમા ૮ કરોડ રુપિયાનું ડ્રગ્સ જપ્ત કરવા સાથે બે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે નાગાંવ પોલીસે ૫ કરોડ રુપિયાનું કોકિન જપ્ત કરીને ૩ લોકોની ધરપકડ કરી હતી. આસામમા છેલ્લા બે સપ્તાહથી ડ્રગ્સ સામે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે જેમાં અત્યાર સુધીમાં ૧૨૫.૦૫ કરોડ રુપિયાનું ડ્રગ્સ જપ્ત કરાયું છે. મુખ્યમંત્રીએ વધુમાં લખ્યું હતું કે ગુવાહાટી પોલીસે ડ્રગ્સના નેટવર્કને તોડી પાડવા કાર્યવાહી કરતા ૮ કરોડની કિંમતનું ૧,૦૫૬ કિલોગ્રામ સંદિગ્ધ નશીલી દવા જપ્ત કરવા સાથે બે લોકોની ધરપકડ કરી છે.

### દિલ્હીની વાત

#### નરેન્દ્ર મોદીની સૌથી વધુ ત્રણ ચિંતાઓ

નવીદિલ્હી, તા. ૧૬

છેલ્લા થોડા દિવસોથી જે રીતે વિરોધ પક્ષો આક્રમક બન્યા છે ત્યાર પછી નરેન્દ્ર મોદીની ચિંતામાં વધારો થયો છે. દેશની રાજધાની દિલ્હીમાં દરરોજ વિવિધ પક્ષો કે કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ આંદોલનો કરી રહ્યા છે અને સત્તાપલટો કરવાની જાહેરમાં માંગણી થઈ રહી છે. આ બાબતે સોશ્યલ મીડિયા સહીત તમામ મીડિયામાં બહોળી પ્રસિદ્ધ મળી રહી છે. મોદી સરકારના સમર્થકો આ બાબતે કાઉન્ટર કરે છે, પરંતુ નેરેટીવ મોદી સરકારની વિરુદ્ધ જઈ રહ્યો છે. મોદીની બીજી ચિંતા છે એનડીએ ગઠબંધનમાં પડતી તિરાડો. ગઠબંધનના નાના પક્ષોએ પણ સરકાર

(અનુસંધાન ૧૦મે પાને)

### એઆઈ ટેકનોલોજીમાં મોનોપોલી સર્જવાનો ચીનનો વ્યૂહ

## ચીન એઆઈ, સોલર, બાયોટેક જેવી ૧૪ ટેકનોલોજીની નિકાસ પર પ્રતિબંધ મૂકશે

(પીટીઆઈ) બેઈજિંગ, તા. ૧૬

ચીનની સરકારે એક નવો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનીજોની નિકાસ પર પ્રતિબંધ મૂક્યા પછી હવે ચીન એઆઈ, બાયોટેકનોલોજી, સોલર પાવર ટેકનોલોજી જેવા મહત્ત્વના સેક્ટરની પ્રોડક્ટની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનું વિચારે છે. ચીન આ પ્રકારની ટેકનોલોજીની નિકાસ અટકાવીને મોનોપોલી સર્જવા માંગે છે.

### ચીને અગાઉ દુર્લભ ખનીજોની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો, મહત્ત્વની ૨૬ ટેકનોલોજીની પ્રોડક્ટને અસર થશે

ચીનના વેપાર અને વિજ્ઞાન વિભાગે સંયુક્ત રીતે એક ડ્રાફ્ટ રજૂ કર્યો છે. ચીને એમાં એવો પ્રસ્તાવ મૂક્યો છે કે એઆઈ, સોલર પાવર, બાયોટેકનોલોજી, જીન થેરપી, સ્ટેમ સેલ સહિતની જે મહત્ત્વની ટેકનોલોજી છે તે દેશના હિતમાં જ રહે તે માટે નિકાસ અટકાવવી જોઈએ. તેનાથી લાંબાગાળે દેશને ફાયદો થશે. ચીનની સરકાર વિશ્વમાં એવું બતાવવા નથી માંગતી કે આ નિર્ણય સરકારે અચાનક લઈ લીધો છે. ડિપ્લોમેટિક બાબતમાં પ્રજામતથી નિર્ણય લેવાયો હોવાનું કહી શકાય તે માટે ચીને આગામી એક માસ માટે લોકોનો ઓપિનિયન મંગાવ્યો છે. એ ઓપિનિયનના આધારે ચીન ૧૪ સેક્ટર્સની કુલ ૨૬ ટેકનોલોજિકલ પ્રોડક્ટની નિકાસ બંધ કરવા ધારે છે.

આવતા વર્ષે જાન્યુઆરીથી આ નિકાસ અટકવવાની ચીનની ગણતરી છે.

(અનુસંધાન ૧૧મે પાને)

### ભારતની પ્રથમ અંતરિક્ષ વેધશાળાએ ૧૧ વર્ષ પૂરાં કર્યાં

## ઈસરોની એસ્ટ્રોનોમી સેટેલાઈટ ઓબ્ઝર્વેટરી બ્રહ્માંડનાં રહસ્યો ઉકેલવામાં નાસા કરતાં પણ સચોટ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ,તા.૧૬

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન( ઈસરો) ની પહેલી એસ્ટ્રોનોમી સેટેલાઈટ(એસ્ટ્રોસેટ) ઓબ્ઝર્વેટરી( વેધશાળા) એ ૨૦૨૬ની ૨૮, સપ્ટેમ્બરે તેની સંશોધન કામગીરીનાં ૧૧ વર્ષ સફળતાપૂર્વક પૂરાં કર્યાં છે. એસ્ટ્રોસેટ આમ તો એક સેટેલાઈટ છે પણ તેની સંશોધન કામગીરી એક અત્યાધુનિક વેધશાળા જેવી છે.

* એસ્ટ્રોનોમી સેટેલાઈટ વેધશાળાનો હેતુ : પાંચ અત્યાધુનિક સ્પેસ ટેલિસ્કોપ્સ :





ઈસરોએ અત્યારસુધીમાં રિમોટ સેન્સિંગ સેટેલાઈટ્સ (ભારતના ભૂગર્ભમાંનાં ખનિજ તત્વો, જળ ભંડાર, હવામાનની આગાહી) અને કમ્યુનિકેશન્સ સેટેલાઈટ્સ (સંદેશા વ્યવહાર, કમ્પ્યુટર,બેન્કિંગ સેવા) તરતા મૂકીને ભારતમાં વિવિધ ક્ષેત્રની સુવિધા વિકસાવી છે. જોકે ભારત વિશ્વના અન્ય દેશની સરખમાણીએ અંતરિક્ષ સંશોધનના ક્ષેત્રમા પણ મહત્વનું યોગદાન આપી શકે છે તેવા હેતુસર એસ્ટ્રોનોમી સેટેલાઈટ તરતો મૂકવામાં આવ્યો છે. સરળ રીતે સમજીએ તો એસ્ટ્રોસેટનો હેતુ કલ્પનાતીત ઉષ્ણાતામાન ધરાવતા બ્રહ્માંડમાં, આપણા સૂર્ય કરતાં ૨૦, ૫૦,૧૦૦ ગણા વધુ મોટા તારામાં, આકાશગંગાઓમાં હરપળે થતા પ્રચંડ વિસ્ફોટનો ગહન સંશોધનાત્મક અભ્યાસ કરવાનો છે.

### વિશ્વમાં ૫૩૯ સંશોધન પણ રજૂ થયાં છે

૨૦૧૫ની ૨૮, સપ્ટેમ્બરે પોલાર સેટેલાઈટ લોન્ચિંગ વેહિકલ (પીએસએલવી) - વી - સી- ૩૦ રાકેટ દ્વારા અંતરિક્ષમાં ૬૫૦ કિલોમીટરના અંતરે તરતા મૂકાયેલા એસ્ટ્રોનોમી સેટેલાઈટમાં અલ્ટ્રાવાયોલેટ ઈમેજિંગ ટેલિસ્કોપ (યુવીઆઈટી), સોફ્ટ એક્સ -રે ટેલિસ્કોપ (એસએક્સટી), સ્કેનિંગ એક્સ -રે સ્કાય મોનિટરિંગ (એસએસએમ), લાર્જ એરિયા ઝેનન પ્રપોશનલ કાઉન્ટર (એલએએક્સપીસી), કેડેમિયમ ઝીન્ક ટેલ્યુરાઈડ ઈમેજર (સીઝેડટીઆઈ) એમ કુલ પાંચ અત્યાધુનિક સ્પેસ

(અનુસંધાન ૧૦મે પાને)

### એસ્ટ્રોનોમી સેટેલાઈટે બ્રહ્માંડમાં નવા જન્મતા તારાથી માંડીને સુપરનોવા, બાઈનરી સિસ્ટમ, વ્હાઈટ ડ્વાર્ફ અને અતિ દૂરની ગેલેક્સીઝ સુધીનું સંશોધન કર્યુ



### આઈઆરસીટીસી અને ક્યુસીઆર વચ્ચે કરાર થયો

# ટ્રેનમાં મુસાફરોને ભોજન થાળીમાં પહોંચે તે પહેલાં હવે તપાસ થશે

અમદાવાદ, શુક્રવાર

લાંબી મુસાફરી દરમિયાન ટ્રેનમાં મળતું ભોજન અનેક મુસાફરો માટે અનિવાર્ય હોય છે. પરંતુ ભોજનની ગુણવત્તા કેવી છે, તે સ્વચ્છ જગ્યાએ તૈયાર થાય છે કે નહીં અને ખાદ્ય સામગ્રી યોગ્ય રીતે સચવાય છે કે નહીં તેની ચિંતા પણ મુસાફરોને રહેતી હોય છે. આવી સ્થિતિમાં રેલવેએ ભોજનની ગુણવત્તા અને સ્વચ્છતાની તપાસ વધુ કડક બનાવવાની દિશામાં પગલું ભર્યું છે.

## જાણ કર્યા વિના ટ્રેન,સ્ટેશન પર અચાનક તપાસ થશે, ભોજનની ગુણવત્તા અંગે ૨૪ કલાકમાં રિપોર્ટ અપાશે

રેલવેમાં મુસાફરોને પીરસવામાં આવતા ભોજનની ગુણવત્તા જળવાય તે માટે આઈઆરસીટીસી અને ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા વચ્ચે કરાર કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થા હેઠળ ટ્રેનોમાં ભોજન પૂરું પાડતા એકમો અને રેલવે સ્ટેશનો પરના ખાણીપીણીના કેન્દ્રોની તપાસ કરાશે. તપાસ દરમિયાન ભોજન બનાવવાની જગ્યાએ સ્વચ્છતા, ખાદ્ય સામગ્રીનો સંગ્રહ, કર્મચારીઓની સ્વચ્છતા અને ભોજન યોગ્ય રીતે સચવાય છે કે નહીં તેની ચકાસણી કરાશે. સ્થળ પરની વાસ્તવિક સ્થિતિ જાણી શકાય તે માટે અગાઉથી જાણ કર્યા વિના તપાસ કરવામાં આવશે. નિરીક્ષણ દરમિયાન તસવીરો સહિતના પુરાવા ડિજિટલ માધ્યમથી નોંધવામાં આવશે. તપાસ પૂર્ણ થયા બાદ ૨૪ કલાકમાં અહેવાલ રજૂ કરવાનો રહેશે. જો કોઈ જગ્યાએ સ્વચ્છતા કે ભોજનની ગુણવત્તામાં ખામી જણાશે તો સંબંધિત કેટરિંગ સંચાલક સામે સુધારાત્મક અથવા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### લેબર લૉ પ્રેક્ટિશનર્સ સહિતના મંડળોની ચીમકી

# ન્યાયિક સત્તા લેબર કોર્ટોને પાછી ન મળે ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે

અમદાવાદ, શુક્રવાર

**ગુજરાતમાં નવા લેબર કોડની જોગવાઈઓના વિરોધમાં અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરેલા ગુજરાત રાજ્યની તમામ લેબર કોર્ટો અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટોના વકીલોના આંદોલનને પગલે આજે સતત ચોથા દિવસે આક્રોશિત વકીલોએ કામદારોના બાકી પગાર, કાનૂની હક્કો અને તેમની નોકરીની સુરક્ષા સહિતના મુદ્દાઓને લઈ શ્રમ ભવન અને અપનાબજાર બહુમાળી બિલ્ડિંગ બહાર ઉગ્ર દેખાવો અને સૂત્રોચ્ચારના વિરોધ કાર્યક્રમો યોજ્યા હતા.**

## સતત ચોથા દિવસે રોષે ભરાયેલા વકીલોએ સૂત્રોચ્ચાર-દેખાવો કર્યા : કોર્ટ કામગીરી ઠપ

બીજીબાજુ, વિવિધ ટ્રેડ યુનિયન્સ અને લેબર લૉઝ પ્રેક્ટીશનર્સ એસોસીએશન, ઓલ ગુજરાત લેબર લૉઝ પ્રેક્ટીશનર્સ ફેડરેશનના અચોક્કસ મુદતની હડતાળને પગલે અમદાવાદ સહિત રાજયભરની લેબર કોર્ટો અને ઈન્ડસ્ટ્રીયલ કોર્ટોમાં આજે સતત ૪થા દિવસે પણ કોર્ટ કામગીરી ઠપ્પ રહી હતી. ગરીબ કામદારો, રોજમદારો અને મજૂરોના હજારો કેસોને ગંભીર અસર થઈ રહી છે તેમછતાં સરકારના પેટનું પાણી હાલતું નથી.

આજે પણ વિવિધ ટ્રેડ યુનિયન્સ અને લેબર લૉઝ પ્રેક્ટીશનર્સ એસોસીએશન, ઓલ ગુજરાત લેબર લૉઝ પ્રેક્ટીશનર્સ ફેડરેશનના વકીલ આગેવાનોની બેઠકો યોજાઇ હતી, જેમાં આગામી સપ્તાહમાં અમદાવાદ ભદ્ર કોર્ટથી ગાંધીનગર સુધી વકીલોની વિશાળ બાઇક રેલી યોજવાનો આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાનો સૂર વ્યકત થયો હતો. આજે રાજયના વિવિધ જિલ્લા-તાલુકા કક્ષાએ પણ વિવિધ લેબર કોર્ટ બાર એસોસીએશનોએ ખુલ્લા સમર્થનના પત્રો અને ઠરાવ જારી કરી આંદોલનને ઉગ્ર બનાવવાની હાકલ કરી હતી. જિલ્લા-તાલુકા કક્ષાએ પણ વકીલો દ્વારા સૂત્રોચ્ચાર, દેખાવો-ધરણાંના કાર્યક્રમો યોજાયા હતા.

### ૩ હજાર કરોડના ડ્રગ્સ કેસમાં પાંચેય પાકિસ્તાની રિમાન્ડમાં

અમદાવાદ, શુક્રવાર

રૂ.૩૦૦૦ કરોડના ડ્રગ્સ કેસમાં પકડાયેલા પાંચ આરોપીઓને ચુસ્ત પોલીસ જાપ્તા સાથે ગુજરાત એટીએસ દ્વારા આજે મેટ્રો.કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટે તમામ પાંચ પાકિસ્તાની આરોપીઓને ૧૩ ઓક્ટોબર સુધી રિમાન્ડ પર સોંપવા આદેશ કર્યો હતો. એટીએસની તપાસમાં એવો ખુલાસો થયો છે કે, ઈરાનથી ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ બોટમાં ભરીને તમિલનાડુની બોટને કન્સાઈનમેન્ટ સોંપવાનું કાવતરું હતું.

બીજીબાજુ, પકડાયેલા પાકિસ્તાનીઓ પાસેથી ડ્રગ્સ માફિયાઓની લિંક અને હવાલા કાંડ સંદર્ભે પોલીસે તપાસ શરૂ કરી છે. તો, કેસની ગંભીરતા જોતાં એનઆઈએ સહિતની એજન્સીઓ તપાસમાં જોડાશે.

### પોલીસે પોતાના બચાવ માટે એડવોકેટ સામે ફરિયાદ કરી

અમદાવાદ,શુક્રવાર

પોલીસ તંત્ર અને સરકારી સિસ્ટમની પોલ ખોલતા વીડિયો વાયરલ કરી સામાજિક કાર્યકર તરીકેની ભૂમિકા ભજવતા એડવોકેટ મેહુલ બોઘરા વિરૂધ્ધ સુરતના સરથાણા પોલીસમથકના આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર દ્વારા નોંધાવાયેલી એફઆઈઆર ગુજરાત હાઈકોર્ટે રદબાતલ ઠરાવી છે. હાઈકોર્ટે એડવોકેટ મેહુલ બોઘરા દ્વારા કરાયેલી ક્વોશિંગ પિટિશન ગ્રાહ્ય રાખતાં આ હુકમ કર્યો હતો. હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ટાંકીને નોંધ્યું હતું કે, જાહેર રસ્તા પર દિવસના સમયે ફેસબુક લાઈવ કરી રહેલી વ્યક્તિ એકસાથે લાઈવ સ્ટ્રીમિંગ પણ કરે અને પોલીસ પાસે ખંડણી પણ માંગે અથવા હુમલો કરે, તે વાત અત્યંત અસંભવ, અસંગત અને ગળે ન ઉતરે તેવી છે.







## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) યુગ ધર્મેન્દ્રભાઈ(૯૦ ટકાના હિસ્સેદાર) તથા (૨) ધર્મેન્દ્રભાઈ મનુભાઈ(૧૦ ટકાના હિસ્સેદાર), બંને રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીક્ટ અને તાલુકા ધોળકાના ગામ મોજે ગાણોલની સીમના રી-સર્વે અનુસારના સર્વે/ બ્લોક નંબર-૩૧૮ (જુના સર્વે/ બ્લોક નંબર-૧૪૫ પૈકી ૨)ના ખાતા નંબર-૬૪૯ની હે-આરે-ચોમી ૨-૧૩-૧૦ યાને કે ૨૧૩૧૦ ચોરસમીટરની ખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, સહિયારી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૧૬-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.


## વાત વાતમાં

### ગરબામાં ખતરનાક ખેલૈયા !

નવરાત્રિમાં ગરબે ઘુમનારા અમુક નમૂનાઓની બહુ ખતરનાક સ્ટાઈલો હોય છે ! જરા ધ્યાનથી જોજો...

* * *

અમુક લોકો દાંડીયા એ રીતે ગોળગોળ ફેરવે છે કે જાણે બે હાથમાં બે સિલિંગ ફેન લઈને ફરતા હોય !

* * *

અમુક બહેનો બે હાથ વડે પોતાનો મોટા ઘેરવાળો ઘાઘરો એ રીતે ફેરવતાં હોય છે કે જાણે એને ઝડપથી સૂકવવાનો હોય !

* * *

અમુક બાઘડાઓ ઉછળી ઉછળીને એ રીતે હાથ ફંગોળતા હોય છે કે જાણે એ નીરજ ચોપરાની જેમ અહીં ભાલા-ફેંક કરવા માટે આવ્યા હોય !

* * *

અને બીજા અમુક બાઘડાઓના હાથની એકશન બાઉન્સર મારતા ફાસ્ટ બોલરો જેવી હોય છે !

* * *

એમ તો અમુક જાડીયા તો આળસુ અંપાયરોની જેમ ચોગ્ગાનો ઈશારો કરતાં કરતાં શાંતિથી ચાલતાં ચાલતાં આંટા મારતા હોય છે !

* * *

અમુક સુંદરીઓ પોતાની ગરદન ઊંચી રાખીને એટલું ધીમું ધીમું ફરતી હોય છે કે જાણે જોતી હોય કે બધા મને બરાબર (પ્રોપરલી) જુએ છે તો ખરા ને !

* * *

અમુક ઝનૂની છોકરાઓનાં ટાંટિયા આમથી તેમ એ રીતે પડતા હોય છે કે જાણે અહીં ગરબા રમવા નહીં પણ ફૂટબોલ રમવા આવ્યા હોય !

* * *

અને અમુક તીતીઘોડા જેવાં છોકરાઓ તમને રીતસર 'લંગડી' રમતા દેખાશે !

* * *

તમે ખાસ જોજો, અમુક કાકાઓ ગરબે રમતાં રમતાં રીતસર ચારેબાજુ ડાફોળિયાં મારીને રૂપાળી આન્ટીઓને જ શોધતા દેખાશે !

* * *

પણ અમુક રોમેન્ટિક કપલિયાં થોડી વાર માટે બહુ મસ્ત ગરબા કરતાં દેખાશે... પણ પછી સંતાકૂકડી રમવા માટે ક્યાંક જતાં રહ્યાં હશે !

\- મન્નુ શેખચલ્લી

### સોશિયલ મીડિયામાં પાસ ખરીદતા પહેલાં ચેતજો

# ગરબાના પાસ અડધી કિંમતે આપવાનું કહીને નકલી ટિકિટ પધરાવી છેતરપિંડી

અમદાવાદ,ગુરૂવાર

**નવરાત્રી દરમિયાન વિવિધ ગરબાની ઈવેન્ટના ડુપ્લિકેટ પાસનું ઈન્સ્ટાગ્રામ તેમજ અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વેચાણ કરવામાં આવે છે. ત્યારે અમદાવાદની એક જાણીતી ઈવેન્ટ કંપનીના ગરબાના પાસ ઈન્સ્ટાગ્રામ પર વેચાણ કરવામાં આવતું હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ સેલમાં નોંધવામાં આવી છે. જેમાં છ હજારની કિંમતના પાસ ઉંચા ડિસ્કાઉન્ટથી આપવાનું કહીને અનેક લોકોને નકલી ટિકિટ આપી હતી.**

## ગરબાના સ્થળે ટિકિટ ખરીદનારે ક્યુઆર કોડ સ્કેન કર્યો ત્યારે છેતરપિંડી થયાની જાણ થઈ

શહેરના વસ્ત્રાલમાં રહેતા કિંજનભાઇ પટેલે ફરિયાદ નોંધાવી છે કે તે સિંધુ ભવન રોડ પર આવેલી એક ઈવેન્ટ કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમની કંપની દ્વારા રાંચરડામાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું અને ટિકિટ ઓનલાઈન વેચાણ કરવાની શરૂઆત કરવામાં આવી હતી. આ દરમિયાન તેમને જાણવા મળ્યું હતું કે ઈન્સ્ટાગ્રામમાં વીર રાજપુત નામના વ્યક્તિએ આઈડી બનાવીને ગરબાના છ હજારની ટિકિટ અડધી કિંમતમાં આપવામાં આવતી હતી. જે ટિકિટ ખરીદનારે ક્યુ આર કોડ સ્કેન કર્યો ત્યારે જોયુ તો ડીટેઈલ ઓપન થઈ નહોતી. આ રીતે ઈન્સ્ટાગ્રામ પરથી અનેક લોકો ટિકિટ ખરીદીને છેતરાયા હતા. જે અંગે સાયબર ક્રાઈમ સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ અંગે સાયબર ક્રાઈમ સેલના ડીસીપી લવીના સિન્હાએ જણાવ્યું કે બનાવટી ટિકિટનું વેચાણ વિવિધ પ્લેટફોર્મ પર કરવામાં આવતું હોવાનું સાયબર ક્રાઈમ સેલના ધ્યાનમાં આવ્યું છે. ત્યારે ટિકિટ માત્ર અધિકૃત સાઈટ કે પ્લેટફોર્મની ખાતરી કરીને ખરીદવી. સાથેસાથે આ પ્રકારના ફ્રોડ કરનારની ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ થઈ રહી છે.

### અવસાન નોંધ

**દેસાઈ :** સ્વ. જ્યોત્સનાબેન અજીતભાઈ દેસાઈનું અવસાન થયું છે. ૧૪, શાંતમ એપાર્ટમેન્ટ, સરસ્વતી મંદિર હાઈસ્કૂલ સામે, એલ.જી. કોર્નર, મણિનગર ખાતે.

**પંચોલી :** સ્વ. મહેન્દ્રભાઈ શામળદાસ પંચોલીનું બેસણું, કામેશ્વર હોલ, કામેશ્વર મહાદેવની બાજુમાં, નારણપુરા ખાતે, સવારે ૮થી ૧૧.


**લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ**
**Regd. NI. GAMC 28**

**Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah Regd.NI.GAMC 28**



## જાહેર નોટિસ

**મોજે - ઝોલાપુર**

ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ સાણંદ તાલુકાના મોજે - ઝોલાપુર ગામની સીમનાં બ્લોક નંબર : ૧૦૮૦ ની હે.આરે.ચો.મી. : ૨-૯૯-૪૭ પૈકી હે.આરે.ચો.મી. : ૧-૧૮-૯૦ ની ખેતીની જમીન અમારા અસીલને વેચાણ આપવાના હેતુસર તેના માલિક (૧) કાનુબેન તે રસિકભાઈ કોળીપટેલના વિધવા, (૨) રૂપાભાઈ રસિકભાઈ કોળીપટેલ, (૩) વિનોદભાઈ રસિકભાઈ કોળીપટેલ તથા (૪) મહેશભાઈ રસિકભાઈ કોળીપટેલની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઇનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૭-૧૦-૨૦૨૬

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩



## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૩ (સાબરમતી) ના તાલુકા સાબરમતીના ગામ મોજે ચાંદખેડાની સીમના (એ) સર્વે નંબર-૨૪૯/૧ ની ૮૦૯૪ ચોરસમીટર જમીન તથા (બી) સર્વે નંબર-૨૫૦ પૈકીની ૧૧૦૨૮ ચોરસમીટર જમીન એમ મળીને કુલ્લે ૧૯૧૨૨ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૬૯ (ચાંદખેડા-ત્રાગડ-ઝુંડાલ) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૬/૧ ની ૮૧૯૯ ચોરસમીટર બિનખેતીની જમીન તથા ફાઈનલ પ્લોટ નંબર-૧૬/૨ ની ૩૨૭૬ ચોરસમીટર બિનખેતીની જમીન એમ બંને ફાઈનલ પ્લોટોની મળીને કુલ્લે ૧૧૪૭૫ ચોરસમીટર બિનખેતીની જમીન પૈકી ફાઈનલ પ્લોટ નંબર-૧૬/૧ ની કુલ ૮૧૯૯ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન "SHIVAY REALTY" એ નામની ભાગીદારી પેઢીની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી ભાગીદારી પેઢીના ભાગીદારોએ અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૯૮૯૫
તારીખ : ૧૭-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦


# કોમનવેલ્થ ગેમ્સ માટે ઉદ્યોગોનું શિફ્ટિંગ, લાખો બેરોજગાર થશે, નાના એકમો બંધ પડશે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,શુક્રવાર

અમદાવાદ ખાતે યોજનારા કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ પૂર્વે શહેરની હવા ગુણવત્તા અને પોલ્યુશન કંટ્રોલ કરવાના હેતુસર નરોડા, વટવા, અને ઓઢવ જેવા ઔદ્યોગિક વિસ્તારોના એકમોને ખેડા અથવા શહેરની બહારના વિસ્તારોમાં ખસેડવા-રિલોકેટ કરવા માટે ગુજરાત સરકાર અને સ્થાનિક તંત્ર તરફથી મોકલવામાં આવી રહેલા મેસેજનો અમલ કરવામાં આવે તો અમદાવાદના કુલ નાના અને સૂક્ષ્મ એકમો બંધ પડી જવાની અને લાખો લોકો બેરોજગાર થઈ જવાની અને મધ્યમ કદના ઉદ્યોગોની પણ કમર તૂટી જવાની અને આ થક પાયમાલીના શિકાર બની જવાની દહેશત છે.

## કામદારોના પરિવાર સહિત અંદાજે ૨૦ લાખ લોકોએ સ્થળાંતર કરવું પડશે, બાળકોના શિક્ષણ રઝળશે સાથે નવા રહેઠાણો શોધવા પડશે

આ ઔદ્યોગિક એકમાએ શિફ્ટિંગના કિસ્સામાં નવો પ્લાન્ટ ઊભો કરવા માટે કરોડો રૂપિયાનું નવું મૂડીરોકાણ, જમીન સંપાદન ખર્ચ, જૂના મશીનરીના ડિસ્મેન્ટલિંગ (ઉખાડવા) તથા શિફ્ટિંગનો ખર્ચ, તેમજ પ્રોડક્શન સાયકલ બંધ રહેવાને કારણે થતું કરોડો રૂપિયાનું દૈનિક ટર્નઓવરનું નુકસાન વેઠવાનું આવતા ઉદ્યોગોની કમર તોડી નાખશે. અમદાવાદની નરોડા, વટવા અને ઓઢવ જીઆઈડીસીએ રાજ્યના કેમિકલ, ટેક્સટાઈલ, અને એન્જિનિયરિંગ ઉદ્યોગોનું મુખ્ય કેન્દ્ર છે, જ્યાં લાખો શ્રમિકો પોતાની આજીવિકા મેળવે છે. આ ઔદ્યોગિક વિસ્તારોના એકમોને ખસેડવામાં આવે તો તેની સીધી કામદારોની રોજગારી પર પડશે. અંદાજે ૩ થી ૪ લાખથી વધુ કામદારો પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ધોરણે રોજગારી મેળવી રહ્યા છે. દાણીલીમડા અને અન્ય વિસ્તારના એકમો અને તેમાં નોકરી કરનારાઓને હજી ધ્યાનમાં જ લેવામાં આવ્યા નથી. સમગ્રતયા સ્થાનિક કક્ષાએ મોટો રોજગાર સંકટ ઊભો થવાની આશંકા છે.

### શિફ્ટિંગને બદલે બે માસ અગાઉ એકમો બંધ રખાવી શકાય

કાયમી શિફ્ટિંગની જટિલ કવાયતના બદલે જો કોમનવેલ્થ ગેમ્સના બે માસ પહેલાથી જ ઔદ્યોગિક એકમોને કામચલાઉ ધોરણે બંધ રાખવાની સૂચના આપવામાં આવે, તો તે એક અત્યંત વ્યવહારુ, સસ્તો અને યોગ્ય વિકલ્પ બની શકે છે. દિલ્હીમાં ભાજપની જ સરકારે શિયાળામાં પોલ્યુશનને નિયંત્રણમાં રાખવા માટે ૪૨ દિવસ માટે બાંધકામની અને જૂના બાંધકામ તોડવાની પ્રવૃત્તિ પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. આ સ્થિતિમાં બેથી ત્રણ મહિના માટે અમદાવાદની તમામ જીઆઈડીસીના એકમોને તેમના એકમો બંધ રાખવાની ફરજ પાડી શકાય છે. બે મહિનાના બંધના સમયગાળાનો કામદારોને સંપૂર્ણ પગાર ચૂકવવાનો આ થક બોજ ઊઠાવી લેવા ઉદ્યોગો તૈયાર થશે. બે માસના કામચલાઉ બંધના ગાળા દરમિયાન ઉદ્યોગપતિઓ તેમના કામદારોને સંપૂર્ણ પગાર આપવા પણ તૈયાર છે. નવા સ્થળે ફેક્ટરી શિફ્ટ કરવાના અબજો રૂપિયાના ખર્ચ અને કાયમી નુકસાનની તુલનામાં ખૂબ જ ઓછો હશે.

### બિલ્ડરો પર મુખ્યમંત્રીની રહેમ નજર

બીજું, પ્રદુષણ અટલે કે હવામાં રજકણોની સંખ્યામાં વધારો કરવા માટે સૌથી વધુ કોઈ જવાબદાર હોય તો તે બાંધકામ ઉદ્યોગ જ છે. છતાં તેમની સામે કોમનવેલ્થના સમયગાળામાં કોઈ જ પગલાં લેવાનું આયોજન હોવાનો અત્યારે નિર્દેશ મળતો નથી. ગુજરાત મેન્યુફેક્ચરિંગ સ્ટેટ છે. વટવા, નરોડા અને ઓઢવથી મોટા પાયે ડાયઝ, કેમિકલ્સ અને ટેકસટાઈલની આંતરરાષ્ટ્રીય નિકાસ થાય છે. જો એકમો કાયમી શિફ્ટ થશે તો મહિનાઓ સુધી મેન્યુફેક્ચરિંગ અટકી જતાં વૈશ્વિક ઓર્ડર રદ્દ થઈ શકે છે. પરંતુ બે માસના અગાઉથી આયોજિત શટડાઉનથી ઉદ્યોગો અગાઉથી બફર સ્ટોક તૈયાર રાખીને દેશની નિકાસ પર પડનારી નકારાત્મક અસરોને નહિવત કરી શકે છે.

### બિલ્ડર લોબીને ફાયદો થશે

પ્રબળ આશંકાઓ સેવાઈ રહી છે કે કોમનવેલ્થ ગેમ્સ અને પોલ્યુશન કંટ્રોલ તો માત્ર એક બહાનુ છે, વાસ્તવિક હેતુ અમદાવાદના આ તમામ પ્રાઈમ ઔદ્યોગિક વિસ્તારોમાંથી જીઆઈડીસી ખાલી કરાવીને કરોડો રૂપિયાની કિંમતી જમીનો રિયલ એસ્ટેટ અને બિલ્ડર લાત્બીને સોંપવાનો છે. અમદાવાદ શહેરનો વિકાસ હવે ચારેય તરફ ઝડપથી થઈ રહ્યો છે. નરોડા, ઓઢવ અને વટવા જેવી જીઆઈડીસીઓ જે ભૂતકાળમાં શહેરની બહાર ગણાતી હતી, તે હવે શહેરની મધ્યમાં આવી ગઈ છે. આ ઔદ્યોગિક વિસ્તારોની જમીનો કમ શયલ અને રેસિડેન્શિયલ ઝોનમાં કન્વર્ટ થાય તો બિલ્ડર લાત્બીને કરોડો-અબજો રૂપિયાનો જંગી નફો થઈ શકે તેમ છે. ઔદ્યોગિક વિસ્તારો ખાલી થાય તો અમદાવાદ શહેરને એક સદંતર નવો, મોર્ડન અને આધુનિક અર્બન લૂક મળશે. તેમ જ સુવિધાસભર હાઈરાઈઝ બિલ્ડિંગો, આઈટી પાર્કસ અને ગ્રીન ઝોન બનાવી શકાશે, જેનાથી શહેરનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ચોક્કસપણે સુધરશે. પરંતુ આ વિકાસ લાખો નાના શ્રમિકો અને ઉદ્યોગકારોની આજીવિકાના ભોગે થશે કે કેમ તે મોટો પ્રશ્ન છે.

### સોળથી વીસ લાખ લોકોને સ્થળાંતર કરવું પડશે

આ શિફ્ટિંગ કવાયતને કારણે ચાર જીઆઈડીસીમાં સીધી રોજગારી મેળવતા અંદાજે ૩.૨૭ લાખથી વધુ કામદારોને તેમના પરિવાર સાથે અમદાવાદ શહેર છોડીને ખેડા કે અન્ય દૂરના અંતરિયાળ વિસ્તારોમાં શિફ્ટ થવાની ફરજ પડી શકે છે. તેમના દરેકના પરિવારના સરેરાશ પાંચ સભ્ય ગણવામાં આવે તો અંદાજે ૧૬ લાખથી અને આડકતરી રોજગારી મેળવનારા એક લાખ લોકોના પરિવારના સભ્ય મળીને કુલ ૨૦ લાખ લોકોએ સ્થળાંતર કરવું પડી શકે છે. આ કામદારોનું સ્થળાંતર થવાથી તેમના પરિવાર અને સામાજિક જીવન પર ઘેરી નકારાત્મક અસરો પડશે. કામદારોના બાળકોનું શિક્ષણ બગડશે. સત્રની વચ્ચે શાળા-કોલેજો બદલવી મુશ્કેલ બનશે. ઉપરાંત, નવા વિસ્તારોમાં રહેઠાણ, આરોગ્ય સુવિધાઓ અને અન્ય મૂળભૂત સગવડો ઊભી કરવી પડકારજનક બનશે.

### ફાયર બ્રિગેડ અને પોલીસ કાફલો દોડ્યો

# સરખેજ પાસે ફતેહવાડીમાં ગેસ ગળતર, લોકોમાં અફરા-તફરી

અમદાવાદ,શુક્રવાર

**અમદાવાદના સરખેજ રેલવે સ્ટેશનથી આગળ ધોળકા રોડ પર આવેલા ફતેહવાડી વિસ્તારમાં શંકાસ્પદ ક્લોરિન ગેસ ગળતરની ઘટના સામે આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ છે.**

## લોકોને આંખોમાંથી પાણી નીકળવા માંડ્યા, શ્વાસ લેવામાં તકલીફ : કારણ શોધવા FSLની મદદ લેવાઈ

ગેસ લીકેજના કારણે આસપાસના રહીશોને આંખોમાં તીવ્ર બળતરા અને ખાંસી ઉપડતાં લોકો ભયના માર્યા ઘરોની બહાર દોડી આવ્યા હતા. બનાવ અંગે સ્થાનિકો દ્વારા કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવતાં જ ફાયર બ્રિગેડની ૫થી ૬ ગાડીઓ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને સ્થિતિ કાબૂમાં લેવાની કવાયત હાથ ધરી હતી.

પ્રાથમિક તબક્કે ક્લોરિન ગેસ લીક થયો હોવાની ચર્ચા છે, જોકે ફાયર વિભાગ અને નિષ્ણાતો દ્વારા આ અંગે સત્તાવાર તપાસ ચલાવવામાં આવી રહી છે. સ્થાનિક સૂત્રો પાસેથી મળતી પ્રાથમિક વિગતો મુજબ, સરખેજ-ધોળકા રોડ પર ફતેહવાડી વિસ્તારમાં અચાનક વાતાવરણમાં તીવ્ર વાસ ફેલાઈ ગઈ હતી. જોતજોતામાં વાસ એટલી તીવ્ર બની ગઈ કે લોકોને આંખોમાંથી પાણી નીકળવા લાગ્યા હતા અને શ્વાસ લેવામાં મુશ્કેલી ઊભી થઈ હતી. બનાવની ગંભીરતાને જોતાં ૧૦૮ની ટીમો દ્વારા અસરગ્રસ્તોને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. ફાયર વિભાગ દ્વારા ગેસ ક્યાંથી અને કયા ોતમાંથી લીક થઈ રહ્યો છે તે શોધવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.ક્લોરિન ગેસ સામાન્ય રીતે પાણી શુદ્ધીકરણ પ્લાન્ટ, કેમિકલ પ્રોસેસિંગ યુનિટ્સ અથવા ઔદ્યોગિક વપરાશમાં ઉપયોગમાં લેવાય છે. ફતેહવાડી વિસ્તારમાં કોઈ સ્ક્રેપના ગોડાઉનમાં જૂનો સિલિન્ડર કાપતી વખતે આ લિકેજ થયું છે, કોઈ અનધિકૃત ફેક્ટરીમાંથી વાલ્વ લીક થયો છે કે રોડ પરથી પસાર થતાં વાહનમાંથી આ અસરો ઊભી થઈ છે તે દિશામાં ફાયર ઓફિસરો ગેસ ડિટેક્શન કીટ સાથે તપાસ કરી રહ્યા છે.

### સહરસા એક્સપ્રેસમાં દર કલાકે શૌચાલયની સફાઈ થશે

અમદાવાદ, શુક્રવાર

લાંબી મુસાફરી દરમિયાન કોચ અને શૌચાલયની સ્વચ્છતા જળવાળ રહે તે માટે અમદાવાદ રેલવે મંડળે ટ્રેનમાં સફાઈની નવી વ્યવસ્થા શરૂ કરી છે. જે અંતર્ગત આજથી ટ્રેન નં.૧૯૪૮૩-૮૪ અમદાવાદ- સહરસા એક્સપ્રેસમાં ઓન બોર્ડ હાઉસકીપિંગ અને લિનન વિતરણની નવી વ્યવસ્થા અમલી બનાવી છે. સવારે ૬થી૯ અને રાત્રે ૮થી ૧૦ દરમિયાન દર કલાકે જ્યારે આ સિવાયના અન્ય સમયે દર બે કલાકે શૌચાલયની સફાઈ કરવામાં આવશે.


**વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**- જાહેરખબર મેનેજર**



## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા માંડલના ગામ મોજે ઉઘરોજપુરાની સીમના રી-સર્વે અનુસાર સર્વે નંબર-૮૩ (જુના સર્વે નંબર-૧૭/૨) ની કુલ ૮૬૦૦ ચોરસમીટર જમીન પૈકી વગર વહેંચાયેલ ૭૯૧૦ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન (૧) દિપીકાબેન વલ્લભદાસ ચોકસી તે ભરતકુમારની પત્નિ (વ.વ.૨૫%ના હિસ્સેદાર) (૨) મોહંમદભાઈ અલીભાઈ ઘાંચી (વ.વ.૫૦%ના હિસ્સેદાર) તથા (૩) તારક રાજેશભાઈ શુકલ (વ.વ.૨૫%ના હિસ્સેદાર)એ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૩૯૬
તારીખ : ૧૭-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦



## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગરના સબ-ડિસ્ટ્રીકટ ગાંધીનગર (ઝોન-૨) ના તાલુકા ગાંધીનગરના ગામ મોજે અડાલજની સીમના બ્લોક નંબર- ૮૫૨/અ ની કુલ ૧૩૬૯૬ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૧૦ (અડાલજ-પોર) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૦૧/૧/૧ તથા ૧૦૧/૧/૨ પૈકી ફાઈનલ પ્લોટ નંબર-૧૦૧/૧/૧ ની કુલ ૫૯૭૨ ચોરસમીટર જમીનમાં ગુડા દ્વારા મંજુર કરેલ સબ પ્લોટ નંબર-૧૦૧/૧/૧/૧ ની કુલ ૨૫૦૮ ચોરસમીટર બિનખેતીની જમીનનો સીટી સર્વે રેકર્ડમાં સમાવેશ થતા તેને સીટી સર્વે વોર્ડ-અડાલજ (બિનખેતી) ના શીટ નંબર-NA૯૯ અન્વયે ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર-NA૮૫૨/અ/૩ ની કુલ ૨૫૦૮ ચોરસમીટરના ક્ષેત્રફળની મલ્ટીપર્પઝના હેતુની બિનખેતીની જમીન "SHIV BUILDCON' એ નામની ભાગીદારી પેઢીની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી ભાગીદારી પેઢીના ભાગીદારોએ અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૩૯
તારીખ : ૧૭-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

### પ્રથમ રાઉન્ડની ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ

# પીટીસીમાં ૫૯૬૮ બેઠકો ખાલી રહી: સૌથી વધુ ખાનગી કોલેજોની

અમદાવાદ,શુક્રવાર

ધો.૧૨ પછીના ડીએલએડ એટલે કે પીટીસી કોર્સમાં પ્રવેશ માટેની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં પ્રથમ રાઉન્ડ પુરો થઈ ગયો છે. પ્રથમ રાઉન્ડમાં ૫૯૬૮ વિદ્યાર્થીએ પ્રવેશ મળવા છતાં લીધો નથી.જેથી આ બેઠકો ખાલી રહી છે અને હવે બીજો રાઉન્ડ શરૂ કરાશે.

## કુલ ૧૯ હજાર બેઠકો સામે પ્રથમ રાઉન્ડમાં ૧૩ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો

પીટીસીમાં આ વર્ષે કોલેજોની મંજૂરીની પ્રક્રિયામાં ખૂબ જ વિલંબ થતા પ્રવેશ પ્રક્રિયા ૩થી૪ મહિના મોડી શરૂ થઈ છે. સરકાર દ્વારા ચાર વર્ષ બાદ આ વર્ષે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કરવામા આવી રહી છે. આ વર્ષે સરકારી,ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની કુલ ૨૧૧ કોલેજોની ૧૯ હજારથી વધુ બેઠકોમાંથી ૧૫ ટકા મેનેજમેન્ટ ક્વાટોની ૨૧૦૦થી વધુ બેઠકો બાદ કરતા ૧૬૮૦૦થી વધુ બેઠકો માટે પ્રથમ રાઉન્ડ કરાયો હતો. મેરિટમાં સમાવિષ્ટ કુલ ૬૨ હજાર જેટલા વિદ્યાર્થીઓમાંથી પ્રથમ રાઉન્ડમાં ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો.

પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળ્યા બાદ ઘણા વિદ્યાર્થીએ કન્ફર્મ ન કરાવતા ૫૯૬૮ બેઠકો ખાલી રહી છે.જેમાં જનરલ કેટેગરીની ૨૧૮૦, એસટીની ૧૦૭૯,એસસીની ૪૬૧, ઈડબલ્યુએસની ૬૫૦ અને એસઈબીસીની ૧૫૯૮ બેઠકો છે. પ્રથમ રાઉન્ડ બાદ ખાલી પડેલી આ બેઠકો માટે બીજો રાઉન્ડ આવતીકાલથી શરૂ થશે.ત્રીજો રાઉન્ડ પણ કરવો પડે તેવી શક્યતા છે.

### નવા કુલપતિ યુનિ.ને નવા વર્ષે જ મળશે

# જીટીયુના નવા કુલપતિ માટે અંતે પ્રક્રિયા શરૂ : અરજીઓ મંગાવાઈ

અમદાવાદ,શુક્રવાર

જીટીયુના નવા કુલપતિની પસંદગી માટે સર્ચ કમિટીની મંજૂરીથી અંતે અરજીઓ મંગાવાઈ છે. ઉમેદવારો બાયોડેટા સાથે ૧૬ નવેમ્બર સુધી અરજી કરી શકશે. અન્ય સરકારી અને ખાનગી યુનિ.ઓના પદગ્રહિત કુલપતિ પણ જીટીયુના કુલપતિ બનવા અરજી કરી શકશે. ગત ૩ ઓગસ્ટે કુલપતિ રાજુલ ગજ્જરની ટર્મ પુરી થતા બે મહિના બાદ પ્રક્રિયા શરૂ થઈ છે.

## અન્ય સરકારી-ખાનગી યુનિ.ઓના કુલપતિ પણ અરજી કરી શકશે:૧૬ નવે.સુધી અરજી મુદત

જીટીયુના કુલપતિ તરીકે રાજુલ ગજ્જરની ત્રણ વર્ષની ટર્મ ૩ ઓગસ્ટે પુરી થયા બાદ સરકારે ઘણા દિવસો પછી સર્ચ કમિટી રચી હતી.સર્ચ કમિટીની રચના થયા બાદ કમિટીની મંજૂરીથી યુનિ.દ્વારા બાયોડેટા સાથે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવાઈ છે.

ઉમેદવારો ૧૬ નવેમ્બર સુધી અરજી કરી શકશે. યુજીસીના નિયમો મુજબ અને જીટીયુના એક્ટ મુજબ અરજીઓ મંગાવાઈ છે.અગાઉ છ વર્ષ સુધી બે ટર્મમાં ફાર્મસીના પ્રોફેસર કુલપતિ તરીકે રહ્યા બાદ ત્રણ વર્ષ ઈજનેરીના અધ્યાપક કુલપતિ રહ્યા હતા.

પરંતુ જોઈએ તેટલા વિદ્યાર્થીલક્ષી નિર્ણય ન લેવાયા અને કોલેજોના પ્રશ્નો પણ સતત રહેતા હોવાથી હવે સરકાર ફાર્મસીના કે મેનેજમેન્ટ ફેકલ્ટીમાંથી કુલપતિ નિમી શકે છે.બીજી બાજુ ડિપ્લોમા કોલેજોના સંચાલક મંડળે પણ નવા કુલપતિની નિમણૂંકને લઈને સરકારને રજૂઆત કરી હતી કે નવા વીસીની નિમણૂંકમાં ડિપ્લોમા શિક્ષણ ક્ષેત્રને પ્રાથમિકતા આપવામાં આવે અને ડિપ્લોમા કોલેજોનું યોગ્ય પ્રતિનિધિત્વ થાય તે સુનિશ્ચિત કરવામા આવે. અંતે બે મહિના બાદ નવા વીસીની પસંદગી માટે પ્રક્રિયા તો શરૂ થઈ છે પરંતુ જીટીયુને નવા કુલપતિ તો નવા વર્ષમાં જ મળે તેવી શક્યતા છે.

# શિક્ષકોની પરીક્ષાને લીધે ૧ નવે.નો મતદાર નોંધણી કાર્યક્રમ રદ

અમદાવાદ,શુક્રવાર

ગુજરાતમાં સતત સુધારણા પ્રક્રિયા અંતર્ગત મતદાન નોંધણી માટેની ખાસ ઝુંબેશ શરૂ કરાઈ છે.જેમાં આગામી ૧લી નવેમ્બરે મતદાન મથકો પર ખાસ ઝુંબેશ યોજવા માટે આદેશ કરાયો હતો.પરંતુ ૧લી નવેમ્બરે શિક્ષકોની એચટાટની પરીક્ષા છે અને જેથી શિક્ષકો મતદાન મથકો પર મતદાર નોંધણી-સુધારા માટેની કામગીરી કરી શકે તેમ ન હતા.જેથી રજૂઆત બાદ અંતે ચીફ ઈલેક્ટ્રોરલ ઓફિસર દ્વારા આ કાર્યક્રમ રદ કરવાની સૂચના અપાઈ છે.ગુજરાતના મુખ્ય નિવાર્ચન અધિકારીની મંજૂરીથી રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરોને પરિપત્ર કરીને આગામી ૧લી નવેમ્બરે યોજાનાર સ્પેશ્યલ કેમ્પેઈન ડે રદ કરવાની સૂચના અપાઈ છે. રાજ્યમાં સતત મતદાર યાદી સુધારણા પ્રક્રિયા અંતર્ગત ખાસ ઝુંબેશ-સ્પેશ્યલ ડ્રાઈવ કાર્યક્રમ અન્વયે ૧૧ ઓક્ટોબર, ૧૮ ઓક્ટોબર, ૨૫ ઓક્ટોબર અને ૧ નવેમ્બરના રોજ તમામ મતદાન મથકો પર ખાસ ઝુંબેશ ધિવસો યોજવા સૂચના અપાઈ હતી.પરંતુ ૧લી નવેમ્બરે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સરકારી પ્રાથમિક શિક્ષકોની એચટાટની પરીક્ષા લેવામા આવનાર છે.સરકારી પ્રાથમિક સ્કૂલોમાં બઢતી માટેની એટલે કે આચાર્ય બનવા માટેની એચટાટ(હેડમાસ્તર ટીચર એપ્ટિટ્યુટ ટેસ્ટ)માં રાજ્યના ૪૫ હજારથી વધુ શિક્ષકો ઉપસ્થિત રહેવાના છે.જેથી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે રજૂઆત કરી હતી.























interio
by Godrej
ગ્રાન્ડ ફેસ્ટિવ ઓફર
12%
સુધીની છૂટ*
નો કોસ્ટ ઈએમઆઈ અને
₹15 000 સુધીનું ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ*
સ્કેન કરો અને જીતો મફત ફર્નિચર
ફર્નિચર • કિચન્સ • મેટ્રેસીસ
www.interio.com


SONY
THIS DIWALI,
CINEMA IS COMING HOME
BRAVIA | True RGB
SPECIAL FESTIVE OFFERS*
3 YEARS WARRANTY*
INSTANT CASHBACK UPTO RS.50,000/-
1 EMI FREE
TV + SOUNDBAR COMBO OFFER
SAVE UPTO RS.94,990/-
BUY NOW AT RS.2,995/-
BRAVIA
BRAVIA 9II NEW
BRAVIA 7II NEW
BRAVIA 3II NEW
BRAVIA 2II
SOUNDBAR
A7100+SW8+RS8 NEW
MRP Rs. 1,87,970/- Offer Price Rs. 99,980/-
BRAVIA Theatre System 6
MRP Rs. 64,990/- Offer Price Rs. 47,990/-
HT-B500 NEW
MRP Rs. 37,990/- Offer Price Rs. 27,990/-
PARTY SPEAKER
ULT Tower 9
MRP Rs. 79,990/- BEST BUY Rs. 63,990/-
ATTRACTIVE CREDIT CARDS FINANCE OPTIONS*
ATTRACTIVE PAPER FINANCE OPTIONS*
Sony Center The Ultimate Sony Experience
Sony Center is now Online www.shopatSC.com

## કોર્પોરેટ પરિણામોની ત્રિમાસિક સીઝનના આકર્ષણે

# IT શેરો ઉછાળી ફંડોએ તેજીનું સેન્ટીમેન્ટ જાળવ્યું : સેન્સેક્સ ૪૧૪ પોઈન્ટ ઉછળીને ૭૪૭૨૯

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, શુક્રવાર

કોર્પોરેટ પરિણામોની સપ્ટેમ્બર અંતના ત્રિમાસિકની સીઝનમાં આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી કંપનીઓના અપેક્ષાથી સારા પરિણામો જાહેર થવાના આકર્ષણે આજે સપ્તાહના અંતે ફોરેન ફંડોએ તેજીમાં આવીને આઈટી શેરોને ઉછાળીને સળંગ તેજીનું સેન્ટીમેન્ટ જાળવ્યું હતું. રિલાયન્સ ગ્રુપની જિયો પ્લેટફોર્મર્સના આઈપીઓની તૈયારી વચ્ચે બજારમાં ફુલગુલાબી તેજીનું સેન્ટીમેન્ટ બરકરાર રહ્યું હતું. આ સાથે નાણા પ્રધાન નિર્મલા સીતારામન દ્વારા શેરો પરના લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (એલટીસીજી) અને સિક્યોરિટીઝ ટ્રાન્ઝેકશન ટેક્ષ (એસટીટી)માં રાહત સંબંધિત મધ્યસ્થીઓ સાથે વાટાઘાટ થકી રાહતના સંકેત આપ્યાનું આકર્ષણ પણ શેરોમાં જળવાયું હતું.જો કે લોકલ ફંડો-સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની આજે શેરોમાં નફારૂપી વેચવાલી રહી હતી. વિશ્વ બજારમાં ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ પણ ઘટી આવતાં અને વૈશ્વિક શેર બજારોમાં એશીયાના અન્ય બજારોમાં નરમાઈ સામે યુરોપના દેશોના બજારમાં રિકવરીનો ટેકો મળ્યો હતો. આઈટી, કેપિટલ ગુડ્ઝ, ઓટો, મેટલ-માઈનીંગ શેરોમાં આકર્ષણ સામે બેંકિંગ, કન્ઝયુમર ડ્યુરેબલ્સ શેરોમાં પ્રોફિટ બુકિંગ રહ્યું હતું. સેન્સેક્સ ૪૧૩.૬૬ પોઈન્ટ વધીને ૭૪૭૨૯.૨૭ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૧૪૮.૮૦ પોઈન્ટ વધીને ૨૩૧૪૬.૧૫ બંધ રહ્યા હતા.

### આઈટી ઈન્ડેક્સ ૯૯૫ પોઈન્ટ ઉછળ્યો : ઓનવર્ડ, બોનસ આકર્ષણે ટેક મહિન્દ્રા, વિપ્રો, ટીસીએસ ઉછળ્યા

આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં ફંડોએ આજે સારા પરિણામો પાછળ સતત આક્રમક ખરીદી કરી હતી. ઓનવર્ડ ટેકનોલોજી રૂ.૭૧.૨૫ ઉછળીને રૂ.૪૨૭.૬૦, ટેક મહિન્દ્રાના ત્રિમાસિક પરિણામ સાથે કંપનીએ એક શેર દીઠ એક શેર ધોરણે બોનસ આપવાનું જાહેર કરતાં આકર્ષણે શેર રૂ.૧૩૯.૩૦ ઉછળીને રૂ.૧૭૮૮, વિપ્રો રૂ.૧૦.૭૦ વધીને રૂ.૧૮૪.૪૦, કેપીઆઈટી ટેકનોલોજી રૂ.૨૭.૬૫ વધીને રૂ.૫૫૪.૭૫, સાસ્કેન રૂ.૭૬.૮૫ વધીને રૂ.૧૭૨૯.૫૦, ટીસીએસ રૂ.૧૦૮.૫૫ વધીને રૂ.૨૪૬૩, ટીવીએસ ઈલેક્ટ્રોનિક્સ રૂ.૨૨.૬૫ વધીને રૂ.૩૯૪.૬૫, ઈન્ફોસીસ રૂ.૫૦.૬૦ વધીને રૂ.૧૧૬૧.૬૦, ઈમુદ્રા રૂ.૫.૭૦ વધીને રૂ.૧૩૯.૨૦, ટાટા એલેક્સી રૂ.૧૫૦ વધીને રૂ.૩૮૪૫, માસ્ટેક રૂ.૭૦.૭૫ વધીને રૂ.૧૮૨૮.૬૦, એક્સપ્લિઓ સોલ્યુશન રૂ.૨૮.૩૫ વધીને રૂ.૮૯૭.૭૦ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૯૯૪.૬૨ પોઈન્ટ ઉછળીને ૩૦૩૯૬.૧૨ બંધ રહ્યો હતો. આ સાથે નિફટી આઈટી ઈન્ડેક્સ પણ બે દિવસમાં ૧૪ ટકા જેટલો ઉછળ્યો હતો.

### તહેવારોની સીઝનની માંગની અપેક્ષાએ મહિન્દ્રા રૂ.૬૮, ટીવીએસ રૂ.૬૭, બોશ રૂ.૫૭૫ ઉછળ્યા

તહેવારોની સીઝન ખાસ દશેરામાં વાહનોની થતી મોટી ખરીદીની આ વખતે પણ છેલ્લી ઘડીમાં મોટી માંગની અપેક્ષાએ આજે ફંડોએ ઓટોમોબાઈલ શેરોમાં પસંદગીની ખરીદી કરી હતી. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૬૮ વધીને રૂ.૨૯૨૦, ટીવીએસ મોટર રૂ.૬૬.૬૦ વધીને રૂ.૪૦૯૩, બોશ રૂ.૫૭૫.૫૫ વધીને રૂ.૪૫,૪૫૨.૮૦, ટીઆઈ ઈન્ડિયા રૂ.૧૪.૬૫ વધીને રૂ.૨૨૦૦, આઈશર મોટર રૂ.૪૨ વધીને રૂ.૭૨૮૦, હીરો મોટોકોર્પ રૂ.૨૯.૫૦ વધીને રૂ.૫૨૩૦, બજાજ ઓટો રૂ.૫૩.૯૫ વધીને રૂ.૧૦,૪૧૭, મારૂતી સુઝુકી રૂ.૫૭.૩૦ વધીને રૂ.૧૧,૪૮૨, એમઆરએફ રૂ.૫૦૯.૦૫ વધીને રૂ.૧,૨૨,૮૦૮ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૪૩૬.૭૧ પોઈન્ટ ઉછળીને ૫૭૦૨૭.૪૭ બંધ રહ્યો હતો.

### કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં સેલિંગ પ્રેશર : ડિક્સન ટેકનોલોજી રૂ.૩૫૧ તૂટ્યો : વોલ્ટાસ, બ્લુ સ્ટાર ઘટ્યા

કન્ઝયુમર ડ્યુરેબલ્સ શેરોમાં આજે ફંડોએ વેચવાલી કરી હતી. ડિક્સન ટેકનોલોજી રૂ.૩૫૧ તૂટીને રૂ.૧૨,૩૩૯, વોલ્ટાસ રૂ.૨૦ ઘટીને રૂ.૧૦૩૦, બ્લુ સ્ટાર રૂ.૨૮.૭૦ ઘટીને રૂ.૧૫૬૬.૬૦, એશીયન પેઈન્ટ રૂ.૨૩.૫૦ ઘટીને રૂ.૨૩૩૩ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ ૩૬૦.૩૩ પોઈન્ટ ઘટીને ૫૭૫૦૫.૧૯ બંધ રહ્યો હતો.

### મેટલ શેરોમાં ફંડોની પસંદગીની ખરીદી : નાલ્કો, લોઈડ્સ મેટલ, હિન્દુસ્તાન ઝિંક, હિન્દાલ્કો વધ્યા

મેટલ-માઈનીંગ શેરોમાં પણ ફંડોએ આજે પસંદગીની ખરીદી કરી હતી. નાલ્કો રૂ.૭.૪૦ વધીને રૂ.૩૨૫, લોઈડ્સ મેટલ રૂ.૩૭.૪૦ વધીને રૂ.૧૮૫૨.૪૫, હિન્દુસ્તાન ઝિંક રૂ.૯.૯૦ વધીને રૂ.૫૪૦, હિન્દાલ્કો રૂ.૧૬ વધીને રૂ.૯૧૦, જિન્દાલ સ્ટેનલેસ રૂ.૧૧.૯૦ વધીને રૂ.૭૩૬.૨૫, જેએસડબલ્યુ સ્ટીલ રૂ.૧૪.૯૫ વધીને રૂ.૧૨૧૫.૭૦ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૨૯૯.૩૬ પોઈન્ટ વધીને ૩૮૬૮૧.૫૬ બંધ રહ્યો હતો.

### પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં તેજીનો કરંટ જળવાયો : એચબીએલ એન્જિ., સીજી પાવર, વારી એનર્જી વધ્યા

પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં પણ તેજીનો કરંટ જળવાયો હતો. એચબીએલ એન્જિનિયરિંગ રૂ.૧૨૨.૬૫ ઉછળીને રૂ.૮૩૨.૮૦, સીજી પાવર રૂ.૨૮.૯૫ વધીને રૂ.૮૪૬.૯૫, વારી એનર્જી રૂ.૬૪.૫૦ વધીને રૂ.૨૫૫૫, જ્યોતી સીએનસી રૂ.૧૭.૫૫ વધીને રૂ.૯૯૬.૬૫, સુઝલોન રૂ.૪૧.૯૨, થર્મેક્સ રૂ.૫૫.૨૫ વધીને રૂ.૩૩૨૫.૭૫, હિન્દુસ્તાન એરોનોટિક્સ રૂ.૭૦ વધીને રૂ.૪૯૮૦, એઆઈએ એન્જિનિયરિંગ રૂ.૪૪.૨૦ વધીને રૂ.૩૭૧૯.૪૦, ડાટા પેટર્નસ રૂ.૪૧.૨૫ વધીને રૂ.૪૦૭૮.૧૦ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૧૫૦.૯૪ પોઈન્ટ વધીને ૭૩૫૩૨.૨૩ બંધ રહ્યો હતો.

### જવેલરી કંપનીઓના શેરોમાં તેજી : પીસી જવેલર, થંગમયીલ, સ્કાય ગોલ્ડ, સેનકો, ગોલ્ડિયમ વધ્યા

તહેવારોની સીઝનમાં જવેલરીની માંગ વધવાની અપેક્ષાએ જવેલરી કંપનીઓના શેરોમાં આજે તેજીનો વ્યાપક સળવળાટ જોવાયો હતો. પીસી જવેલર રૂ.૧.૮૨ ઉછળીને રૂ.૧૬.૨૮, થંગમયીલ રૂ.૩૦૩.૨૫ વધીને રૂ.૫૦૯૬.૪૦, સ્કાય ગોલ્ડ એન્ડ ડાયમંડ રૂ.૫૮.૪૫ વધીને રૂ.૧૦૬૧.૧૫, સેનકો રૂ.૧૬.૨૦ વધીને રૂ.૩૩૭.૩૫, ગોલ્ડિયમ ઈન્ટરનેશનલ રૂ.૧૦.૩૦ વધીને રૂ.૩૨૦.૩૦ રહ્યા હતા.

### સપ્તાહના અંતે સ્મોલ, મિડ કેપ શેરોમાં આકર્ષણ વધતાં માર્કેટબ્રેડથ પોઝિટીવ : ૨૩૩૩ શેરો પોઝિટીવ બંધ

સપ્તાહના અંતે સ્મોલ, મિડ કેપ શેરોમાં આજે ફંડો, ખેલંદાઓનું આકર્ષણ વધતાં માર્કેટબ્રેડથ પોઝિટીવ રહી હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૬૨૯ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૨૩૩૩ અને ઘટનારની સંખ્યા ૨૦૫૩ રહી હતી.

### FPIs/FIIની કેશમાં રૂ.૧૧૬૬ કરોડની ચોખ્ખી ખરીદી : DIIની રૂ.૩૬૬૧ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે શુક્રવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૧૧૬૫.૯૨ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. કુલ રૂ.૧૯,૯૫૧.૫૯ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૮,૭૮૫.૬૭ કરોડની વેચવાલી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૩૬૬૧.૨૮ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી રહી હતી. કુલ રૂ.૧૭,૨૦૧.૮૦ કરોડની ખરીદી સામે કુલ રૂ.૨૦,૮૬૩.૦૮ કરોડની વેચવાલી કરી હતી.

### શેરોમાં રોકાણકારોની સંપતિ-માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૧.૫૬ લાખ કરોડ વધીને રૂ.૪૭૨.૬૨ લાખ કરોડ

સપ્તાહના અંતે શેરોમાં આજે સેન્સેક્સ, નિફટી બેઝડ તેજી સાથે સાઈડ માર્કેટમાં શેરોમાં ફંડોની ખરીદીએ રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૧.૫૬ લાખ કરોડ વધીને રૂ.૪૭૨.૬૨ લાખ કરોડ રહ્યું હતું.

## બે દિવસમાં નિફટી આઈટી ઈન્ડેક્સ ૧૪ ટકા વધ્યો : ઓટો શેરોમાં તેજી : નિફટી સ્પોટ ૧૪૯ પોઈન્ટ વધીને ૨૩૧૪૬ : FPIs/FIIની કેશમાં રૂ.૧૧૬૬ કરોડની ચોખ્ખી ખરીદી

# ડોલર સામે રૂપિયામાં આગેકૂચ : ફોરેક્સમાં વધુ ૮.૫૮ અબજ ડોલરનું થયેલું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,શુક્રવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ વધુ ઘટતાં રૂપિયો વધુ ઉંચકાયો હતો. છેલ્લા પાંચ દિવસથી રૂપિયો વધતો જોવા મળ્યો હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. શેરબજાર ઉંચકાતાં કરન્સી બજારમાં રૂપિયા પર પોઝીટીવ ઈમ્પેક્ટ દેખાઈ હતી. ડોલરના ભાવ રૂ.૯૫.૦૬ વાળા આજે સવારે રૂ.૯૪.૭૧ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ. ૯૪.૬૮ તથા ઉંચામાં ભાવ રૂ.૯૫.૦૭ થઈ રૂ.૯૪.૯૬ રહ્યા હતા.

## દોઢ મહિનામાં રેકોર્ડ ટોચ પરથી ફોરેક્સ રિઝર્વમાં ૬૦ અબજ ડોલરનો ઘટાડો: પાઉન્ડ તથા યુરોના ભાવ ઉંચકાયા

ડોલરના ભાવ આજે વધુ ૧૦ પૈસા ઘટતાં ડોલર સામે રૂપિયો વધુ ૦.૧૧ ટકા ઉંચકાયો હતો. દરમિયાન, વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ૦.૨૯ ટકા ઘટી નીચામાં ૧૦૧.૬૭ થઈ ૧૦૧.૭૧ રહ્યાના સમાચાર હતા.

દરમિયાન, મુંબઈ બજારમાં આજે રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૫૪ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૨૬.૬૫ થઈ રૂ.૧૨૬.૬૦ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે આજે ૨૪ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૦૬.૯૦ થઈ રૂ.૧૦૬.૮૭ રહ્યા હતા. જાપાનની કરન્સી રૂપિયા સામે આજે ૦.૦૨ ટકા પ્લસમાં રહી હતી જ્યારે ચીનની કરન્સી ૦.૦૪ ટકા માઈનસમાં રહી હતી.

ભારતમાં ફોરેક્સ રિઝર્વ વધુ ૮.૫૮ અબજ ડોલર ઘટી ૭૨૬ અબજ ડોલર થયાનું રિઝર્વ બેન્કના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, ગોલ્ડ રિઝર્વ ૧.૩૧૯ અબજ ડોલર ઘટી ૧૦૫.૦૯૪ અબજ ડોલર થયાનું સૂત્રો જણાવી રહ્યા હતા. ભારતમાં છેલ્લા દોઢ મહિનામાં ફોરેક્સ રિઝર્વમાં ૬૦ અબજ ડોલરનો ઘટાડો થયો હોવાનું કરન્સી બજારના સૂત્રો જણાવી રહ્યા હતા.

**ફોરેક્સ ભાવ**

| | |
|---|---|
| ડોલર | રૂા. ૯૪.૯૬ |
| પાઉન્ડ | રૂા. ૧૨૬.૬૦ |
| યુરો | રૂા. ૧૦૬.૮૭ |
| યેન | રૂા. ૦.૬૦ |
| બ્રેન્ટ ક્રૂડ | ૧૦૬ ડોલર |

દરમિયાન, કરન્સી બજારમાં રૂપિયો ડોલર સામે આ સતાહમાં બે ટકા વધતાં વિકલી ભાવ વૃદ્ધીમાં ચાર વર્ષનો રેકોર્ડ તૂટ્યો હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. જો કે કરન્સી બજારમાં રૂપિયો ઉંચકાયો છે પરંતુ સામે બોન્ડ યીલ્ડ વધી ૩ વર્ષની ટોચે પહોંચી છે. ઓન-શોર ડોલર-રૂપી ફોરવર્ડમાં ત્રણ મહિનાની યીલ્ડ વધી ૬.૫૪ ટકા થતાં દસ વર્ષની ટોચ આવી વૃદ્ધીમાં જોવા મળી હતી. અમેરિકામાં બેરોજગારીના દાવા ૧૦૦૦ વધી ૧૯૯૦૦૦ થયાના સમાચાર મળ્યા હતા.

### નેસ્લેનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે નેસ્લે ઈન્ડિયાનો નફો ૩૬ ટકા વધીને રૂ. ૧૦૨૭ કરોડ થયો હતો. કંપનીની આવક ૨૦ ટકા વધીને રૂ. ૬૭૮૨ કરોડ થઈ હતી.

# FERR માત્ર રૂપિયાના ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ્સ માટે જ છે : RBI

અમદાવાદ, તા.૧૬

ફોરેન એક્સચેન્જ રિઝર્વ રેશિયો (FERR) સંબંધિત નવી આવશ્યકતાઓ માત્ર રૂપિયા સામે વિદેશી ચલણની ખરીદી ધરાવતા ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ્સને જ લાગુ પડશે, તેમ રિઝર્વ બેંકે બહાર પાડેલા FAQs (વારંવાર પૂછાતા પ્રશ્નો)ના વિગતવાર સેટમાં જણાવ્યું હતું.

રૂપિયાના મૂલ્યમાં મોટા ઘટાડાની પૃષ્ઠભૂમિ વચ્ચે રિઝર્વ બેંક દ્વારા ૧૦ ઓક્ટોબરે વિદેશી હૂંડિયામણ બજાર માટે FERR લાગુ કરવા સહિતના કેટલાક નિયમનકારી પગલાંની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારથી, સ્થાનિક ચલણ (રૂપિયો) ડોલર સામે મજબૂત બન્યું છે. સૂચિમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે અધિકૃત ડીલર્સ (ઓથોરાઈઝ્ડ ડીલર્સ) દ્વારા ગ્રાહકો/વપરાશકર્તાઓ (યુઝર્સ) સાથે કરવામાં આવતા કયા ફોરેન એક્સચેન્જ ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ્સ આવી આવશ્યકતા હેઠળ આવશે.

## કંપની પરિણામ

### ટેક મહિન્દ્રાના નફામાં વધારો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે ટેક મહિન્દ્રાનો નફો ૩૩ ટકા વધીને રૂ. ૧૫૮૬ કરોડ થયો હતો. કંપનીની આવકો ૧૫.૬ ટકા વધીને રૂ. ૧૬,૧૮૦ કરોડ થઈ હતી. કંપનીની ટોટલ કોન્ટ્રેક્ટ વેલ્યૂ ૨૫.૪ ટકા વધીને ૧૦૨.૩ વધીને ૫૮૧૦ કરોડ થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ૩૦૧૬ કરોડ હતી. ૧ અબજ ડૉલરથી વધુના કોન્ટ્રેક્ટ છેલ્લાં ચારેય ક્વાર્ટરમાં મળ્યા છે.

### ઈન્ડિયન બેન્કનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે ઈન્ડિયન બેન્કનો નફો ૧૫ ટકા વધીને રૂ. ૩૪૬૨ કરોડ થયો હતો. બેંકની કુલ આવક વધીને રૂ. ૨૩,૦૫૯ કરોડ થઈ હતી. આ પૈકી વ્યાજની આવક રૂ. ૧૯,૧૦૬ કરોડ થઈ હતી. નેટ એનપીએ ઘટીને ૦.૧૪ ટકા થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ૦.૧૬ ટકા હતી.

### યુકો બેન્કનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે યુકો બેન્કનો નફો ૨૭ ટકા વધીને રૂ. ૭૮૬ કરોડ થયો હતો. બેંકની આવક વધીને રૂ. ૮૧૭૦ કરોડ થઈ હતી. વ્યાજની આવક વધીને ૭૨૮૬ કરોડ થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ૬૫૩૭ કરોડ હતી. નેટ એનપીએ ઘટીને ૦.૧૮ ટકા થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ૦.૪૩ ટકા હતી.

# ખાદ્યતેલોની ટેરીફ વેલ્યુમાં ફેરફારો કરાતાં પામતેલની ઈફેકટીવ ડ્યુટીમાં ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,શુક્રવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે સિંગતેલ તથા કપાસિયા તેલના ભાવ વધતાં અટકી પ્રત્યાઘાતી ઘટાડા પર રહ્યા હતા. નવા વેપાર ધીમા હતા. જોકે આયાતી ખાદ્યતેલોના ભાવમાં બેતરફી વધઘટ વચ્ચે મિશ્ર હવામાન જોવા મળ્યું હતું. દિવેલ તથા હાજર એરંડાના ભાવમાં ઝડપી તેજીને બ્રેક વાગી હતી તથા ભાવ ઉંચા મથાળે અથડાતા રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં મલેશિયા ખાતે આજે પામતેલ વાયદાના ભાવ ૪૪ પોઈન્ટ ઉંચકાયા હતા. ત્યાં નવેમ્બરના ભાવ ૫૯ પોઈન્ટ તથા ડિસેમ્બરના ભાવ ૫૮ પોઈન્ટ તથા જાન્યુઆરીના ૪૪ પોઈન્ટ ઉંચકાયા હતા.

## જો કે સોયાતેલની ઈફેકટીવ ડયુટીમાં થયેલી વૃદ્ધિ : સિંગતેલ તથા કપાસિયા તેલમાં ઉછાળે સાવચેતીનો સૂર

જોકે ચીનના બજારોમાં આજે સોયાતેલ તથા પામતેલના ભાવ માઈનસમાં રહ્યા હતા. દરમિયાન, કંડલા ખાતે પામોલીનના ભાવ રૂ.૧૪૧૫ નવેમ્બરના તથા રૂ.૧૪૨૦ ડિસેમ્બર ડિલીવરીના રહ્યા હતા. મુંદ્રા-હઝીરા ખાતે વિવિધ ડિલીવરીના ભાવ આયાતી પામતેલના રૂ.૧૪૧૦થી ૧૪૩૦ રહ્યા હતા જ્યારે સોયાતેલના ભાવ રૂ.૧૪૩૫થી ૧૪૭૦ વિવિધ મહિનાની ડિલીવરીના બોલાતા હતા તથા સનફ્લાવરના ભાવ ઓકટોબરના રૂ.૧૬૭૫થી ૧૬૯૦ રહ્યા હતા. મધ્ય-પ્રદેશમાં આજે સોયાતેલના ભાવ જાતવાર રૂ.૧૪૩૩થી ૧૪૬૫ રહ્યા હતા.

દરમિયાન, નવી મુંબઈ બંદરે આરબીડીના ભાવ રૂ.૧૪૫૦ રહ્યા હતા. મલેશિયામાં ઓકટોબરના પ્રથમ પખવાડિયામાં પામતેલનું ઉત્પાદન આશરે બે ટકા ઘટયાના સમાચાર મળ્યા હતા. ગાંધીધામ ખાતે સોયાતેલના ભાવ નવેમ્બરથી જાન્યુઆરીના રૂ.૧૪૪૦થી ૧૪૬૦ રહ્યા હતા. કેશોદ ખાતે સિંગદાણાના ભાવ નીચાના ૮૦-૯૦ કાઉન્ટના રૂ.૧૨૨૦૦થી ૧૨૫૦૦ રહ્યા હતા. જ્યારે ૫૦-૬૦ કાઉન્ટના ભાવ રૂ.૧૨૨૦૦થી ૧૨૫૦૦ રહ્યા હતા. જ્યારે ૫૦-૬૦ કાઉન્ટના ભાવ રૂ.૧૨૮૦૦થી ૧૩૫૦૦ રહ્યા હતા. બોલ્ડ માલોના ભાવ ૫૦-૬૦ના રૂ.૧૧૫૦૦ તથા ૪૦-૫૦ના રૂ.૧૧૭૦૦ રહ્યા હતા. ખોપોલી ખાતે સનફલાવરના ભાવ રૂ.૧૭૦૦ રહ્યા હતા. સોયાતેલના ભાવ નવેમ્બરના રૂ.૧૪૯૦ રહ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે મગફળીના ભાવ ૨૦ કિલોના જાતવાર રૂ.૧૪૦૦થી ૧૭૫૦ રહ્યા હતા. દરમિયાન, ભારતમાં સરકારે આયાતકારો માટે ડોલરના કસ્ટમ એક્સચેન્જના દર ૯૬.૯૫થી ઘટાડી રૂ.૯૫.૯૦ કર્યાના સમાચાર મળ્યા હતા. આ ઉપરાંત આયાતી ખાદ્યતેલોની ઈમ્પોર્ટ ડયુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટરીફ વેલ્યુમાં સરકારે ક્રૂડ પામ ઓઈલ સીપીઓની ટેરીફ વેલ્યુ ૧૨૨૯થી ઘટાડી ૧૨૨૩ ડોલર તથા પામોલીનની ટેરીફ વેલ્યુ ૧૨૫૧થી ઘટાડી ૧૨૪૫ ડોલર કરી હોવાના સમાચાર હતા. આના પગલે પામતેલની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં ઘટાડો થયાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, સોયાતેલની આવી ટેરીફ વેલ્યુ સરકારે ૧૨૮૦થી વધારી ૧૨૮૭ ડોલર કરતાં સોયાતેલની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટી તેટલા પ્રમાણમાં વધી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. યુએસમાં ઓવરનાઈટ ટ્રેડમાં સોયાબીન તથા સોયાતેલના ભાવ ઘટાડા પર રહ્યા હતા. જ્યારે સોયાતેલના ભાવ પ્લસમાં રહ્યા હતા.

## અમદાવાદના બજારો

**તેલતેલીબિયા**

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૯૦૦-૩૦૮૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૨૮૮૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૫૭૦-૨૭૭૦
રાઈસબ્રાન્ડ (૧૫ કિલો) ૨૫૫૦
સોયાબીન નવો ડબો ૨૬૦૦
દિવેલ ૨૪૦૦
પામોલીન જુનો ડબો ૨૩૩૦
પામોલીન નવો ડબો ૨૪૫૦
કોપરેલ ૪૪૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું ૨૯૦૦
તીખું સરસીયું ૩૦૫૦
સનફ્લાવર ૨૬૦૦
મકાઈ તેલ ૨૪૫૦

## સોના-ચાંદી બજાર

**અમદાવાદ**

ચાંદી ચોરસા ૨૧૨૦૦૦-૨૧૪૦૦૦
ચાંદી રૂપુ ૨૧૧૮૦૦-૨૧૩૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૪૦૦-૨૭૦૦
સોનું (૯૯.૯) ૧૪૯૫૦૦-૧૫૧૫૦૦
સોનું (૯૯.૫) ૧૪૯૨૦૦-૧૫૧૨૦૦
હોલમાર્ક ૧૪૮૪૭૦

**મુંબઈ**

ચાંદી ૨૧૦૯૧૮
સોનું (૯૯.૫) ૧૪૫૮૪૦
સોનું (૯૯.૯) ૧૪૬૪૨૬

**રાજકોટ**

ચાંદી ૨૧૩૫૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૫૩૦૦૦
સીક્કા (૧ ગ્રામ) ૧૫૩૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૩૬૧૦૦

## રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૭૫-૧૮૦૦
રાજકોટ મગફળી ૧૭૫૦-૧૭૬૦
સોનુ ૨૪ કેરેટ ૧૫૩૦૦૦
૧ કિલો ચાંદી ૨૧૩૫૦૦

## છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૨૧૦૯૧૮
મુંબઈ સોનું (૯૯.૫) ૧૪૫૮૪૦
મુંબઈ સોનું (૯૯.૯) ૧૪૬૪૨૬
અમ.ચાંદી ૨૧૪૦૦૦
અમ.સોનું (૯૯.૯) ૧૫૧૫૦૦
અમ.સોનું (૯૯.૫) ૧૫૧૨૦૦
અમ.સિંગતેલ નવો ડબો ૩૦૮૦
અમ.કપાસિયા નવો ૨૭૭૦

## ચીમનભાઈ માર્કેટ

**૨૦ કિલો**

બટાકા દેશી ૧૦૦-૧૮૦
બટાકા ડીસા ૨૦૦-૩૦૦
ડુંગળી મહારાષ્ટ્ર ૮૦૦-૧૦૦૦
ડુંગળી એમપી ૭૦૦-૯૦૦

## અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૧૮૦-૨૦૦
ટગર ૭૦૦-૮૦૦
ડમરો ૨૦-૩૦
લીલી ૨૫-૩૦
હજારીગલ ૬૦૦-૮૦૦

## BSE સૌથી વધુ ઘટ્યા

| કંપની | બંધ ભાવ | ઘટાડો (ટકામાં) |
|---|---|---|
| ઈન્ડિગો | ૪,૬૮૮.૯૫ | ૨.૨૩ |
| રિલાયન્સ | ૧,૨૧૦.૦૦ | ૧.૦૯ |
| એ.પેઈન્ટ | ૨,૩૩૩.૦૦ | ૧.૦૦ |
| બીઈએલ | ૩૭૭.૧૦ | ૦.૭૧ |
| લાર્સન | ૩,૬૩૨.૦૦ | ૦.૫૫ |
| આઈટીસી | ૨૬૩.૦૦ | ૦.૬૬ |
| કોટક બેંક | ૪૪૬.૦૦ | ૦.૬૩ |

## NSE સૌથી વધુ ઘટ્યા

| કંપની | બંધ ભાવ | ઘટાડો (ટકામાં) |
|---|---|---|
| ઈન્ડિગો | ૪,૬૮૬.૯૦ | ૧.૯૧ |
| બીએસઈ | ૩,૩૬૩.૦૦ | ૧.૯૦ |
| મેક્સ હેલ્થ | ૮૪૬.૦૦ | ૧.૪૦ |
| ટાટા કન્ઝયુમર | ૯૭૮.૯૦ | ૧.૨૭ |
| જીયો ફીન | ૨૧૬.૨૫ | ૧.૨૬ |
| ઓએનજીસી | ૨૨૨.૦૦ | ૧.૧૮ |
| બીઈએલ | ૩૭૬.૮૫ | ૦.૯૩ |

## BSE સૌથી વધુ વધ્યા

| કંપની | બંધ ભાવ | વધારો (ટકામાં) |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | ૧,૭૮૮.૦૦ | ૮.૪૫ |
| ટીસીએસ | ૨,૪૬૩.૦૦ | ૪.૬૧ |
| ઈન્ફોસીસ | ૧,૧૬૧.૬૦ | ૪.૫૫ |
| ભારતી એરટેલ | ૧,૯૦૫.૦૦ | ૨.૮૬ |
| મહિન્દ્રા | ૨,૯૨૦.૦૦ | ૨.૩૮ |
| બજાજ ફાય | ૯૮૧.૯૦ | ૧.૩૮ |
| એચસીએલ ટેક | ૧,૩૭૮.૦૦ | ૧.૦૮ |
| એનટીપીસી | ૩૧૬.૫૦ | ૦.૭૬ |

## NSE સૌથી વધુ વધ્યા

| કંપની | બંધ ભાવ | વધારો (ટકામાં) |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | ૧,૭૯૦.૦૦ | ૮.૪૮ |
| ટીસીએસ | ૨,૪૬૫.૦૦ | ૪.૮૯ |
| ઈન્ફોસીસ | ૧,૧૬૧.૨૦ | ૪.૬૧ |
| ભારતી એરટેલ | ૧,૯૦૫.૦૦ | ૨.૭૫ |
| એચસીએલ ટેક | ૧,૩૮૦.૦૦ | ૨.૩૭ |
| મહિન્દ્રા | ૨,૯૨૦.૯૦ | ૨.૦૭ |
| બજાજ ફાય | ૯૮૨.૧૦ | ૧.૭૫ |
| હિંદાલકો | ૯૦૮.૦૦ | ૧.૫૮ |


## જાહેર નોટીસમાં સુધારો

આથી જાહેર જનતાને જણાવવાનું કે તારીખ ૧૬-૧૦-૨૦૨૬ ના રોજ "ગુજરાત સમાચાર" ના પાના નંબર-૮ ઉપર અમો ધ્વારા પ્રસિધ્ધ થયેલી મોજે થલતેજના "દેવ વિહાર-૨' નામની સ્કીમના ૬ (છ) સબપ્લોટો/ બંગલાઓની મિલ્કતો અંગેની જાહેર નોટીસોમાં "ટી. પી સ્કીમ નંબર-૩૭ ના ફાઈનલ પ્લોટ નંબર-૧૮" ના બદલે ભૂલથી તથા શરતચુકથી "ટી. પી સ્કીમ નંબર-૧૮ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૭" ટાઈપ થયેલો છે. પરંતુ તેનો સાચો ટી. પી સ્કીમ નંબર-"૩૭" અને ફાઈનલ પ્લોટ નંબર-"૧૮" છે, તે જાહેર નોટીસો તે રીતે સુધારીને વાંચવી.

તારીખ : ૧૬-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

## જાહેર નોટિસ

જીલ્લો અમદાવાદ, તાલુકો ઘાટલોડીયા, મોજે ઘુમા ની સીમના બ્લોક નં. ૭૮૯ વિગેરેની બીનખેતીની જમીન ઉપર "આરોહી પ્લોટસ ઓનર્સ એસોસીએશન' ના વિભાગ 'એ' ના પ્લોટ નં. એ/૧૨૦ ની ૫૦૭ ચો.વાર ક્ષેત્રફળ વાળી મિલકત બિપિનચંન્દ્ર નરોત્તમદાસ ભાટીયા ની સ્વતંત્ર માલીકી કબજા, ભોગવટાની બોજારહીતની આવેલી હોવાનું જણાવી ટાઈટલ ઓપીનીયન સટીફીકેટ માંગેલ છે જેથી મજકુર મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, દાવો ઈત્યાદી કાંઈ પોસાતો હોયતો નીચેના સરનામે દિન ૭ માં લેખતી પુરાવા સહીત રજી. પોસ્ટથી જાણ કરવી અન્યથા મજકુર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો દાવો ઈત્યાદી કાંઈ પોસાતો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી ટાઈટલ ઓપીનીયન સટીફીકેટ આપવામાં આવશે.

**નીલેશ એન. પટેલ, એસોસીએટસ**
**પરેશા બી. પટેલ (એડવોકેટ)**
૫૦૭, પાંચમો માળ, શીવાલીક . સત્યમેવ, એસ.પી. રીંગરોડ, આંબલી, અમદાવાદ. મો. ૯૦૫૪૬૮૪૧૫૯

## જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર મુકેશકુમાર એમ.જોષી એડવોકેટ અને નોટરી તથા શ્રીમતી ચેતનાબેન એમ. જોષી, એડવોકેટ અને નોટરી, બન્ને રહેવાસી : 'ઈશ્વરકૃપા' ૨૩, ચંદ્રાવતી સોસાયટી, ભૈરવનાથ મંદીર પાસે, ભૈરવનાથ રોડ, મણિનગર, અમદાવાદ- ૩૮૦૦૨૮ ના તે અમારા અસીલશ્રી ઈન્દર નારાયણદાસ મહેતાણી, રહે. ફ્લેટ નં.૮, ત્રીજો માળ, મંગલ દીપ એપાર્ટમેન્ટસ, જગાભાઈ પાર્ક, રામબાગ, મણિનગર, અમદાવાદ ના ની સુચના તથા ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- (૧) અમારા અસીલને તેમના નામના મંગલદીપ ડીલક્ષ એપાર્ટમેન્ટ ઓર્નસ એસોસીએશન દ્વારા જે શેર સર્ટી નં.૮ આપવામાં આવેલ તે અસલ સર્ટીફીકેટ તેમનાથી કયાંક ગુમ થયેલ છે. આ સંજોગોમાં તેઓએ એસોસીએશન પાસેથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તે ઈસ્યુ કરવા બાબતે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન પંદર (૧૫) માં તેઓએ પોતાનો વાંધો લેખિત સ્વરૂપમાં પુરાવા સાથે રજુ કરવો જો આ સમય મર્યાદા પંદર (૧૫) દિવસમાં કોઈનો વાંધો નહીં આવે તો અમારા અસીલને સદર એસોસીએશન તરફથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરી આપવામાં આવશે જેની નોંધ લેશો.

અમારી સુચનાથી
ઈન્દર નારાયણદાસ મહેતાણી
તા.૧૬-૧૦-૨૦૨૬

**એમ.એમ.જોષી (એડવોકેટ/નોટરી)**
**Mo. 99252 46713**
**ચેતનાબેન એમ.જોષી (એડવોકેટ/નોટરી)**
**Mo. 93270 46713**
23, CHANDRAVATISOCIETY, NR. BHAIRAVNATH TEMPLE, BHAIRAVNATH ROAD, MANINAGAR, AHMEDABAD-380028

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકો બાવળા, મોજે કાણોતર ગામના ખાતા નં. ૩૦૪ ની રે. સર્વે નં. ૫૩૦ (જુનો સર્વે નં. ૮૬ પૈકી) ની હે.આરે.ચો.મી. ૨-૬૧-૭૬ પૈકીની હે.આરે.ચો.મી. ૧-૪૨-૬૮ યાને કે ૧૪૨૬૮ ચો,મી, ક્ષેત્રફળની જુની શરતની ખેતીની વણવહેંચાયેલ જમીનવાળી મિલકત ખોડાભાઈ હરીભાઈ નગાભાઈ, રહે. કાણોતર, બાવળા, અમદાવાદ નાઓએ પોતાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની અને બોજારહિત હોવાનું જણાવીને અમારી પાસેથી સદર મિલકતના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ મિલકતમાં કોઈ પણ વ્યક્તિ, બેંક, પેઢી, કંપની, સંસ્થા, સહકારી મંડળી, વિગેરેનો કોઈ પણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો- અલાખો, ભરણ-પોષણનો હક્ક, બોજો, ચાર્જ, લોન, લીયન, ઈત્યાદી હોય કે ટાઈટલ સર્ટીફીકેટ જારી કરવા સામે વાંધો-વિરોધ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં યોગ્ય પુરાવાઓની પ્રમાણિત નકલ સહિત અમોને નીચેના સરનામે રજી.એડી.થી પોતાના વાંધા મોકલવા (પુરાવા વગરના વાંધા ધ્યાને લેવાશે નહીં) અન્યથા મુદત વિત્યેથી સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈ પણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વગેરે નથી અને જો હોય તો તે તેમણે રાજીખુશીથી જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈ પણ પ્રકારની તકરાર ચાલશે નહીં, જેની જાહેર જનતાએ તથા લગતા-વળગતા તમામે સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ: ૧૬-૧૦-૨૦૨૬

**મારી મારફતે**
**અજય એમ. પટેલ,**
**એડવોકેટ એન્ડ નોટરી**
**મો. ૯૮૭૯૮૧૦૦૪૩**
ઓ, સેલર નં. ૩, અંકુર કોમર્શિઅલ સેન્ટર, અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

## જાહેર નોટિસ

આથી, જાહેર જનતાને જણાવવાનું કે, જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અમદાવાદ, સબ - ડિસ્ટ્રિક્ટ અમદાવાદ ૧૨ (નિકોલ), તાલુકા દશક્રોઈના મોજે ગામ કઠવાડાની સીમના રેવન્યુ સર્વે/ બ્લોક નં. ૮૭૯ (રિ-સર્વે પહેલાના સર્વે/બ્લોક નં. ૩૩૯) ની ૯૬૩૩ ચો.મી., ના ક્ષેત્રફળવાળી જમીનનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૧૧૭ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૨૨૪ ની ૫૮૫૦ ચો.મી., ના ક્ષેત્રફળવાળી ઔધોગિક હેતુ માટેની બિનખેતીની જમીન "SAHAJANAND NIRMAN" એ નામની ભાગીદારી પેઢીની સ્વતંત્ર, માલિકી, કબજા - ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે.-સબબ, મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત કે હિસ્સો જેવો કે બાનાખત, વેચાણ, વારસો, ગીરો, બોજો, લિયન ચાર્જ, સંસ્થા કે બેંકનો તથા અન્ય કોઈપણ વ્યક્તિનો બોજો, અલાખો, દરદાવો, લાગભાગ, હક્ક, હિસ્સો, વાંધો, તકરાર યા અન્ય કોઈપણ પ્રકારનો હક્ક આવેલ કે પોષાતો હોય તો દિન ૭ (સાત) માં અમોને લેખિત પુરાવા સહીત નીચેના સરનામે લેખિતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પુરાવા વગરના વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈના હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તમામ વાંધા જતા (વેવ) કર્યા છે તેમ સમજી સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા હરકત કે તકરાર ચાલશે નહી જેની નોધ લેવી.

સ્થળ : અમદાવાદ
તા. ૧૬.૧૦.૨૦૨૬

**મારી મારફતે**
**BHAVIN PATEL LAW CO**
**ચંદુભાઈ બી. પટેલ (એડવોકેટ)**
**ભાવિન ચંદુભાઈ પટેલ (એડવોકેટ)**
ઓફીસ : ૧૦૧, ફર્સ્ટ ફ્લોર, હિલટાઉન સ્કવેર, એમ.જી. રોડ, નિકોલ, અમદાવાદ.
મો. નં. ૯૮૨૪૦૭૧૨૪૨

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકો બાવળા, મોજે કાણોતર ગામના ખાતા નં. ૨૬૨ ની રે.સર્વે નં. ૫૩૧ (જુનો સર્વે નં. ૯૧બ) ની હે.આરે.ચો.મી. ૩-૨૦-૭૨ પૈકીની હે.આરે.ચો.મી. ૧-૪૨-૬૮ યાને કે ૧૪૨૬૮ ચો.મી. ક્ષેત્રફળની જુની શરતની ખેતીની વણવહેંચાયેલ જમીનવાળી મિલકત જીવણભાઈ ચોંથાભાઈ, ગંગાબેન જીવણભાઈ, કાનાભાઈ જીવણભાઈ, નવઘણભાઈ જીવણભાઈ, રઘુભાઈ જીવણભાઈ તથા જસુબેન જીવણભાઈ, તમામ રહે. કાણોતર, બાવળા, અમદાવાદ નાઓએ પોતાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની અને બોજારહિત હોવાનું જણાવીને અમારી પાસેથી સદર મિલકતના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ મિલકતમાં કોઈ પણ વ્યક્તિ, બેંક, પેઢી, કંપની, સંસ્થા, સહકારી મંડળી, વિગેરેનો કોઈ પણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો- અલાખો, ભરણ-પોષણનો હક્ક, બોજો, ચાર્જ, લોન, લીયન, ઈત્યાદી હોય કે ટાઈટલ સર્ટીફીકેટ જારી કરવા સામે વાંધો-વિરોધ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં યોગ્ય પુરાવાઓની પ્રમાણિત નકલ સહિત અમોને નીચેના સરનામે રજી.એડી.થી પોતાના વાંધા મોકલવા (પુરાવા વગરના વાંધા ધ્યાને લેવાશે નહીં) અન્યથા મુદત વિત્યેથી સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈ પણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વગેરે નથી અને જો હોય તો તે તેમણે રાજીખુશીથી જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈ પણ પ્રકારની તકરાર ચાલશે નહીં, જેની જાહેર જનતાએ તથા લગતા-વળગતા તમામે સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ: ૧૬-૧૦-૨૦૨૬

**મારી મારફતે**
**અજય એમ. પટેલ,**
**એડવોકેટ એન્ડ નોટરી**
**મો. ૯૮૭૯૮૧૦૦૪૩**
ઓ, સેલર નં. ૩, અંકુર કોમર્શિઅલ સેન્ટર, અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

## જાહેર નોટિસ

આથી અમો એડવોકેટ તે અમારા અસીલની સુચના અનુસાર આ જાહેર નોટીસથી જાહેર જનતાને જણાવીએ છીએ કે ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૩ (મેમનગર) ના સાબરમતી તાલુકાના મોજે ચંગીસપુરના ટી.પી. સ્કીમ નંબર: ૩, ફા. પ્લોટ નંબર: ૪૨૫/સી+૪૨૬/એ/૧ ની જમીન ઉપર શાંત (એલીસબ્રીજ) ઓનર્સ એસોસીએશન આવેલ છે કે જે ''સમેધ'' તરીકે ઓળખાય છે તેમાં આવેલ ઓફિસ નંબર: ૬૦૧ કે જેનું ક્ષેત્રફળ ૮૨૫ સમચોરસફૂટ યાને કે ૭૬.૬૪ સમચોરસમીટર (મ્યુ. ટેક્ષ બીલ મુજબ ૫૮.૪૫ સમચોરસમીટર) ના બાંધકામવાળી તથા ઓફિસ નંબર: ૭૦૮ કે જેનું ક્ષેત્રફળ: ૮૨૫ સમચોરસફૂટ યાને કે ૭૬.૭૪ સમચોરસમીટરના બાંધકામવાળી મિલકત ઝોરા ટ્રેડર્સ લી. ની સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટાની બોજા રહિત આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સદર મિલકત પરત્વે બીજા કોઈના કોઈપણ જાતના લાગભાગ, કબજા હક્ક, હિસ્સા, હિત સંબંધ, વાંધા, તકરાર, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે બીજી કોઈપણ રીતે સદરહુ મિલકત ઉપર હક્ક દાવો કે અલાખો વિગેરે આવેલા હોય કે પોષાતો હોય તો તે અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના આધાર પુરાવાની પ્રમાણિત નકલ સાથે લેખિત જાણ રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો મજકુર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, હિત, લાગભાગ, વારસા હક્ક કે લેણાં વિગેરેનો બોજો નથી અને હોય તો તેમણે મજકુર માલિકની તરફેણમાં જતો (વેવ) કરેલ છે તેમ ગણવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી તેની આથી સ્પષ્ટ નોંધ લેવી.

તા. ૧૭-૧૦-૨૦૨૬

**હિરેન વી. ઠક્કર (એડવોકેટ)**
૫, આકાશ ટાવર, જજીસ બંગ્લો રોડ, બોડકદેવ, અમદાવાદ
મો.નં. ૯૬૦૧૪૦૭૦૦૪

## રેલવેની નકલી ટિકિટો બનાવવાનું કૌભાંડ : બે મુસાફર ઝડપાયા

રાજકોટ, શનિવાર

સોમનાથ-જબલપુર એક્સપ્રેસમાંથી ગઈકાલે નકલી ટીકીટ સાથે બે મુસાફરો ઝડપાયા હતા. રેલવે પોલીસે ગુનો દાખલ કરી બંનેની અટકાયત કરી હતી. એઆઈ અને ફોટોશોપની મદદથી નકલી ટીકીટો બનાવી આપનાર શખ્સની પણ અટકાયત કરાઇ હતી. સોમનાથ-જબલપુર એક્સપ્રેસ ગઈકાલે રાજકોટ રેલવે સ્ટેશનથી રવાના થયા બાદ વાંકાનેર રેલવે સ્ટેશન ખાતે ટીકીટ નિરીક્ષક રાજેનસિંહ રાજપૂતે બે પેસેન્જરોની ટીકીટ તેમના મોબાઈલમાં ચેક કરતાં શંકા ગઈ હતી. વધુ તપાસ કરતાં બંને ટીકીટ નકલી હોવાનું સ્પષ્ટ થતાં બંને મુસાફરોને સુરેન્દ્રનગર આરપીએફના હવાલે કર્યા હતા.ત્યારબાદ રાજકોટ રેલવે પોલીસમાં આજે ફરિયાદ નોંધાવી હતી. ઝડપાયેલા મુસાફરનું નામ કનૈયા ચૌધરી (ઉ.વ.૪૩) છે. બીજો મુસાફર સગીર છે. આ બંને હાલ ગોંડલના ગુંદાળા ગામે રહી કારખાનામાં કામ કરે છે. કનૈયા મૂળ બિહારનો અને સગીર મૂળ યુપીનો વતની છે.

## કોડીનારમાં યુવકનો ભોગ લેનારી સિંહણ પાંજરે પુરાઇ

રાજકોટ, શુક્રવાર

કોડીનાર તાલુકાના વલાદર ગામે ૩૧ વર્ષીય મહેશભાઈ પ્રતાપભાઈ રાઠોડના મોતની ઘટનામાં શંકાસ્પદ સિંહણ આખરે પાંજરે પુરાઈ છે. યુવક પર હુમલાની ઘટના બાદ વન વિભાગ દ્વારા સિંહણને પકડવા માટે સતત કવાયત હાથ ધરવામાં આવી હતી. અલગ-અલગ સ્થળોએ ત્રણ પાંજરાં ગોઠવ્યા બાદ ૩૬ કલાકથી વધુ સમયની જહેમતને અંતે સિંહણ પકડાતાં ગ્રામજનો અને વન વિભાગે રાહતનો શ્વાસ લીધો છે. ઉલ્લેખનીય છે કે, તા.૧૪ ઓક્ટોબરની વહેલી સવારે મહેશભાઈનો મૃતદેહ તેમના ઘરથી આશરે ૩૦૦ મીટર દૂર ખેતરમાંથી મળી આવ્યો હતો. આ ઘટનાથી ગ્રામજનોમાં ભય અને રોષ ફેલાયો હતો. હવે સિંહણને જામવાળા એનિમલ કેર સેન્ટર ખાતે લઈ જવામાં આવશે.

## અંકલેશ્વર ઉદ્યોગો પર વીજ સંકટઃ સાંજે ૪થી ૧૧ વાગ્ય સુધી સ્ટેગર ડેનો અમલ

અંકલેશ્વર તા ૧૬

ઔદ્યોગિક વિકાસમાં મોખરે રહેલા અંકલેશ્વરના ઉદ્યોગો પર વીજ સંકટ ઉભું થયું છે.સાંજે ૪થી રાત્રે ૧૧ વાગ્યા સુધી ઔદ્યોગિક ફીડરો પર સ્ટેગર ડેનો અમલ શરૂ કર્યો છે.ઉદ્યોગો દ્વારા આવનારા દિવસોમાં ઉત્પાદન ખર્ચ વધવાની શક્યતા સેવાઇ છે.










## તહેવારોના અર્થતંત્રમાં સેવા ક્ષેત્રની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ રહેશે

# દિવાળી સુધી રૂ. ૭ લાખ કરોડથી વધુ ટર્નઓવરનો અંદાજ

અમદાવાદ, તા.૧૬

**આ વર્ષે, નવરાત્રીથી દિવાળી સુધી દેશભરમાં ઉત્સવો દરમિયાન વિવિધ વ્યવસાયોનું વ્યાપાર ટર્નઓવર રૂ. ૭ લાખ કરોડથી વધુ થવાનો અંદાજ છે, જે ગયા વર્ષના રેકોર્ડ વ્યવસાયની તુલનામાં આશરે ૧૫-૧૮ ટકાનો વધારો દર્શાવે છે. ગયા વર્ષે, દિવાળીમાં આશરે રૂ. ૬.૦૫ લાખ કરોડનો રેકોર્ડ વ્યવસાય જોવા મળ્યો હતો. નવરાત્રી પછી દુર્ગા પૂજા, દશેરા, કરવા ચોથ, ધનતેરસ, દિવાળી, ગોવર્ધન પૂજા, ભૈયાબીજ, છઠ પૂજા, ગુરુ નાનક જયંતિ અને તુલસી વિવાહ દેશભરમાં વ્યાપકપણે ઉજવવામાં આવે છે.**

## ગયા વર્ષે દિવાળીમાં આશરે રૂ.૬.૦૫ લાખ કરોડનો રેકોર્ડ વ્યવસાયથી આ વર્ષે ૧૮ ટકા સુધીનો વધારો થવાનો અંદાજ : તહેવારામાં માલ અને સેવાઓ ઈકોસિસ્ટમમાં નોંધપાત્ર માંગ પેદા કરશે

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ગયા વર્ષે દિવાળી ઉજવણીમાં આશરે રૂ. ૬.૦૫ લાખ કરોડનો રેકોર્ડ વેપાર થયો હતો, જેમાં આશરે રૂ. ૫.૪૦ લાખ કરોડનો માલસામાનનો વેપાર અને રૂ. ૬૫,૦૦૦ કરોડનો સેવાઓનો વેપાર સામેલ છે. આ વર્ષે, તહેવારોની મોસમના વિસ્તરણ સાથે, વેપાર રૂ. ૭ લાખ કરોડથી વધુ થવાની ધારણા છે.



એક અંદાજ મુજબ, નવરાત્રીથી દિવાળી સુધીના અંદાજિત તહેવારોના વ્યવસાયમાં મુખ્ય ક્ષેત્રોનો હિસ્સો નીચે મુજબ હોવાનો અંદાજ છે. જેમાં કરિયાણા અને એફએમસીજી ૧૨%, સોનું, ચાંદી અને ઘરેણાં ૧૦%, ઈલેક્ટ્રોનિક્સ અને ઈલેક્ટ્રિકલ્સ ૮%, ગ્રાહક ટકાઉ વસ્તુઓ ૭%, તૈયાર વસ્ત્રો ૭%, ભેટ વસ્તુઓ ૭%, ગૃહ સજાવટ ૫%, ફર્નિચર અને ફર્નિશિંગ ૫%, મીઠાઈઓ અને નાસ્તા ૫%, કાપડ અને કાપડ ૪%, પૂજા વસ્તુઓ ૩%, ફળો અને સૂકા ફળો ૩%, બેકરી અને કન્ફેક્શનરી ૩%, ફૂટવેર ૨%, અને અન્ય માલસામાન અને સંબંધિત વ્યવસાયોનો ૧૯ ટકા હિસ્સો રહેવાનો અંદાજ છે.

આ વર્ષે, તહેવારોના અર્થતંત્રમાં સેવા ક્ષેત્રની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ રહેશે. નવરાત્રિ અને દિવાળી દરમિયાન, પરિવહન, લોજિસ્ટિક્સ, ઈ-કોમર્સ ડિલિવરી, પેકેજિંગ, વેરહાઉસિંગ, હોટલ, રેસ્ટોરન્ટ, પર્યટન, કેટરિંગ, તંબુ અને સજાવટ, લાઈટિંગ, ઈવેન્ટ મેનેજમેન્ટ, કેબ અને સ્થાનિક પરિવહન સહિત અનેક સેવાઓની માંગ મજબૂત રહેવાની ધારણા છે.

પ્રારંભિક અંદાજો દર્શાવે છે કે ગયા વર્ષે આશરે રૂ.૬૫,૦૦૦ કરોડના ટર્નઓવરની સરખામણીમાં આ વર્ષે સેવા ક્ષેત્રમાં ૨૦-૨૫ ટકાનો વધારો થશે. તેના આધારે, તહેવારોના સમયગાળા દરમિયાન સેવા ક્ષેત્રનું ટર્નઓવર આશરે રૂ.૮૦,૦૦૦ થી રૂ. ૧ લાખ કરોડ સુધી પહોંચી શકે છે.આનાથી સ્થાનિક કારીગરો, એમએસએમઈ, મહિલા ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ્સ, હસ્તકલા, ભારતીય બ્રાન્ડ્સ અને સ્થાનિક રીતે ઉત્પાદિત ઉત્પાદનો, નાના વેપારીઓ અને સ્થાનિક ઉત્પાદકોને ફાયદો થશે.

નવરાત્રિથી દિવાળી ૨૦૨૬ સુધીની તહેવારોની મોસમ દેશના વેપાર, સેવા ક્ષેત્ર અને સ્થાનિક અર્થતંત્ર માટે એક નવા સીમાચિહ્નરૂપ સાબિત થશે. તહેવારોના વેપારમાં આ ઉછાળો ફક્ત ગ્રાહકોની માંગનું પરિણામ નથી, પરંતુ દેશના બજારો અને ગ્રાહકો દ્વારા વોકલ ફોર લોકલ, મેડ ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારતના વિઝનની વ્યાપક સ્વીકૃતિને પણ પ્રતિબિંબિત કરે છે.

દર વર્ષની જેમ, આ વર્ષે તહેવારોની મોસમમાં દેશભરમાં મોટી સંખ્યામાં ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને વ્યાપારી કાર્યક્રમો જોવા મળશે. આ કાર્યક્રમો ડેકોરેશન, લાઈટિંગ, ફૂલો, કપડાં, મીઠાઈઓ, ખોરાક, કેટરિંગ, પરિવહન, હોટલ, પ્રવાસન, ફોટોગ્રાફી, ઈવેન્ટ મેનેજમેન્ટ, સુરક્ષા, પેકેજિંગ અને ડિલિવરી સહિતના અનેક ક્ષેત્રોને સીધા લાભ આપશે. આમ, તહેવારોની મોસમની અસર દુકાનો અને બજારો સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ સમગ્ર માલ અને સેવાઓ ઈકોસિસ્ટમમાં નોંધપાત્ર માંગ પેદા કરશે.

## દિવાળીએ ફટાકડાના ઊંચા ભાવ ગ્રાહકોના ખિસ્સા પર બોજ વધારશે

# ફટાકડાના ભાવમાં ૩૦થી ૫૦ ટકાનો તોતિંગ વધારો થવાની ધારણા

અમદાવાદ, તા.૧૬

આ દિવાળીએ આકાશને રોશનીથી ઝળહળાવવું ગ્રાહકોના ખિસ્સા પર બોજમાં વધારો કરશે.કારણ કે વિવિધ કેટેગરીના ફટાકડાના ભાવમાં ૩૦ થી ૫૦ ટકાનો વધારો થવાની ધારણા છે. ગ્રાહકો પર આ બોજ મુખ્યત્વે ભૌગોલિક-રાજકીય તણાવને પગલે કેમિકલના ભાવમાં થયેલા વધારા, શિપિંગમાં વિલંબ અને તમિલનાડુના શિવાકાશીમાં માંગ તેમજ પુરવઠા વચ્ચે સર્જાયેલા અસંતુલનને કારણે આવી રહ્યો છે તેમ ફટાકડા ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું.

ભારતના ફટાકડાના પાટનગર ગણાતા શિવાકાશીનો દેશના કુલ ઉત્પાદનમાં આશરે ૯૦ ટકા હિસ્સો છે, જે ૧,૦૭૦ લાઈસન્સ પ્રાપ્ત ઉત્પાદન એકમો મારફતે વાર્ષિક આશરે રૂ. ૭,૦૦૦ કરોડનું ટર્નઓવર નોંધાવે છે.

ઈન્ડિયન ફાયરવર્ક્સ એસોસિએશને જણાવ્યું હતું કે, કાચા માલના ભાવ વધારાને કારણે કિંમતો વધી રહી છે, અને ઉત્પાદનોના આધારે તેમાં ૩૦ ટકાથી ૫૦ ટકા સુધીનો વધારો થઈ શકે છે. કાચા માલ સિવાયના અન્ય સમગ્ર ઉત્પાદન ખર્ચમાં પણ વધારો થયો છે, જેમાં કે કાગળ, ડુપ્લેક્સ બોર્ડ, દોરો, લેબલ્સ અને અન્ય ઘણી સામગ્રી સામેલ છે.

મહત્વની બાબત એ છે કે કેટલાક એકમો બંધ થવાને કારણે આ વર્ષે માંગ પણ વધી છે, જેના કારણે ઉત્પાદકો ગ્રાહકોને અગાઉની જેમ ડિસ્કાઉન્ટ આપવા તૈયાર નથી.

શિવાકાશી ફાયરવર્ક્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશને જણાવ્યું હતું કે, કેટલીક રાજ્ય સરકારોએ ફટાકડા પરના સંપૂર્ણ પ્રતિબંધમાં છૂટછાટ આપી છે. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટનો હકારાત્મક અભિગમ પણ આ વર્ષે વેચાણને વેગ આપી રહ્યો છે. જોકે, બીજીતરફ વિવિધ કાચા માલના ભાવમાં ક્યારેય ન થયો હોય તેટલો વધારો નોંધાયો છે.



ફટાકડા માટે મુખ્ય કાચો માલ ગણાતા સલ્ફરનો ભાવ પ્રતિ કિલો રૂ.૭૫ થી વધીને રૂ. ૧૪૦ સુધી પહોંચી ગયો હતો, જે બાદમાં ઘટીને રૂ. ૧૦૦ થયો છે. આ ઉપરાંત એલ્યુમિનિયમ, સોડિયમ નાઈટ્રેટ અને સોરાના ભાવમાં પણ વધારો થયો છે. કાચા માલના ખર્ચમાં સરેરાશ આશરે ૩૦ ટકાનો વધારો થયો છે. ઈંધણના ભાવ વધારાને કારણે ટ્રાન્સપાર્ટેશન ખર્ચ પણ ઊંચો છે. આ બાબત નફાના માર્જિનને અસર કરી રહી છે અને અંતે ફિનિશ્ડ પ્રોડક્ટ પર અસર કરશે. ઉત્પાદકોના જણાવ્યા મુજબ, આ સિઝનમાં ભારે માંગને પહોંચી વળવા માટે નિર્ધારિત ઉત્પાદનમાંથી લગભગ ૬૦ ટકા ઉત્પાદન પૂર્ણ કરી લેવામાં આવ્યું છે.

## કેમિકલના વધતા ભાવ, શિપિંગમાં વિલંબ અને માંગ-પુરવઠા વચ્ચેના અસંતુલનને કારણે કિંમતોમાં મોટો ઉછાળો

# પશ્ચિમ એશિયાની કટોકટીના કારણે ચોખાની નિકાસ પ્રભાવિત

અમદાવાદ, તા.૧૬

**ભારતની સૌથી મોટી કૃષિ પેદાશ શિપમેન્ટ એવી ચોખાની નિકાસ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ (FY27) ના એપ્રિલ-સપ્ટેમ્બર ગાળા દરમિયાન વાર્ષિક ધોરણે માત્ર ૨.૫% વધીને ૫.૭૭ બિલિયન ડોલર રહી છે, કારણ કે પશ્ચિમ એશિયાના સંઘર્ષને લીધે પુરવઠામાં ખલેલ અને ઊંચા નૂર ભાડાં સતત શિપમેન્ટને અસર કરી રહ્યાં છે.**

## એપ્રિલ-સપ્ટેમ્બર ગાળા દરમિયાન વાર્ષિક ધોરણે માત્ર ૨.૫% વધીને ૫.૭૭ બિલિયન ડોલર

સપ્ટેમ્બર ૨૦૨૬ માં વિશ્વના સૌથી મોટા ચોખા નિકાસકાર દેશે ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ ૪.૨% ના વધારા સાથે ૦.૯૬ બિલિયન ડોલરના અનાજની નિકાસ કરી હતી, કારણ કે મધ્ય પૂર્વના આયાતકાર દેશો સ્ટોક જાળવવામાં સતર્કતાભર્યો અભિગમ અપનાવી રહ્યા છે.

નિકાસકારોએ જણાવ્યું હતું કે ઈરાક, કુવૈત, બહેરીન, કતાર, દમ્મામ અને જેબેલ અલીના બંદરોએ હજુ પણ વ્યવસ્થા ખોરવાયેલી છે, જેના કારણે શિપમેન્ટને વધુ લાંબા અને મોંઘા વૈકલ્પિક રૂટ અપનાવવા પડી રહ્યા છે.

ઓલ ઈન્ડિયા રાઈસ એક્સપોર્ટર્સ એસોસિએશને જણાવ્યું હતું કે, હાલમાં દેશમાં ડાંગરના ઊંચા ભાવો, અનિશ્ચિત આંતરરાષ્ટ્રીય માંગ, વધતો લોજિસ્ટિક્સ ખર્ચ અને ભૌગોલિક રાજકીય અડચણો ભેગા મળીને ચોખાની નિકાસ પર દબાણ ઊભું કરી રહ્યા છે.



**ભારતની ચોખાની નિકાસ (અબજ ડોલરમાં)**

| વર્ષ | ચોખાની નિકાસ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૯.૬૨ |
| ૨૦૨૨-૨ | ૧૧.૧૪ |
| ૨૦૨૩-૨૪ | ૧૦.૪૧ |
| ૨૦૨૪-૨૫ | ૧૨.૪૭ |
| ૨૦૨૫-૨૬ | ૧૧.૫ |
| ૨૦૨૬-૨૭ (એપ્રિલ-સપ્ટે.) | ૫.૭૭ |

(આંકડા અબજ ડોલરમાં)

બાસમતી અને બિન-બાસમતી બંને જાતો સહિત ચોખાની નિકાસનું મૂલ્ય નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (FY26) માં વાર્ષિક ધોરણે ૭.૫% ઘટીને ૧૧.૫૩ બિલિયન ડોલર નોંધાયું હતું. છેલ્લા એક દાયકામાં ભારત વિશ્વમાં ચોખા (બાસમતી અને બિન-બાસમતી) નો સૌથી મોટો નિકાસકાર દેશ રહ્યો છે.

યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરએ જણાવ્યું હતું કે આવતા વર્ષે (૨૦૨૭ માં) ભારતની ચોખાની નિકાસ ૪% ઘટીને ૨૪ મિલિયન ટન થવાનો અંદાજ છે.

# મહારાષ્ટ્રમાં ખુલ્લા મસાલા વેચવા પર FDAનો પ્રતિબંધ

અમદાવાદ, તા.૧૬

**હળદર, મરચું, ધાણાજીરું અને ગરમ મસાલા સહિત તમામ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અટકાવવા માટે મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (FDA) એ કડક પાલન આદેશ બહાર પાડ્યો છે. આ આદેશ હેઠળ દળેલા મસાલા અને મિશ્રિત મસાલાના ખુલ્લા વેચાણ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. મસાલામાં પ્રતિબંધિત રંગોના ઉપયોગ, અસ્વચ્છ પદ્ધતિથી ઉત્પાદન અને ભ્રામક દાવાઓ સામે પણ પગલાં લેવામાં આવશે.**

## મસાલામાં કોઈપણ અનધિકૃત પદાર્થો ભેળવવા પર કડક કાર્યવાહી કરાશે

આ આદેશ મસાલાના ઉત્પાદન, પ્રોસેસિંગ, સંગ્રહ, પરિવહન અને વેચાણ સાથે સંકળાયેલા તમામ વેપારીઓને લાગુ પડશે. જેમાં ઉત્પાદકો, જથ્થાબંધ તથા છૂટક વેપારીઓ, ઈ-કોમર્સ કંપનીઓ, હોટલ અને કેટરર્સ પણ સામેલ છે.



ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશનના આદેશ મુજબ, મસાલામાં મેટાનિલ યલો, રોડામાઈન-બી, સુદાન ડાઈ અને લેડ ક્રોમેટ જેવા પ્રતિબંધિત રંગોનો ઉપયોગ કરી શકાશે નહીં. વજન વધારવા માટે ઈંટનો ભૂકો, ચોક પાવડર, લાકડાનો વહેર કે અન્ય અનધિકૃત પદાર્થો ભેળવવા પર કડક કાર્યવાહી કરાશે. જે મસાલામાંથી અર્ક (તેલ/સત્ત્વ) કાઢી લેવામાં આવ્યો હોય, તેના વેચાણ પર પણ રોક લગાવી દેવામાં આવી છે. મસાલા જાહેર રસ્તાઓ, ડામરવાળી સપાટીઓ, ગટરો કે પશુશાળાઓ નજીક સૂકવવાની પરવાનગી રહેશે નહીં.

કમિશનરે જણાવ્યું કે બજારમાં વેચાતા મસાલાના પેકેટ પર ઉત્પાદનનું નામ, તેમાં વપરાયેલી સામગ્રી (ઈન્ગ્રીડિયન્ટ્સ), ઉત્પાદકની વિગતો, FSSAI લાયસન્સ નંબર, બેચ નંબર, ઉત્પાદન અથવા પેકિંગની તારીખ તથા 'બેસ્ટ બિફોર' (ઉપયોગ કરવાની છેલ્લી તારીખ) જેવી મહત્વની વિગતો દર્શાવવી ફરજિયાત રહેશે.

# બેન્ક ક્રેડિટમાં ૧૯ ટકા અને ડિપોઝિટ્સમાં ૧૮ ટકાનો વધારો

અમદાવાદ, તા.૧૬

**રિઝર્વ બેન્કના તાજેતરના આંકડા અનુસાર, ૩૦ સપ્ટેમ્બરે પૂરા થયેલા પખવાડિયામાં બેન્ક ક્રેડિટ (ધિરાણ) વાર્ષિક ધોરણે ૧૯.૩૮ ટકા વધીને રૂ. ૨૩૦ લાખ કરોડ થયું છે, જ્યારે થાપણો (ડિપોઝિટ્સ) ૧૭.૮૩ ટકા વધીને રૂ. ૨૮૩.૯૫ લાખ કરોડ પહોંચી છે.**

## ૨૦૨૬-૨૭ના પ્રથમ અર્ધવાર્ષિકમાં બેન્ક ક્રેડિટમાં થયેલો રૂ. ૧૬.૩૫ લાખ કરોડનો ઉમેરો

જૂન અને ઓગસ્ટ વચ્ચે સેન્ટ્રલ બેન્કની રાહત દરે ફોરેન એક્સચેન્જ સ્વેપ સુવિધા હેઠળ ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક), એટલે કે FCNR(B) થાપણો એકત્ર કરવાને કારણે ધિરાણ અને થાપણો બંનેમાં વધારો થયો છે.

પખવાડિયાના ધોરણે, બેન્ક ક્રેડિટમાં ૩ ટકાથી વધુ વૃદ્ધિ થઈ હતી, જ્યારે થાપણોમાં ૨.૮ ટકાનો વધારો થયો હતો, જે ત્રિમાસિક ગાળાના અંતે ધિરાણ અને બેલેન્સ-શીટ પ્રવૃત્તિઓમાં સામાન્ય રીતે જોવા મળતા વિસ્તરણને દર્શાવે છે.



નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં બેન્ક ક્રેડિટમાં થયેલો ઉમેરો રૂ. ૧૬.૩૫ લાખ કરોડ રહ્યો હતો, જે પાછલા વર્ષના સમાન ગાળામાં ઉમેરાયેલા રૂ. ૧૦.૧૭ લાખ કરોડ કરતાં આશરે ૧.૬ ગણો છે. રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે કૃષિ, ઉદ્યોગ, સેવાઓ અને પર્સનલ લોન જેવા તમામ ક્ષેત્રોમાં ક્રેડિટ ગ્રોથ વ્યાપક રહ્યો છે.

થાપણોના સંચય (ડિપોઝિટ વૃદ્ધિ)માં પણ મજબૂતી આવી છે. બેન્કોએ FY27 ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં રૂ. ૨૧.૬૭ લાખ કરોડની થાપણો ઉમેરી છે, જ્યારે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૧૫.૧૮ લાખ કરોડ ઉમેરાયા હતા.

જૂનમાં શરૂ કરાયેલી રિઝર્વ બેન્કની રાહત દરવાળી સ્વેપ ફેસિલિટીએ બેન્કો માટે મુદ્દલ રકમ પર હેજિંગ ખર્ચ ઘટાડીને વિદેશી ચલણની થાપણો એકત્ર કરવામાં પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ વધારાના ભંડોળે ધિરાણકર્તાઓને તેમની ફંડિંગ સ્થિતિ મજબૂત કરવામાં મદદ કરી અને ક્રેડિટ ગ્રોથને ટેકો આપવા માટે પૂરતી જગ્યા પૂરી પાડી

# ડેલોઈટ દ્વારા પણ ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં વધારો

મુંબઈ, તા. ૧૬

**વર્તમાન નાણાં વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર ૭.૧૦થી ૭.૩૦ ટકા રહેવાની અપેક્ષા છે. ખાનગી ઈન્વેસ્ટમેન્ટમાં સ્થિર વધારાને પરિણામે માગ વૃદ્ધિને બળ મળી રહ્યું છે એમ ડેલોઈટ ઈન્ડિયાના રિપોર્ટમાં જણાવાયું હતું.**

## ખાનગી ઈન્વેસ્ટમેન્ટમાં સ્થિર વધારાને પરિણામે માગ વૃદ્ધિને બળ

જો કે ભૌગોલિકરાજકીય તાણ, ઉર્જાની કિંમતોમાં વોલેટિલિટી તથા વેપાર ખલેલો ગ્રોથ આઉટલુક સામે પડકારરૂપ રહેલા છે. છેલ્લા એક દાયકાથી ભારતનો વિકાસ સ્થિતિસ્થાપક ઘરેલુ ખર્ચ અને જાહેર માળખામાં ઈન્વેસ્ટમેન્ટમાં સ્થિર વધાર પર આધારિત છે.

વેપાર ગૃહો હવે સારા જોડાણ ધરાવી રહ્યા છે, તેમની બેલેન્સ શીટસ પણ તંદૂરસ્ત છે અને ક્ષમતા ઉપયોગીતા પણ ઊંચી છે જે વિસ્તરણ માટેની સ્થિતિને મજબૂત બનાવે છે. ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં ૧૧.૯૦ ટકા વૃદ્ધિ પામ્યુ છે જે ચાર વર્ષમાં સૌથી ઊંચુ છે એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું હતું.વિવિધ પોઝિટિવ પરિબળોને ધ્યાનમાં રાખી વર્તમાન નાણાં વર્ષ માટે ભારતનો આર્થિક વિકાસ દર ૭.૧૦થી ૭.૩૦ ટકા અને નાણાં વર્ષ ૨૦૨૭-૨૮ માટેનો આ દર ૬.૬૦થી ૭ ટકા રહેવા અંદાજ મુકાયો છે.

# તહેવારોને કારણે ટ્રક્સની હેરફેર વધી જતા ડીઝલના વપરાશમાં વધારો

મુંબઈ, તા. ૧૬

તહેવારોની મોસમ દરમિયાન ટ્રકની હેરફેર વધી જવાને કારણે દેશમાં ડીઝલના વપરાશમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. ઑક્ટોબરના પ્રથમ પખવાડિયામાં ડીઝલનું વેચાણ સપ્ટેમ્બરના પ્રથમ પખવાડિયાની સરખામણીએ ૨૬.૪૦ ટકા વધી ૩૬.૫૦ લાખ ટન રહ્યું હોવાનું પ્રાપ્ત ડેટામાં જણાવાયુ હતું.

કૃષિ ક્ષેત્ર ઉપરાંત તહેવારો નિમિત્તે પરિવહનમાં વધારો થતા ડીઝલના વપરાશમાં વૃદ્ધિ જોવા મળી હોવાનું જોવા મળી રહ્યું છે.

ખરીફ મોસમની કામગીરી દરમિયાન ખેડૂતો દ્વારા સિંચાઈ માટે ડીઝલ આધારિત જનસેટસનો ઉપયોગ વધુ રહે છે. સપ્ટેમ્બરમાં ટ્રકના વેચાણમાં ઑગસ્ટની સરખામણીએ ૩૩ ટકા વધારો થઈને ૪૪૩૨૦ ટ્રક્સ રહ્યાનું પણ અન્ય એક માહિતીમાં જણાવાયું હતું.

પશ્ચિમ એશિયાના યુદ્ધને કારણે ક્રુડ તેલના વૈશ્વિક ભાવ તાજેતરમાં વધી વિક્રમી સપાટીએ જોવા મળ્યા છે.

## ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ફંડો ફરી બજારમાં

# સોના-ચાંદી તથા પ્લેટીનમમાં મંદીને બ્રેક: ક્રૂડમાં પુન: આગેકૂચ

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ,શુક્રવાર

**મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદી તથા પ્લેટીનમના ભાવમાં ઘટતા અટકી ફરી વધી આવ્યા હતા. મંદીને બ્રેક વાગી હતી. દરમિયાન, વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓના ભાવ આંચકા પચાવી ફરી ઉંચકાતા ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટમાં વૃદ્ધી થતાં બજારભાવ પર તેની ઈમ્પેક્ટ આજે જોવા મળી હતી. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૦૦૦ વધ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૨૦૦૦ ઉછળ્યા હતા.**

## અમેરિકામાં ક્રૂડના સ્ટોકમાં ઘટાડો : રશિયાની ઓઈલ રિફાઈનરી પર યુક્રેનનો હુમલો : સોનાની ઈમ્પોર્ટ ૮૧ ટકા ઘટી

વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં નીચા મથાળે ફંડો ફરી બજારમાં દાખલ થયાના સમાચાર મળ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૧૫૭થી ૪૧૫૮ ડોલર વાળા આજે વધી ઉંચામાં ભાવ ૪૧૯૨ થઈ ૪૧૭૭થી ૪૧૭૮ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસના ૫૬.૭૧ વાળા વધી ૫૭.૯૬ થઈ ૫૭.૮૨થી ૫૭.૮૩ ડોલર રહ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવ આંચકા પચાવી ફરી ઉંચકાયા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ વધી ૯૯૫ના રૂ.૧૫૧૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૫૧૫૦૦ બોલાયા હતા. અમદાવાદ ચાંદીના ભાવ વધી રૂ.૨૧૪૦૦૦ રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૫૦૦ વધી ૯૯૫ના ભાવ રૂ.૧૪૫૮૪૦ તથા ૯૯૯ના રૂ.૧૪૬૪૨૬ રહ્યા હતા મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૨૭૦૦ વધી રૂ.૨૧૦૯૧૮ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. મુંબઈ પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૮૦૦ વધી રૂ.૫૮૪૮૪ રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૧૬૧૮ વાળા ૧૬૪૮ થઈ ૧૬૪૧થી ૧૬૪૨ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ નીચામાં ૧૧૧૯ તથા ઉંચામાં ૧૧૪૯ થઈ ૧૧૩૩થી ૧૧૩૪ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૧.૩૩ ટકા વધ્યા હતા.

દરમિયાન, ભારતમાં સપ્ટેમ્બરમાં સોનાની ઈમ્પોર્ટ ૮૧ ટકા તથા ચાંદીની ઈમ્પોર્ટ ૪૯ ટકા ઘટયાના સમાચાર મળ્યા હતા. સપ્ટેમ્બરમાં સોનાની આયાત ઘટી ૧.૮૦ અબજ ડોલર થઈ છે. જ્યારે ચાંદીની આયાત ઘટી ૬૬.૫૧ કરોડ ડોલર થઈ છે જ્યારે દેશમાં ઈમ્પોર્ટ ડયુટી વધતાં સત્તાવાર આયાત ઘટી છે જ્યારે સામે દાણચારી વધી હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલ બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ ૧૦૪.૬૮ વાળા વધી ૧૦૬.૩૭ થઈ ૧૦૬.૩૧ ડોલર રહ્યા હતા. રશિયાની ઓઈલ રિફાઈનરી પર યુક્રેને હુમલો કર્યાના સમાચાર મળ્યા હતા. અમેરિકામાં ક્રૂડનો સ્ટોક ૮૬ લાખ બેરલ્સ ઘટયો હોવાનું યુએસ એનર્જી ઈન્ફર્મેશન એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતું. દરમિયાન, ઈઆઈએના જણાવ્યા મુજબ ક્રૂડનો ૩૩૦ મિલીયન બેરલ્સનો જથ્થો છૂટ્ટો કરાયો છે તથા વધુ ૧૦૦ મિલીયન બેરલ્સનો જથ્થો છૂટ્ટો કરાયો છે તથા વધુ ૧૦૦ મિલીયન બેરલ્સનો જથ્થો ટૂંકમાં છૂટ્ટો કરવામાં આવનાર છે.

## ગ્રાહકો SUV તરફ વળતાં અને વાહનોના ભાવ વધારાની અસર

# ૭ વર્ષમાં કાર લોનનું સરેરાશ કદ ૪૯% વધ્યું

અમદાવાદ, તા.૧૬

ભારતમાં પેસેન્જર વ્હીકલ (કાર) લોનનું સરેરાશ કદ ૨૦૧૯ના પ્રથમ છ મહિના અને ૨૦૨૬ના પ્રથમ છ મહિના વચ્ચે ૪૯ ટકા વધીને રૂ. ૮.૨ લાખ થયું છે. ગ્રાહકો વધુ કિંમતના વાહનો, ખાસ કરીને સ્પોર્ટ્સ યુટિલિટી વ્હીકલ્સ (એસયુવી) તરફ વળ્યા હોવાથી અને વાહનોના ભાવ વધવાને કારણે આ વધારો નોંધાયો છે તેમ ટ્રાન્સયુનિયન સિબિલના એક અહેવાલમાં જણાવાયું હતું.,

આ સમયગાળા દરમિયાન લોનની સરેરાશ ચુકવણીની મુદત પાંચ મહિના વધીને ૬૨ મહિના થઈ ગઈ છે. આ દર્શાવે છે કે ઉધાર લેનારાઓ મોટી લોનની રકમનું સંચાલન કરવા માટે લાંબા ગાળાના હપ્તાઓ પસંદ કરી રહ્યા છે. કારની માલિકી હવે મહત્ત્વાકાંક્ષા અને પરવડે તેવા બજેટના સમન્વયથી આકાર લઈ રહી છે. ગ્રાહકો ઊંચી કિંમતના અને અત્યાધુનિક ફીચર્સવાળા વાહનો પસંદ કરી રહ્યા છે, જ્યારે મોટી લોનની રકમ અને લાંબી મુદત આ ખરીદીને વધુ સરળ બનાવી રહી છે. લોનના કદમાં થયેલો આ વધારો વાહનોના ઊંચા ભાવ અને એન્ટ્રી-લેવલ કારમાંથી એસયુવી તરફના પરિવર્તન એમ બંને બાબતો દર્શાવે છે.



આ ટ્રેન્ડ માત્ર મેટ્રોપોલિટન (મોટા શહેરો) સુધી સીમિત નથી રહ્યો. ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ઊંચા મૂલ્યની કાર ખરીદવા માટે લોન લેનારાઓમાં અર્ધ-શહેરી અને ગ્રામીણ વિસ્તારોનો હિસ્સો ૫૧ ટકા હતો, જે ૨૦૧૯ની સરખામણીએ છ ટકા વધારે છે. ગ્રામીણ વિસ્તારના ગ્રાહકો ટુ-વ્હીલરમાંથી કાર તરફ વળવાનો કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ ૨૦૧૯થી ૧૫ ટકા રહ્યો છે, જે સમગ્ર પેસેન્જર વાહન લોનના ૮ ટકા વૃદ્ધિ દરની તુલનામાં ઘણો વધારે છે.

જૂન ૨૦૨૬ સુધીમાં એક્ટિવ પેસેન્જર વ્હીકલ લોન લેનારા ગ્રાહકોની સંખ્યા ૨.૫ કરોડ પર પહોંચી ગઈ છે, જે જૂન ૨૦૧૯ના સ્તર કરતાં લગભગ ૧.૭ ગણી છે. દરમિયાન, ૯૦ થી ૧૭૯ દિવસ સુધી લોન ન ભરનારા (ડિલિન્ક્વન્સી)નો દર ૯૫ બેસિસ પોઈન્ટ ઘટીને ૦.૫ ટકા થઈ ગયો છે.

પેસેન્જર વ્હીકલ લોનમાંથી ૨૪ ટકા હિસ્સો જૂની (સેકન્ડ હેન્ડ) કારની લોનનો રહ્યો હતો. રજૂ કરાયેલા ડેટા અનુસાર, પેસેન્જર વ્હીકલ્સની કુલ રૂ. ૧૧ લાખ કરોડની આઉટસ્ટેન્ડિંગ લોનમાંથી રૂ. ૨ થી રૂ. ૨.૫ લાખ કરોડ જૂની કારના ફાઈનાન્સિંગ પેટે હતા.

૩૦+ દિવસ અને ૬૦+ દિવસની ડિલિન્ક્વન્સી કેટેગરીમાં કોઈ વધારાનું જોખમ કે દબાણ જોવા મળ્યું નથી. નવા પેસેન્જર વાહનો અને ટુ-વ્હીલર લોનના કિસ્સામાં ડિફોલ્ટના ટ્રેન્ડમાં ક્રમશઃ સુધારો જોવા મળ્યો છે.

નોન-બેંકિંગ ફાયનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી) વાહન ફાઈનાન્સિંગ ક્ષેત્રે સતત પોતાનું સ્થાન મજબૂત કરી રહી છે. જૂન ૨૦૨૬માં એક્ટિવ ટુ-વ્હીલર લોનમાં તેમનો હિસ્સો વધીને [illegible] થયો છે, જે ૨૦૧૯માં ૬૩ ટકા હતો. પેસેન્જર વ્હીકલ ફાઈનાન્સિંગમાં એનબીએફસીનો હિસ્સો ૩૭ ટકા રહ્યો (ચાર ટકાનો વધારો) હતો. સરકારી બેંકોનો હિસ્સો ૩૦ ટકા અને ખાનગી ક્ષેત્રની બેંકોનો હિસ્સો ૨૬ ટકા રહ્યો હતો. ટુ-વ્હીલર ફાઈનાન્સિંગ પાર્ટફોલિયોની ગુણવત્તામાં પણ સુધારો થયો છે. તેમાં ડિલિન્ક્વન્સી જૂન ૨૦૧૯માં ૨.૭ ટકા હતી, જે ઘટીને જૂન ૨૦૨૬માં ૧.૪ ટકા થઈ ગઈ છે. લોન લેનારા ગ્રાહકો પણ હવે ક્રેડિટ બાબતે વધુ અનુભવી બની રહ્યા છે. H1 ૨૦૨૬માં ટુ-વ્હીલર લોન લેનારાઓમાં પ્રથમ વખત લોન લેનારાનો હિસ્સો ૩૯ ટકા રહ્યો હતો, જે ૨૦૧૯ની સરખામણીએ ૧૯ ટકા ઓછો છે. જ્યારે બે વર્ષથી વધુ ક્રેડિટ હિસ્ટ્રી ધરાવતા અનુભવી ગ્રાહકોનો હિસ્સો ૪૩ ટકા રહ્યો હતો, જે ૧૬ ટકાનો વધારો દર્શાવે છે.

## નવા પેસેન્જર વાહનો અને ટુ-વ્હીલર લોનના કિસ્સામાં ડિફોલ્ટના ટ્રેન્ડમાં ક્રમશઃ સુધારો જોવા મળ્યો : લોન લેનારાઓમાં પ્રથમ પસંદગી લાંબા ગાળાના હપ્તાઓની

# મ્યુ. ફંડ્સ દ્વારા રિલાયન્સ અને BSEના શેરમાં મોટાપાયે ખરીદી

અમદાવાદ, તા.૧૬

સપ્ટેમ્બર મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા સૌથી વધુ ખરીદાયેલા શેરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ટોચ પર રહ્યું છે. ફંડ મેનેજરોએ તેની પેટાકંપની જિયો પ્લેટફોર્મ્સના બહુપ્રતિક્ષિત ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (આઈપીઓ) પહેલાં આ શેરમાં અંદાજે રૂ. ૬,૦૦૦ કરોડનું રોકાણ કર્યું છે.

૩૦ સપ્ટેમ્બરે બેન્ચમાર્ક નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં સામેલ થયેલા બીએસઈ એ રૂ. ૫,૫૦૦ કરોડથી વધુનું નેટ મ્યુચ્યુઅલ ફંડ્સ રોકાણ આકર્ષ્યું હતું. આ ખરીદીને તે જ દિવસે થયેલા બ્લોક ડીલથી વેગ મળ્યો હતો, જેમાં ગોલ્ડમેન સત્ક્સ અને બીએનપી પરિબાસ દ્વારા વેચાયેલા શેરોનો મોટો હિસ્સો મ્યુચ્યુઅલ ફંડ્સે ખરીદ્યો હતો.

પ્રાઈમ ડેટાબેઝના ડેટા અનુસાર, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક અને સ્વિગી સૌથી વધુ ખરીદાયેલા ટોચના પાંચ શેરોમાં સામેલ અન્ય શેરો હતા.

નેશનલ સ્ટોક એક્સચેન્જે પણ લગભગ રૂ. ૩,૪૦૮ કરોડનું રોકાણ આકર્ષ્યું હતું, જેમાં પ્રી-આઈપીઓ અને એન્કર રોકાણો સામેલ છે. નવા નિયમનકારી ધોરણો અમલમાં આવ્યા બાદ ગયા મહિને જેમાં મોટો ઘટાડો નોંધાયો હતો. બીજી તરફ, વિપ્રો, લાર્સન એન્ડ ટુબ્રો અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ સૌથી વધુ વેચાયેલા શેરો રહ્યા હતા.

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

### ઈજાગ્રસ્ત અર્ષદીપના બેકઅપ તરીકે ભુવનેશ્વર ટીમમાં સામેલ

# આજે પાંચમી ટી-૨૦માં ટીમ ઈન્ડિયા અને વિન્ડિઝ વચ્ચે શ્રેણી જીતવા માટે જંગ જામશે



## ભારત ઘરઆંગણે સાત વર્ષમાં એક પણ દ્વિપક્ષીય ટી-૨૦ શ્રેણી હાર્યું નથી : ૨૦ સિરિઝથી અજેય

**ભારતીય ટીમ ઘરઆંગણે છેલ્લા સાત વર્ષમાં એક પણ દ્વિપક્ષીય ટી-૨૦ શ્રેણી હારી નથી. આ દરમિયાન કુલ મળીને ૨૦ શ્રેણી રમાઈ છે, જેમાંથી ભારત ૧૮ જીત્યું છે, જ્યારે બે શ્રેણી ડ્રો રહી હતી. છેલ્લે ૨૦૧૯માં ભારત પ્રવાસમાં ઓસ્ટ્રેલિયાની ટીમે યજમાન ટીમને ૨-૦થી ટી-૨૦ શ્રેણીમાં હરાવ્યું હતુ. આ પછી સાઉથ આફ્રિકાની ટીમ ૨૦૧૯માં અને ૨૦૨૨માં ભારત પ્રવાસમાં ટી-૨૦ શ્રેણી ડ્રો કરવામાં સફળ રહ્યું છે. ટીમ ઈન્ડિયાને ઘરઆંગણે સળંગ ૧૨મી દ્વિપક્ષીય ટી-૨૦ શ્રેણી જીતવાની આશા છે. જ્યારે ભારત ક્યારેય ઘરઆંગણે વિન્ડિઝ સામે ટી-૨૦ શ્રેણી હાર્યું નથી અને ટીમ ઈન્ડિયાને આ સિલસિલો આગળ ધપાવતા સતત ચોથી શ્રેણી જીતવાની આશા છે.**

બેંગલુરુ, તા.૧૬

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની હાઈસ્કોરિંગ અને રોમાંચક બની રહેલી ટી-૨૦ શ્રેણીનો પાચમો અને આખરી તેમજ નિર્ણાયક મુકાબલો આવતીકાલે બેંગલુરુમાં ખેલાશે. ટીમ ઈન્ડિયાની નજર ઘરઆંગણે સળંગ ૧૨મી દ્વિપક્ષીય ટી-૨૦ શ્રેણી જીતવા તરફ રહેશે. જ્યારે વિન્ડિઝની ટીમને ભારતની ભૂમિ પર પહેલીવાર યજમાન ટીમ સામે ટી-૨૦ શ્રેણી જીતવાની આશા છે. વિન્ડિઝના બેટ્સમેનોએ જે પ્રકારે લડાયક દેખાવ કરી બતાવ્યો છે, તે જોતા આવતીકાલનો મુકાબલો પણ ભારે રોમાંચક બનશે તેમ લાગી રહ્યું છે. બંને ટીમ શ્રેણીમાં ૨-૨થી બરોબરીએ છે. બેંગુલુરના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં આવતીકાલે સાંજે ૭.૦૦ વાગ્યાથી મેચનો પ્રારંભ થશે. શ્રેણીના નિર્ણાયક મુકાબલામાં જ વરસાદ વિલન બને તેવી શક્યતા છે. વરસાદના કારણે મેચમાં અણધાર્યું પરિણામ જોવા મળી શકે છે.

**ભારતીય બોલિંગ પર ફોકસ : ભુવનેશ્વર ટીમમાં**

ચોથી ટી-૨૦મા બેટિંગ દરમિયાન અર્ષદીપને થયેલી ઈજાને ધ્યાનમાં રાખતાં પસંદગીકારોએ ભુવનેશ્વર કુમારને બેકઅપ તરીકે ટીમમાં સામેલ કર્યો છે. ભારતીય બોલિંગ લાઈનઅપનો દેખાવ છેલ્લી ત્રણ મેચમાં કંગાળ રહ્યો છે અને આ કારણે વિન્ડિઝે બે વખત ૨૪૫+ સ્કોર કર્યો હતો. હવે જો અર્ષદીપ ફિટ નહીં હોય તો ભુવનેશ્વર જેવો અનુભવી બોલર કમબેક કરતાં આગવો પ્રભાવ પાડશે તેમ મનાય છે. મયંક યાદવ અને પ્રિન્સના દેખાવ પર નજર રહેશે. કુલદીપને તક મળે છે કે પછી ભારત અક્ષર, ધીર અને નિતિશને જારી રાખે છે, તે જોવાનું રહેશે.

## બેંગલુરુમાં સાંજે ૭.૦૦થી મેચ વરસાદ વિલન બને તેવી શક્યતા

**ટીમ ઈન્ડિયાના બેટ્સમેનો ફોર્મમાં**

ભારતીય બેટ્સમેનોએ આગવી લયમાં બેટિંગ કરી છે. અભિષેક શર્મા અને સંજુ સેમસને આક્રમક અંદાજમાં બેટિંગ કરી છે. જ્યારે મીડલ ઓર્ડરમાં કિશન અને કેપ્ટન શ્રેયસ અય્યરની પાસે ટીમને મોટી ઈનિંગની આશા છે. તિલક વર્મા અને નિતિશ રેડ્ડીમાં હરિફ ટીમ પર કાઉન્ટર એટેક કરવાની કુશળતા છે, જે ટીમ માટે નિર્ણાયક બની શકે છે. નમન ધીરની પાસે તેની ઓલરાઉન્ડર તરીકેની ક્ષમતા દેખાડવાની તક છે.



**વિન્ડિઝની ટીમ વિનિંગ કોમ્બિનેશન જાળવવા ફેવરિટ**

વેસ્ટ ઈન્ડિઝની ટીમે ચોથી ટી-૨૦માં જીત હાંસલ કરી હતી અને આવતીકાલે તેઓ વિનિંગ કોમ્બિનેશન જાળવી રાખવા માટે ફેવરિટ છે. ઓપનિંગમાં જ્વેલ એન્ડ્રુએ પ્રભાવ પાડ્યો છે. કેપ્ટન શૅ હોપ ભારત પ્રવાસમાં તેની કારકિર્દીના શ્રેષ્ઠ તબક્કામાં હોય તેવું લાગી રહ્યું છે. શેફર્ડે ફિટનેસ મેળવી લીધી છે. જોકે વિન્ડિઝની ટીમને બોલિંગ ડિપાર્ટમેન્ટ પાસેથી વધુ સારા દેખાવની આશા છે.

**ભારત** (સંભવિત) : અભિષેક શર્મા, સેમસન (વિ.કી.), કિશન, શ્રેયસ (કેપ્ટન), તિલક, નમન ધીર, નિતિશ રેડ્ડી, અક્ષર પટેલ, પ્રિન્સ, મયંક યાદવ, અર્ષદીપ/ભુવનેશ્વર.

**વિન્ડિઝ** (સંભવિત) : શૅ હોપ (કેપ્ટન, વિ.કી.), એન્ડ્રુ, હેટમાયર, પોવેલ, રૂથરફોર્ડ, શેફર્ડ, ચેઝ, સ્પ્રિંગર, કીમો પોલ, શેમાર જોસેફ અને મોતી.

## ભારત ઘરઆંગણે ક્યારેય વેસ્ટ ઈન્ડિઝ સામે ટી-૨૦ શ્રેણી હાર્યું નથી

### ન્યુઝીલેન્ડ પ્રવાસ માટેની ભારતની વન ડે અને ટેસ્ટ ટીમ જાહેર

# બુમરાહ ન્યુઝીલેન્ડ પ્રવાસમાં વન ડે શ્રેણી નહીં રમે : ટેસ્ટમાં પુનરાગમન કરશે

## ન્યુઝીલેન્ડ સામેની આખરી બે વન ડેમાં શ્રેયસ અય્યર કેપ્ટન : પંતને ફિટનેસ સાબિત કરવાની શરતે ટીમમાં સ્થાન

નવી દિલ્હી, તા.૧૬

ભારતના સુપરસ્ટાર ફાસ્ટ બોલર બુમરાહને ન્યુઝીલેન્ડ પ્રવાસમાં રમાનારી વન ડે શ્રેણીમાં આરામ આપવામાં આવ્યો છે. જોકે ત્યાર બાદ રમાનારી ટેસ્ટ શ્રેણીમાં તે પુનરાગમન કરશે. બીસીસીઆઈની સિનિયર પસંદગી સમિતિએ ન્યુઝીલેન્ડ પ્રવાસમાં રમાનારી પાંચ વન ડે અને બે ટેસ્ટની શ્રેણી માટે ટીમની જાહેરાત કરી દીધી છે. ગિલ પ્રથમ ત્રણ વન ડે અને ટેસ્ટ શ્રેણીમાં કેપ્ટન્સી કરશે. જ્યારે ટેસ્ટ શ્રેણીને ધ્યાનમાં રાખીને આખરી બે વન ડે માટેની ટીમમાં ગિલને સમાવાયો નથી. તેના સ્થાને શ્રેયસ અય્યર સુકાન સંભાળી લેશે. વિકેટકિપર બેટ્સમેન રિષભ પંતને ફિટનેસ સાબિત કરવાની શરતે ટેસ્ટ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. ન્યુઝીલેન્ડની જેમ ભારતે પણ ટેસ્ટ શ્રેણીને મહત્વ આપતાં પાંચ વન ડેની શ્રેણી માટે બે ટીમ જાહેરાત કરી છે. પંતને ઈરાની ટ્રોફીની મેચમાં સ્વીપ શોટ ફટકારવા જતાં સ્નાયુ ખેંચાઈ જવાના કારણે ઈજા થઈ હતી અને ત્યાર બાદ તે ન્યુઝીલેન્ડ-એ સામેની બે અનઓફિશિઅલ ટેસ્ટમાંથી પણ બહાર થઈ ગયો હતો. પી. ક્રિષ્ના પણ ઈજાની સામે સંઘર્ષ કરી રહ્યો છે. જોકે એક રિપોર્ટ અનુસાર તેની ઈજા ગંભીર નથી અને તે ટૂંક સમયમાં જ સાજો થઈ જશે. તેને ફિટનેસની શરતે શરૂઆતની ત્રણ વન ડેની શ્રેણી માટેની ટીમમાં તક મળી છે. આકાશ દીપ અને અંશુલ કમ્બોજે ફોર્મ અને ફિટનેસ સાથે પુનરાગમન કર્યું છે. ટેસ્ટ ટીમમાં સિરાજની સાથે નિતિશ રેડ્ડીને પણ સમાવવામાં આવ્યો છે. જોકે ન્યુઝીલેન્ડની ફાસ્ટ બોલરોને અનુકૂળ પીચ અને પરિસ્થિતિને જોતા માનવ સુથારને તક આપવામાં આવી નથી. માનવે શ્રીલંકા સામેની ટેસ્ટની શ્રેણીમાં ૧૬ વિકેટ ઝડપી હતી. ન્યુઝીલેન્ડ પ્રવાસમાં ભારતીય ટેસ્ટ ટીમમાં સ્પિન બોલિંગ આક્રમણ જાડેજા, કુલદીપ યાદવ અને ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરની ત્રિપુટી સંભાળશે.



**ભારતીય ટેસ્ટ ટીમ**

ગિલ (કેપ્ટન), જયસ્વાલ, કે.એલ. રાહુલ (વાઈસ કેપ્ટન), પડિક્કલ, જુરેલ (વિ.કી.), જાડેજા, કમ્બોજ, બુમરાહ, પી. ક્રિષ્ના, આકાશ દીપ, સાઈ સુદર્શન, નિતિશ રેડ્ડી, સુંદર, કુલદીપ, સિરાજ, પંત* (ફિટનેસની શરતે).

**પ્રથમ ત્રણ વન ડેની ટીમ**

ગિલ (કેપ્ટન), રોહિત, કોહલી, શ્રેયસ અય્યર, રાહુલ (વિ.કી.), નિતિશ રેડ્ડી, અક્ષર પટેલ, ધીર, કમ્બોજ, ગુરનૂર, ગાયકવાડ, અર્ષદીપ, કિશન (વિ.કી.), સિરાજ, કુલદીપ, પી. ક્રિશ્ના* (ફિટનેસની શરતે).

**આખરી બે વન ડેની ટીમ**

શ્રેયસ (કેપ્ટન), રોહિત, કોહલી, તિલક, કિશન (વિ.કી.), નિતિશ રેડ્ડી, અક્ષર, ધીર, નાબી, ગુરનૂર, ગાયકવાડ, અર્ષદીપ, કુમાર કુશાગ્ર (વિ.કી.), સિરાજ, યશ ઠાકુર, કુલદીપ.

### ન્યુઝીલેન્ડનો પ્રવાસ કાર્યક્રમ

- ટીમ ઈન્ડિયા ન્યુઝીલેન્ડ પ્રવાસનો પ્રારંભ ૨૨ ઓક્ટોબરે રમાનારી પ્રથમ ટી-૨૦થી કરશે. ત્યાર બાદ ૨૪, ૨૭, ૩૦ ઓક્ટોબર અને ૧ નવેમ્બરે બાકીની ટી-૨૦ રમાશે.
- વન ડે શ્રેણી ચોથી નવેમ્બરની મેચથી શરૂ થશે. ત્યાર બાદ ૭, ૧૦,૧૩ અને ૧૫ નવેમ્બરે બાકીની ચાર વન ડે રમાશે.
- ટેસ્ટ શ્રેણીના બે મુકાબલા નવેમ્બરમાં ૧૯મીએ અને ૨૭મીએ શરુ થશે.

### રિંકુ હોત તો મેચનું પરિણામ બદલી શકાયું હોત

# રિંકુ સિંહને કેમ ભૂલી ગયા છીએ તે સમજાતું નથી : જાફર

નવી દિલ્હી, તા. ૧૬

વેસ્ટ ઈન્ડીઝ સામેની ચોથી ટી-૨૦ મેચમાં ભારતને ૨૪ રનથી મળેલી હાર બાદ ભૂતપૂર્વ બેટ્સમેન વસીમ જાફરે રિન્કુ સિંઘને યાદ કર્યો હતો. તેણે કહ્યું કે, રિંકુ એક એવો બેટ્સમેન છે જે મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પોતાની આક્રમક બેટિંગથી મેચનું પરિણામ બદલી શકે છે.



જાફરે પોતાની યુટ્યુબ ચેનલ પર કહ્યું કે બેટ્સમેન તરીકે રિંકુ અન્ય ખેલાડીઓ કરતાં ઘણો આગળ છે. તે પાંચમા અને છઠ્ઠા ક્રમે બેટિંગ કરવા માટે ખાસ યોગ્ય છે. ડાબોડી બેટ્સમેન હોવાને કારણે તે ટીમને બેટિંગમાં વૈવિધ્ય પણ આપે છે. જાફરના મતે, માત્ર બોલિંગ કરી શકતો નથી એટલા માટે રિંકુને ટીમમાં સ્થાન ન આપવું દુર્ભાગ્યપૂર્ણ છે.

તેમણે કહ્યું કે રિંકુ આક્રમક બેટિંગ કરવાની ક્ષમતા ધરાવે છે અને ફ્રેન્ચાઈઝી ક્રિકેટમાં તેણે અનેક વખત પોતાની ટીમને જીત અપાવી છે. જો તે વેસ્ટ ઈન્ડીઝ સામેની ચોથી મેચમાં રમ્યો હોત તો કદાચ ભારત માટે મેચનું પરિણામ અલગ હોઈ શક્યું હોત.તે ફિનિશર તરીકે તેની ક્ષમતા અનેક વખત પુરવાર કરી ચુક્યો છે.

રિંકુએ છેલ્લે જુલાઈમાં ઝિમ્બાબ્વે પ્રવાસ દરમિયાન ભારત તરફથી ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. ત્યારથી તેને ભારતીય ટીમમાં નિયમિત તક મળી નથી. જાફરે ઓલરાઉન્ડર નમન ધીરને ચાર ઓવર બોલિંગ કરવાની અપેક્ષા રાખવા સામે પણ સાવચેતી દર્શાવી હતી. તેમના મતે, ભારતીય પરિસ્થિતિમાં પૂરતી વિવિધતા ન ધરાવતા ઓફ સ્પિનર માટે પાવરપ્લે પછી બોલિંગ કરવી મુશ્કેલ બની શકે છે.

**જાફરે પસંદગીકાર બનવા અરજી કરી, પ્રજ્ઞાન ઓઝા ચીફ સિલેક્ટરનું સ્થાન ટકાવવા ફેવરીટ**

### વેસ્ટ ઈન્ડિઝ બોર્ડને એક પણ રૂપિયો નહીં મળે

# ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની શ્રેણીમાંથી BCCIને રૂ. ૨૫૦ કરોડની કમાણી થઈ શકે

## ૧૯૯૭માં લેવાયેલા ICCના નિર્ણયથી કેરેબિયન ક્રિકેટ ખતમ થઈ રહ્યું છે

નવી દિલ્હી, તા. ૧૬

ભારત સામે પોતાની ધરતીથી હજારો કિલોમીટર દૂર આવીને ક્રિકેટ રમતા વેસ્ટ ઈન્ડિઝના ક્રિકેટ બોર્ડને આ શ્રેણીની પ્રસારણ આવકમાંથી સીધો હિસ્સો મળવાનો નથી, જ્યારે યજમાન ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડને આ શ્રેણીમાંથી ૨૦થી ૩૦ મિલિયન અમેરિકન ડૉલર એટલે કે આશરે રૂ. ૧૮૯થી ૨૮૪ કરોડની આવક થવાની શક્યતા છે. ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝના મુખ્ય કાર્યકારી અધિકારી ક્રિસ ડેહરિંગે આંતરરાષ્ટ્રીય ક્રિકેટની આર્થિક વ્યવસ્થાની ટીકા કરતાં આ મુદ્દો ફરી ચર્ચાના કેન્દ્રમાં લાવ્યો છે.

ડેહરિંગે પોડકાસ્ટમાં જણાવ્યું હતું કે ભારતની ધરતી પર રમાતી આ શ્રેણીમાંથી વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટને સીધી કોઈ આવક થવાની નથી. તેમના મતે, આ વ્યવસ્થાને સમજવા માટે ૧૯૯૭માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ દ્વારા લેવાયેલા નિર્ણય સુધી પાછા જવું પડે.

**ક્રિકેટ અર્થતંત્ર**



ડેહરિંગના જણાવ્યા મુજબ, ૧૯૯૭ પહેલાં આંતરરાષ્ટ્રીય દ્વિપક્ષીય શ્રેણીમાં યજમાન દેશ પ્રવાસી ટીમને નિશ્ચિત રકમ અથવા પ્રવાસી ફી આપતી હતી. વિન્ડિઝને વિદેશ પ્રવાસ દરમિયાન મળતી રકમ કેટલીક વખત પોતાના દેશમાં શ્રેણી યોજીને થતી આવક કરતાં પણ વધુ રહેતી હતી. પરંતુ ૧૯૯૭માં આઈ.સી.સી.એ દ્વિપક્ષીય ક્રિકેટની આવક અંગેની વ્યવસ્થામાં ફેરફારને મંજૂરી આપી. ડેહરિંગના કહેવા પ્રમાણે, દસમાંથી નવ સભ્ય દેશોએ નવા મોડેલને સમર્થન આપ્યું હતું. આ વ્યવસ્થા હેઠળ યજમાન બોર્ડ દ્વિપક્ષીય શ્રેણીના પ્રસારણ અધિકારોમાંથી થતી આવક પોતાની પાસે રાખી શકે છે. પ્રવાસી બોર્ડને આ આવકમાંથી આપો આપ હિસ્સો મળતો નથી.

**ભારત મોટું બજાર**

ડેહરિંગના મતે, યજમાન દેશને આવક પોતાની પાસે રાખવાની છૂટ હોય ત્યારે મોટું બજાર ધરાવતા બોર્ડને સ્વાભાવિક રીતે મોટો લાભ મળે છે. નાનું બજાર ધરાવતા દેશ માટે આ જ નિયમ આર્થિક મુશ્કેલી ઊભી કરી શકે છે. જોકે વિન્ડિઝ બોર્ડને પ્રસારણ આવકમાંથી હિસ્સો નહીં મળે પણ તેમના ખેલાડીઓને આ પ્રવાસ માટે કોઈ પગાર કે કરારની રકમ જ મળતી નથી.

**આર્થિક સંકટ**

વિન્ડિઝ બોર્ડને દર વર્ષે અંદાજે ૨૦થી ૨૫ મિલિયન ડાૅલરની વધારાની જરૂરિયાત પડે છે. આર્થિક દબાણને કારણે બોર્ડે ખેલાડીઓની રિટેનર ફીમાં ૨૫ ટકા ઘટાડો અને ટૂંકા કરાર જેવી બાબતોનો સામનો કરવો પડ્યો છે. આ પરિસ્થિતિમાં ખેલાડીઓના વેતન અને કરાર અંગે અસંતોષ ઊભો થવો પણ સ્વાભાવિક છે.

**આવકમાં તફાવત**

આઈ. સી. સી.ની આવકમાં ભારતનો હિસ્સો ૩૮ ટકાથી થોડો વધુ છે, જ્યારે વેસ્ટ ઈન્ડિઝનો હિસ્સો આશરે ૫ ટકા છે.

### વિન્ડિઝ સામેની આખરી બે મેચમાં કુલદીપ પડતો મુકાયેલો

# કુલદીપને પડતો મૂકવાનો નિર્ણય 'કોમન સેન્સ'નો અભાવ દર્શાવે છે : આર.અશ્વિન

## કુલદીપની હાજરીથી ૧૫થી ૨૦ રનનો ફરક પડી શક્યો હોત

નવી દિલ્હી, તા. ૧૬

આર. અશ્વિને વિન્ડિઝ સામેની ટી-૨૦ શ્રેણીમાં કુલદીપ યાદવને ત્રીજી અને ચોથી મેચમાં પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખવાના ટીમ મેનેજમેન્ટના નિર્ણયની ટીકા કરી છે. અશ્વિને આ નિર્ણયને 'સામાન્ય સમજની થોડી કમી' (કોમન સેન્સનાા અભાવરુપ) ગણાવ્યો છે. તેના મતે, વેસ્ટ ઈન્ડીઝના બેટ્સમેનો કુલદીપની વિવિધ પ્રકારની સ્પિન બોલિંગ સામે મુશ્કેલી અનુભવી રહ્યા હતા ત્યારે તેને ટીમની બહાર રાખવો આશ્ચર્યજનક હતો.



અશ્વિને કહ્યું હતું કે, વેસ્ટ ઈન્ડીઝના બેટ્સમેનો કુલદીપની ગુગલી અને લેગ સ્પિનને યોગ્ય રીતે પારખવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. આવી સ્થિતિમાં તેને ટીમની બહાર રાખવાનો નિર્ણય સમજવો મુશ્કેલ છે. અશ્વિનના મતે, કુલદીપ રમ્યો હોત તો ભારતીય ટીમના પ્રદર્શન અને મેચના પરિણામમાં ૧૫થી ૨૦ રનનો ફરક પડી શક્યો હોત.

જોકે, અશ્વિને ઈન્દોરમાં કુલદીપને બહાર રાખવાના નિર્ણયને સમર્થન આપ્યું હતું. ઈન્દોરનું મેદાન પ્રમાણમાં નાનું હોવાથી ત્યાં બોલરો માટે જોખમ વધારે હતું અને ઝડપી બોલિંગનો વિકલ્પ પસંદ કરવાનું કારણ સમજી શકાય તેમ હતું. પરંતુ હૈદરાબાદમાં પણ કુલદીપને તક ન આપવાથી અશ્વિનને આશ્ચર્ય થયું હતું.

અશ્વિનની ટીકા એ સવાલ પણ ઊભો કરે છે કે ટીમની પસંદગી માત્ર મેદાનના કદ અને અગાઉના એક મેચના પ્રદર્શનને આધારે થવી જોઈએ કે પછી હરીફ બેટ્સમેનોની નબળાઈ અને બોલરની ખાસિયતોને પણ એટલું જ મહત્ત્વ આપવું જોઈએ.

### વિનૂ માંકડ ટ્રોફી

# દ્રવિડના પુત્ર અન્વયના ગુજરાત સામે ૧૫૧ રન



* ગુજરાતનો કર્ણાટક સામે વિજેડીના નિયમ અનુસાર પાંચ વિકેટથી પરાજય થયો હતો. સમીર ભંડારીના ૧૧૯* (૮૮ બોલ) અને યશ પંજવાણીના ૧૦૬* (૫૭ બોલ),ને સહારે ગુજરાતે ૩૫૭/૪ સ્કોર કર્યો હતો. કર્ણાટકે રાહુલ દ્રવિડના પુત્ર અન્વયના ૧૫૧ (૧૦૦ બોલ) અને ધ્રુવ ક્રિશ્નનના ૧૩૦ (૧૦૦)ની મદદથી ૪૫.૩ ઓવરમાં ૩૫૨/૫ના સ્કોર સાથે વિજેડી નિયમને સહારે જીત મેળવી હતી.

* મુંબઈએ અભિનાબ સહાની ૬૪*ની ઈનિંગને સહારે ૧૫૯નો ટાર્ગેટ ૩૭.૫ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવી પાર પાડતાં સૌરાષ્ટ્રને સાત વિકેટે હરાવ્યું હતું. સૌરાષ્ટ્ર તરફથી રુદ્ર લાખનાના ૫૩ રન કર્યા હતા. મુંબઈના આર્ય ગાયકવાડે ૨૪ રનમાં છ વિકેટ મેળવી.

* પૃથ્વી ઓડેદરાના ૬૫, જીત પટેલના ૫૩ની મદદથી બરોડાએ ૨૫૫નો ટાર્ગેટ ૪૭.૩ ઓવરમાં પાર પાડતા રાજસ્થાનને ૪ વિકેટે હરાવ્યું હતું.

### આંતરરાષ્ટ્રીય ફેડરેશનનો નિર્ણય ૧ ડિસેમ્બરથી અમલી

# ભારતીય અશ્વારોહણ ફેડરેશન સસ્પેન્ડ વહીવટી અનિયમિતતા બદલ કાર્યવાહી

## ભારતીય ખેલાડીઓ, કોચ કોઈ સ્પર્ધાઓમાં ભાગ નહીં લઈ શકે

નવી દિલ્હી, તા. ૧૬

ભારતીય રમતગમતના વહીવટમાં વધુ એક વિવાદ સામે આવ્યો છે. આંતરરાષ્ટ્રીય અશ્વારોહણ મહાસંઘે લાંબા સમયથી ચાલી રહેલી વહીવટી કટોકટી અને ચૂંટાયેલી કાર્યકારી સમિતિના અભાવને કારણે ભારતીય અશ્વારોહણ મહાસંઘને ૧ ડિસેમ્બર, ૨૦૨૬થી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી ભારતીય અશ્વારોહણ ખેલાડીઓની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેવાની તક પર ગંભીર અસર થવાની શક્યતા છે.



**ચૂંટણીમાં વિલંબ**

આંતરરાષ્ટ્રીય બોડીએ ૧૩ ઓક્ટોબરે યોજાયેલી પોતાની બોર્ડની ઓનલાઈન બેઠકમાં આ નિર્ણય લીધો હતો. ૧૫ ઓક્ટોબરે ભારતીય અશ્વારોહણ મહાસંઘની વચગાળાની સમિતિના સભ્યોને મોકલવામાં આવેલા પત્રમાં નિર્ણયની જાણ કરવામાં આવી હતી.

ભારતીય અશ્વારોહણ મહાસંઘની ચૂંટાયેલી કાર્યકારી સમિતિનો કાર્યકાળ સપ્ટેમ્બર ૨૦૨૩માં પૂરો થયો હતો. ત્યારબાદ નવી ચૂંટણી યોજાઈ નહોતી. આ દરમિયાન ફેબ્રુઆરી ૨૦૨૬માં દિલ્હી હાઈકોર્ટે મહાસંઘની કાર્યકારી સમિતિનું વિસર્જન કર્યું હતું. પરિણામે મહાસંઘમાં લાંબા સમયથી વહીવટી અને નેતૃત્વની અનિશ્ચિતતા સર્જાઈ હતી. આંતરરાષ્ટ્રીય સંઘે જણાવ્યું કે ચૂંટાયેલી નવી સમિતિની ગેરહાજરીમાં વર્તમાન વ્યવસ્થા લાંબા સમય સુધી ચાલુ રાખી શકાય નહીં.

### ડેનમાર્ક ઓપન : ૧૭ વર્ષની તન્વી શર્મા ક્વાર્ટર ફાઈનલમાં

ઓડેન્સ : ભારતની ૧૭ વર્ષની બેડમિંટન ખેલાડી તન્વી શર્માએ જર્મનીની વોન્ન લીને સીધી ગેમ્સમાં ૨૧-૧૭, ૨૧-૧૯થી મહાત આપી હતી અને ડેનમાર્ક ઓપન ૭૫૦ ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. મહિલા ડબલ્સમાં ભારતની ગાયત્રી ગોપીચંદ અને ટ્રીસા જોલીની જોડીનો મલેશિયાની પર્લી તાન અને થિન્નાહ મુરલીધરન સામે ૨૧-૧૪, ૧૭-૨૧, ૧૧-૨૧થી પરાજય થયો હતો.

### હવે સ્પેનના જોડાર સામે મુકાબલો

# મેડ્વેડેવ ત્રીજી વખત શાંઘાઈ માસ્ટર્સની સેમિ ફાઈનલમાં



શાંઘાઈ : રશિયાના ભૂતપૂર્વ ચેમ્પિયન મેડ્વેડેવે ત્રણ સેટના સંઘર્ષ બાદ ૬-૩, ૧-૬, ૬-૩થી અમેરિકાના ટોમી પોલને મહાત આપીને શાંઘાઈ માસ્ટર્સ ૧૦૦૦ ટેનિસ ટુર્નામેન્ટની સેમિ ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. મેડ્વેડેવ આક્રમક શરૂઆત બાદ લય જાળવી શક્યો નહતો. જોકે બીજો સેટ ગુમાવ્યા બાદ તેણે મક્કમતા સાથે પુનરાગમન કર્યું હતુ અને બે કલાક તેમજ આઠ મિનિટના સંઘર્ષ બાદ જીત હાંસલ કરી હતી. હવે સેમિફાઈનલમાં મેડ્વેડેવનો મુકાબલો સ્પેનના યુવા ખેલાડી જોડાર સામે થશે. ૨૦ વર્ષના જોડારે પણ નોર્વેના ૨૭ વર્ષના ટેનિસ સ્ટાર રુડને ૪-૬, ૬-૪, ૬-૩થી હરાવીને અંતિમ ચારમાં પ્રવેશ કર્યો હતો. આ મુકાબલો બે કલાક અને ૨૦ મિનિટ ચાલ્યો હતો. ૩૦ વર્ષના મેડ્વેડેવને ૨૦૨૩ પછી પહેલીવાર એટીપી ૧૦૦૦ ટુર્નામેન્ટ જીતવાની આશા છે. તે ૨૦૧૯માં શાંઘાઈ માસ્ટર્સ ટાઈટલ જીતવામાં સફળ રહ્યો હતો.

## ભારતની મહિલા ટીમે પ્રથમ ટી-૨૦માં ઝિમ્બાબ્વેને ચાર વિકેટથી હરાવ્યું

### બેડમિંટનમાં યથીરાજ સહિતના ખેલાડીની આગેકૂચ

# પેરા એશિયન ગેમ્સ : ટેબલ ટેનિસમાં ભાવિના પટેલની વિજયી શરૂઆત

## જાપાનમાં એશિયન પેરા ગેમ્સનો ૧૮મીથી પ્રારંભ

નાગોયા : જાપાનમાં પેરા એશિયન ગેમ્સનો ઉદ્ઘાટન સમારંભ તારીખ ૧૮ ઓક્ટોબરે યોજાવાનો છે, જોકે તે પહેલા વિવિધ રમતોના મુકાબલા શરૂ કરી દેવામાં આવ્યા છે. ગુજરાતની ભૂતપૂર્વ પેરાલિમ્પિક મેડલ વિજેતા ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલે વિજયી શુભારંભ કરતાં કુવૈતની અહાદ અલ રાશીદીને ૧૧-૬, ૧૧-૩, ૧૧-૬થી હરાવી હતી. ભાવિનાએ આ સફળતા ક્લાસ ૪-૫ કેટેગરીમાં મેળવી હતી. આ કેટેગરીના ખેલાડીઓ વ્હીલચેર પર બેસીને રમે છે. તેની સાથે સાથે ભારતની બેબી સાહના રવિએ ક્લાસ ૯ અને શુભમ વાધવાને મેન્સ સિંગલ્સના ક્લાસ થ્રીની ઈવેન્ટમાં જીત હાંસલ કરી હતી. પેરાલિમ્પિકમાં બે સિલ્વર જીતી ચૂકેલા આઈએએસ અધિકારી સુહાર યથિરાજે બેડમિંટનમાં એસએલ૪ ક્લાસની મેચમાં ૨૧-૮, ૨૧-૧૧થી બાંગ્લાદેશના જોયતુ ધારને મહાત આપી હતી. અભીજીત સખુજાએ એસએલ૪, ક્રિશ્ના નાગરે એસએચ૬ તેમજ સિવરાજન સોલાઈમાલાઈએ એસ૬ કેટેગરીની બેડમિંટનની ઈવેન્ટમાં વિજયી શુભારંભ કર્યો હતો.

### શાંઘાઈ માસ્ટર્સમાં ટેનિસના દિગ્ગજ સુપરસ્ટાર્સ વચ્ચે એક્ઝિબિશ મેચ

**શાંઘાઈ માસ્ટર્સ ટેનિસ ટુર્નામેન્ટ ચાલી રહી છે, તેને સમાંતર રમાયેલી એક સેલિબ્રિટી એક્ઝિબિશન મેચ તરફ ચાહકોનું ભારે આકર્ષણ જોવા મળ્યું હતું. ટેનિસ લેજન્ડ ફેડરર અને ચીનની લી ના ની જોડી રશિયાના દિગ્ગજ સુપર સ્ટાર મરાત સાફીન અને તેની બહેન દિનારા સાફીનાની જોડી સામે મિક્સ ડબલ્સની મેચ રમી હતી.**



# મસ્કની ટેસ્લા હવામાં ઉડશે, કરતબો કરશે!









ઈલોન મસ્કની ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લા ન્યૂ જનરેશન સ્પોર્ટ્સ કાર રોડસ્ટર લઈને આવી છે. આ કાર દોડવાની સાથે સાથે ઉડશે. તેમાં સ્પેસએક્સ રોકેટ સાથે સંકળાયેલી થ્રસ્ટર ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેની મદદથી કાર હવામાં ઊંચકાઈ શકે છે. હવામાં દિશા બદલીને કરતબ કરી શકે છે. **કારના ત્રણ વર્ઝન :** રોડસ્ટરના ત્રણ વર્ઝન લોન્ચ કરાશે : પરફોર્મન્સ, થ્રસ્ટ અને રોકેટ. પરફોર્મન્સ વર્ઝનમાં એરોડાયનેમિક સિસ્ટમ અને કારને જમીન સાથે ચીપકી રાખવામાં મદદ કરતી સકશન સિસ્ટમ આપવામાં આવી છે. થ્રસ્ટ વર્ઝનમાં આ ફીચર્સ ઉપરાંત કોલ્ડ-ગેસ થ્રસ્ટર્સ આપવામાં આવ્યા છે. રોકેટ વર્ઝનમાં કારની આસપાસ કુલ ૧૦ થ્રસ્ટર્સ ગોઠવવામાં આવ્યા છે. જે તેને હવામાં ઊંચકાવા દિશા બદલવા અને કંટ્રોલ્ડ કરતબો કરવામાં મદદ કરે છે. થ્રસ્ટ વર્ઝન ૦થી ૯૭ કિમીની સ્પીડ ૦.૮૧ સેકન્ડમાં પકડી શકે છે. કારની ટોપ સ્પીડ ૩૭૦ કિમી પ્રતિ કલાકથી વધુ છે. **રોકેટની ટેકનોલોજી કારમાં કેવી રીતે કામ કરશે?** રોકેટ એન્જિનને બદલે ઊંચા દબાણ હેઠળ ગેસ છોડીને થ્રસ્ટ ઉત્પન્ન કરતી સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગેસને અલગ-અલગ દિશામાં છોડવાથી કારને આગળ ધકેલવા, હવામાં ઊંચકવા અને તેની દિશા બદલવા માટે પાવર મળે છે. આ સિસ્ટમ સ્પેસએકસનાં અવકાશયાનોમાં ઉપયોગમાં લેવાતી થ્રસ્ટર ટેક્નોલોજીના સિદ્ધાંત સાથે સંબંધિત છે. જોકે, કાર હવામાં ઊંચકાઈ શકે છે એટલે તે વિમાન કે હેલિકોપ્ટરની જેમ લાંબા સમય સુધી ઊડી શકે છે એવું નથી. હાલના પ્રદર્શનમાં ટૂંકા સમય માટે હવામાં ઊંચકાવા અને નિયંત્રિત કરતબ કરવાની ક્ષમતા દર્શાવવામાં આવી છે.

**રોડસ્ટરમાં સ્પેસએક્સના રોકેટ સાથે સંકળાયેલી થ્રસ્ટર ટેકનોલોજીનો ઉપયોગ : ટોપ સ્પીડ ૩૭૦ કિમી**

## અક્ષય કુમાર-રાશિખન્નાએ મસૂરીમાં ભીડ વચ્ચે ગીતનું શૂટિંગ કર્યું

મુંબઈ, તા. ૧૬

અક્ષય કુમાર અને રાશિ ખન્નાએ મસૂરીમાં વિખ્યાત મોલ રોડ પર પ્રવાસીઓની ભીડ વચ્ચે તેમની ફિલ્મના એક ગીતનું શૂટિંગ કર્યું હતું. ગીતના સિક્વન્સના ભાગરૂપે અક્ષય કુમાર અને રાશિખન્ના હાથમાં શોપિંગ બેગ લઈને લોકોની ભીડ વચ્ચે અભિવાદન કરી રહ્યા હતા. અક્ષય કુમારે ભીડનું હાથ હલાવી અભિવાદન કરતાં લોકો તેની સાથે જોડાઈ ગયા હતા આ સમય દરમ્યાન ગીતનું શૂટિંગ થતું રહ્યું હતું. હાલ અનીસ બઝમીની ફિલ્મનું ઉત્તરાખંડ શેડ્યુઅલ ચાલી રહ્યું છે.



મસૂરીમાં ફિલ્મનું શૂટિંગ પુરૂ કર્યા બાદ ફિલ્મનો થોડો હિસ્સો દહેરાદુનમાં પણ શૂટ કરવામાં આવશે. મસૂરીમાં ગીતનું શૂટિંગ પ્રવાસીઓમાં જાણીતા સ્થળો પર કરવામાં આવ્યું હતું. એક વિખ્યાત ઐતિહાસિક હોટલમાં પણ આ ગીતને પિક્ચરાઈઝ કરવામાં આવ્યું હતું.

**શૂટિંગ મસૂરીમાં પુરૂ થયા બાદ દહેરાદુનમાં થોડો હિસ્સો શૂટ કરવામાં આવશે**

## સિદ્ધાર્થ ગુપ્તા, શ્રીલીલા અને જાહ્નવી કપૂરની ફિલ્મનું નૈનિતાલમાં શૂટિંગ

સિદ્ધાર્થ ગુપ્તા, શ્રી લીલા અને જાહ્નવી કપૂરે તેમની નવી ફિલ્મનું શૂટિંગ નૈનિતાલમાં શરૂ કરી દીધું છે. આ થ્રીલર ફિલ્મનું નિર્માણ ગુનીત મોંગા કપૂર અને એક્તા કપૂર સાથે મળી કરી રહ્યાં છે. ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી કરાયું નથી. આ ફિલ્મમાં બે યુવતીઓ એક જ પ્રેમીની પાછળ પડી જાય છે તેવી સ્ટોરી લાઈન છે.

'પગલૈત' અને 'ગ્યારહ ગ્યારહ' જેવા પ્રોજેક્ટ્સ પાર પાડનારા ઉમેશ બિશ્ત આ ફિલ્મનું નિર્દેશન સંભાળી રહ્યા છે. જાહ્નવી કપૂર તાજેતરમાં 'સન્ની સંસ્કારી કી તુલસી કુમારી' ફિલ્મમાં દેખાઈ હતી તો સિદ્ધાર્થ ગુપ્તાએ 'કૃષ્ણાવતારમ ભાગ એક: ધ હાર્ટ'માં ભગવાન કૃષ્ણની ભૂમિકા ભજવી હતી. જ્યારે શ્રીલીલા 'પુષ્પા ટુમાં કિસિક ગીતમાં દેખાઈ હતી.

### ૨૫૦ કરોડના નુકસાનનો દાવો થયો હતો

## કંગનાની ક્વીન ફૂલપાવર પર સ્ટેનો હાઈકોર્ટનો ઈનકાર

મુંબઈ, તા.૧૬

બોમ્બે હાઈકોર્ટે કંગના રણૌત અભિનીત ફિલ્મ 'ક્વીન ફુલ પાવર' સામે વચગાળાનો મનાઈ હુકમ આપવાનો ઈનકાર કર્યો છે. હાઈકોર્ટે જણાવ્યું છે કે આ ફિલ્મ ૨૦૧૪ માં આવેલી કંગનાની જ ફિલ્મ 'ક્વીન' સાથે કોઈ પ્રથમ દ્રષ્ટિએ કોઈ સમાનતા કે સામ્ય ધરાવતી નથી.



બંને ફિલ્મોની વાર્તાઓ, પ્લોટ અને થીમ્સમાં કોઈ સામ્ય નથી તે નોંધતા હાઈકોર્ટે કહ્યું કે આગામી ફિલ્મ ૨૦૧૪ની ફિલ્મનો સિક્વલ કે રીબૂટ નથી.

અગાઉ ફેન્ટમ સ્ટુડિયોએ ગત જુલાઈમાં જિયોસ્ટાર ઈન્ડિયા વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી કરતાં કહ્યું હતું કે ભવિષ્યમાં 'ક્વીન'ની સીક્વલ કે પ્રીકવલ બનાવાય ત્યારે તેમાં બંનેનો ૫૦-૫૦ ટકા હિસ્સો હશે તેવો કરાર મૂળ ફિલ્મ વખતે થયો હતો. આ નવી ફિલ્મ માટે તેમણે કોઈ સંમતિ આપી નથી. ફેન્ટમ સ્ટુડિયોએ રીલિઝ સામે મનાઈ હુકમ તથા ૨૫૦ કરોડના નુકસાનનો દાવો કર્યો હતો. બીજી તરફ જિયોસ્ટારે દાવો કર્યો કે નવી ફિલ્મ 'ક્વીન ફૂલ પાવર' તદ્દન મૌલિક અને સ્વતંત્ર વાર્તા છે અને તેને મૂળ ફિલ્મ 'ક્વીન' સાથે કોઈ લેવાદેવા નથી.

**ટાઈટલમાં ક્વીન શબ્દ અને મુખ્ય એકટ્રેસ સિવાય બંને ફિલ્મો વચ્ચે કોઈ સામ્ય નથી : હાઈકોર્ટ**

### રણબીરની રામાયણનું બીજું ટ્રેલર લોન્ચ

## રણબીરની જય શ્રી રામ લખેલી ૭૮ લાખની વોચ ચર્ચાનું કેન્દ્ર બની

મુંબઈ, તા. ૧૬

'રામાયણ'ના બીજા ઈન્ટરનેશનલ ટ્રેલર લોન્ચ માટે બેન્ગાલુરૂમાં યોજાયેલા ભવ્ય કાર્યક્રમમાં ભગવાન રામની ભૂમિકા ભજવનારા રણબીર કપૂરે ૭૮ લાખ રૂપિયાની કિંમતની ખાસ રામાયણ ઘડિયાળ પહેરી હાજરી આપી હતી.



રણબીરે પહેરેલી ઘડિયાળ એક કંપની દ્વારા બનાવવામાં આવેલી એપિક એક્સ રામ જન્મભૂમિ રોઝ એડિશનની છે. આ ઘડિયાળની કિંમત અદાજે ૭૮ લાખ રૂપિયા હોવાનું મનાય છે. રોઝ ગોલ્ડ રંગની આ ઘડિયાળના ડાયલ પર જય શ્રી રામ લખેલું છે. તેની આ ઘડિયાળ ચર્ચાનો વિષય બની હતી. કેટલાક લોકોએ લખ્યું હતું કે હવે સામાન્ય લોકોમાં પણ જય શ્રી રામ લખેલી ઘડિયાળ પહેરવાનો ટ્રેન્ડ શરુ થાય તો નવાઈ નહીં.

રણબીર કપૂરે કાર્યક્રમમાં હાજર ચાહકોને કન્નડ ભાષામાં સંબોધી તેમના દિલ જીતી લીધાં હતા. રામાયણ ફિલ્મમાં રાવણની ભૂમિકા ભજવનારા યશનો ઉલ્લેખ કરી રણબીરે ચાહકોને જણાવ્યું હતું કે હું ફરી આવીશ ત્યારે યશ બોસ પાસેથી વધુ કન્નડ ભાષા શીખીને આવીશ.

**યશ પાસેથી કન્નડ ભાષા સારી રીતે શીખી લેવાનું રણબીરનું વચન**

## પ્રિયંકા ચોપરાને વુમન ઓફ ઈમ્પેક્ટ એવોર્ડ




પ્રિયંકા ચોપરાને લોસ એન્જલસમાં યોજાયેલા ઈનસ્ટાઈલ ઈમેજમેકર અવોર્ડ્સમાં 'વુમન આત્ત્ફ ઈમ્પેક્ટ' સન્માનથી નવાજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાયિકા ચાર્લી XCX, સુપરમોડેલ હેઈડી ક્લુમ, રેપર મેગન થી સ્ટેલિયન સહિત મનોરંજન જગતની અનેક જાણીતી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. એવોર્ડ્સમાં સેલિબ્રિટીઝના લૂક્સ પાછળ મહત્ત્વની ભૂમિકા ભજવતા સ્ટાઈલિસ્ટ, મેકઅપ આર્ટિસ્ટ, હેરસ્ટાઈલિસ્ટ અને અન્ય ક્રિએટિવ યોગદાનને સન્માનિત કરવામાં આવે છે. બ્રિટિશ સિંગર ચાર્લી XCX એ પોતાના સ્ટાઈલિસ્ટ ક્રિસ હોરનને 'ફ્યુચર આત્ત્ફ ફેશન' એવોર્ડ અર્પણ કર્યો હતો. જ્યારે હેડી ક્લમે કો-સ્ટાર અને સ્ટાઈલિસ્ટ લાત્ત રાત્ત્યને 'વુમન્સ સ્ટાઈલિસ્ટ' એવોર્ડ એનાયત કર્યો હતો. સામાન્ય એવોર્ડ સમારોહમાં અભિનેતા અને ગાયકોને મળતી પ્રસિદ્ધિ મળતી હોય છે. જ્યારે, આ કાર્યક્રમ સ્ટાર્સની પાછળ કામ કરતા ક્રિએટિવ લોકોને સન્માન આપવામાં આવે છે. તેમની ભૂમિકા કોઈ સેલિબ્રિટીના રેડ કાર્પેટ લૂક તૈયાર કરવાથી લઈને મેકઅપ, હેરસ્ટાઈલ અને કોસ્ચ્યુમ ડિઝાઈનમાં મહત્ત્વપૂર્ણ હોય છે. ઈનસ્ટાઈલ ઈમેજમેકર એવોર્ડ્સ આ જ પડદા પાછળના યોગદાનને ઓળખ આપવાનો પ્રયાસ કરે છે.

### એક તરફ એસઆઈઆરના વિવાદથી લોકશાહી ઉપર આભ ફાટ્યું છે ત્યાં હવે ચૂંટણી પંચ થીગડાં મારવા પ્રયાસ કરી રહ્યું છે

# મત માટે મેલોડ્રામા : SIRના વિવાદ વચ્ચે SSRની કામગીરી હાથ ધરાશે !

ભારતીય લોકશાહી વિશ્વની સૌથી મોટી અને ગતિશીલ લોકશાહી વ્યવસ્થા ગણાય છે. આ વિશાળ પ્રક્રિયાનો મૂળભૂત પાયો પ્રત્યેક નાગરિકનો મતાધિકાર અને દેશની પારદર્શક તથા સચોટ મતદાર યાદી છે. તાજેતરમાં રાજધાની નવી દિલ્હીમાં ચૂંટણી તંત્ર સામે રાજકીય અને સામાજિક આંદોલનોનો દોર તેજ બન્યો છે. ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિપક્ષી દળો અને વિવિધ નાગરિક સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે અને તેમના રાજીનામાની માગણી સાથે મોરચો મંડાયો છે. આ સમગ્ર વિવાદના કેન્દ્રમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે SIRનો વિષય રહ્યો છે. આ ભારે ઘમાસાણ અને હોબાળાની વચ્ચે ભારતના ચૂંટણી પંચ દ્વારા દેશના ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્પેશિયલ સમરી રિવિઝન (SSR) હાથ ધરવાનો આદેશ જારી કરવામાં આવતા એક નવો વળાંક આવ્યો છે. રાજકીય વર્તુળો અને સામાન્ય નાગરિકોમાં હવે એ ચર્ચાએ જોર પકડ્યું છે કે જ્યારે એક તરફ SIRના મામલે મોટો વિવાદ ચાલી રહ્યો છે, ત્યારે ચૂંટણી પંચે અચાનક SSRની જાહેરાત કેમ કરી અને આ સમગ્ર પ્રક્રિયા પાછળનું કાનૂની તથા પ્રશાસનિક માળખું શું છે તેના અંગે અનેક તર્ક-વિતર્કો ચાલી રહ્યા છે.

> એસએસઆર ભારતના બંધારણ અને લોકપ્રતિનિધિત્વ ધારા હેઠળ દર વર્ષે હાથ ધરવામાં આવતી એક બંધારણીય, નિયમિત અને વ્યવસ્થિત પ્રક્રિયા છે. કોઈ પણ આગામી વર્ષની ચૂંટણીઓ કે લોકતાંત્રિક પ્રક્રિયાઓ પૂર્વે દેશની મતદાર યાદીને સંપૂર્ણપણે અદ્યતન, સચોટ અને દોષમુક્ત રાખવા માટે આ કવાયત હાથ ધરાય છે. ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ અંગેના આદેશ જારી કરાયા છે : એસઆઈઆર ઐતિહાસિક રીતે માત્ર એવા વિશિષ્ટ વિસ્તારો માટે અનામત રાખવામાં આવ્યું છે જ્યાં વસ્તીવિષયક મોટા ફેરફારો થયા હોય, ગેરકાયદેસર ઘૂસણખોરી કે અનિયમિત સ્થળાંતરની ગંભીર આશંકા હોય, મોટા પાયે નકલી મતદારો દાખલ થયા હોવાની પુષ્ટિ થઈ હોય અથવા તો સીમાંકન બાદ મતવિસ્તારોની ભૌગોલિક સીમાઓ ધરમૂળથી બદલાઈ ગઈ હોય : સ્પેશિયલ સમરી રિવિઝન ભલે કાગળ પર સુવિધાજનક દેખાતું હોય, પણ ઘણા કિસ્સામાં બૂથ લેવલ ઓફિસર્સ ઘરે પહોંચતા જ નથી.

જાણકારોના મતે, આ બંને પ્રક્રિયાઓ મતદાર યાદી સુધારણા સાથે જોડાયેલી હોવા છતાં તેમના કાર્યક્ષેત્ર, ઉદેશ્ય અને પદ્ધતિમાં જમીન-આસમાનનો તફાવત રહેલો છે. એસએસઆર એ ભારતના બંધારણ અને લોકપ્રતિનિધિત્વ ધારા હેઠળ દર વર્ષે હાથ ધરવામાં આવતી એક બંધારણીય, નિયમિત અને વ્યવસ્થિત પ્રક્રિયા છે. કોઈ પણ આગામી વર્ષની ચૂંટણીઓ કે લોકતાંત્રિક પ્રક્રિયાઓ પૂર્વે દેશની મતદાર યાદીને સંપૂર્ણપણે અદ્યતન, સચોટ અને દોષમુક્ત રાખવા માટે આ કવાયત હાથ ધરાય છે. આ પ્રક્રિયા અંતર્ગત એક ચોક્કસ તારીખને ક્વોલિફાઈંગ ડેટ ગણીને નાગરિકો પાસેથી દાવા અને વાંધાઓ મંગાવવામાં આવે છે. ચૂંટણી પંચ દ્વારા હાલ જાહેર કરાયેલા આદેશ અનુસાર ૧ જાન્યુઆરી ૨૦૨૭ની તારીખને આધાર ગણવામાં આવી છે, જેનો અર્થ એ થાય છે કે જે નાગરિકો આ તારીખ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે, તેઓ પોતાના મતાધિકારની નોંધણી કરાવી શકશે.

આ બંધારણીય પ્રક્રિયામાં નાગરિકોની સરળતા માટે ચૂંટણી પંચ દ્વારા વિવિધ ફોર્મ્સની સુવ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં આવી છે. જે નાગરિકો પ્રથમ વખત મતદાર તરીકે નોંધણી કરાવી રહ્યા છે અથવા નવી પાત્રતા તારીખ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ કરે છે, તેમના માટે ફોર્મ-૬ ઉપલબ્ધ હોય છે. ભારતીય મૂળના પ્રવાસી નાગરિકો જે વિદેશમાં રહે છે તેઓ ફોર્મ-૬A દ્વારા નોંધણી કરાવી શકે છે. મતદાર યાદીમાં ખોટી રીતે દાખલ થયેલા નામ સામે વાંધો ઉઠાવવા અથવા મૃત્યુ પામેલા કુટુંબીજનનું નામ કાયદેસર રીતે રદ કરાવવા માટે ફોર્મ-૭નો ઉપયોગ થાય છે. આ ઉપરાંત, મતદાર પોતાના રહેઠાણના સ્થળાંતર, મતદાર ઓળખકાર્ડમાં સુધારા, ડુપ્લિકેટ એપિક કાર્ડ મેળવવા કે દિવ્યાંગતા ચિહ્નિત કરવા માટે ફોર્મ-૮નો આશરો લે છે. આ ડિજિટલ યુગમાં મતદારો નેશનલ વોટર્સ સર્વિસ પોર્ટલ અને વોટર હેલ્પલાઈન એપ દ્વારા આ તમામ ફોર્મ ઓનલાઈન ભરી શકે છે, જ્યારે ગ્રામીણ કે ટેક્નોલોજીથી દૂર રહેલા નાગરિકો માટે બીએલઓ રૂબરૂ સંપર્ક કરીને ભૌતિક ફોર્મ સ્વીકારે છે.

ન્યૂઝ ફોકસ

ઉલ્લેખનીય છે કે, એક તરફ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનનો વિવાદ ચાલે છે ત્યાં હવે એસએસઆરની વાત આવતા લોકો વધારે ગુંચવાયા અને અકળાયા હોય તેમ લાગી રહ્યું છે. એક મુદ્દે સ્થિતિ સ્પષ્ટ થઈ નથી ત્યાં બીજો મુદ્દો ઊભો થતાં નાગરિકોમાં નારાજગી જોવા મળી રહી છે. સામાન્ય રીતે એસએસઆરથી તદ્દન વિપરીત, એસઆઈઆર એ અત્યંત કઠોર, વ્યાપક અને આક્રમક ચકાસણી અભિયાન છે. સંક્ષિપ્ત પુનરીક્ષણમાં પંચ અગાઉથી અસ્તિત્વમાં રહેલી મતદાર યાદીને માન્ય માનીને આગળ વધે છે અને માત્ર જરૂરી સુધારા જ કરે છે. પરંતુ ગહન પુનરીક્ષણમાં સમગ્ર મતદાર યાદીને મૂળથી અમાન્ય અથવા પ્રાથમિક ગણી લેવામાં આવે છે અને સમગ્ર ડેટાબેઝનું શૂન્યથી ફરીથી વેરિફિકેશન શરૂ થાય છે. આ પ્રક્રિયા દરમિયાન ચૂંટણી અધિકારીઓ નિર્ધારિત વિસ્તારના પ્રત્યેક ઘરમાં જઈને ભૌતિક તપાસ કરે છે. દરેક નાગરિકે પોતાની નાગરિકતા, પાત્રતા, વય અને કાયમી રહેઠાણની સાબિતી આપતા અસલ દસ્તાવેજો શૂન્યથી રજૂ કરવા પડે છે. બંને પ્રક્રિયાઓ વચ્ચેનો સૌથી મૂળભૂત તફાવત બર્ડન ઓફ પ્રૂફ કોના શિરે રહે છે તેમાં સમાયેલો છે. સ્પેશિયલ સમરી રિવિઝનમાં પુરાવાનો બોજ તંત્ર અને વાંધો ઉઠાવનાર વ્યક્તિ પર હોય છે. જ્યાં સુધી કોઈ મતદાર સામે લેખિત વાંધો ન આવે અથવા નામ રદ કરવા માટે ફોર્મ-૭ સાથે કાયદેસરની ચકાસણી ન થાય, ત્યાં સુધી હયાત મતદારનું નામ યાદીમાંથી આપોઆપ કાઢી શકાતું નથી. તેનું નામ પૂર્વવત્ ચાલુ જ રહે છે, જે સામાન્ય નાગરિકોને કોઈપણ વહીવટી સતામણી વિના મતાધિકારની સુરક્ષા પૂરી પાડે છે. આનાથી વિપરીત, એસઆઈઆર દરમિયાન પુરાવો રજૂ કરવાનો સંપૂર્ણ બોજ સામાન્ય નાગરિક પર આવી પડે છે. દરેક મતદારે કાગળો અને ઔપચારિક દસ્તાવેજો રજૂ કરીને પોતાની માન્યતા સાબિત કરવી પડે છે. જો કોઈ નાગરિક સમયમર્યાદામાં જરૂરી પ્રમાણપત્રો ન આપી શકે તો તેનું નામ મતદાર યાદીમાંથી કાયમી ધોરણે બાકાત થવાનું ગંભીર જોખમ ઊભું થાય છે.

આ જ કારણોસર દેશભરમાં નાગરિક અધિકાર સંગઠનો, કાનૂની નિષ્ણાતો અને વિપક્ષી પક્ષો દ્વારા જીઁઇનો ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. ભારતીય સામાજિક વાસ્તવિકતા એવી છે કે દેશનો એક મોટો વર્ગ ગરીબ, સીમાંત, વિચરતી જાતિઓ, ખેતમજૂરો અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોનો બનેલો છે. આ વસ્તી પાસે ઘણીવાર ઔપચારિક દસ્તાવેજો, પેઢી દર પેઢીના કાગળો કે કાયમી રહેઠાણના પુરાવા હોતા નથી. પૂર, દુષ્કાળ કે રોજગારી માટે થતા સ્થળાંતરને કારણે પણ ઘણા લોકો પાસે મૂળભૂત કાગળો સચવાયેલા હોતા નથી. આવી સ્થિતિમાં જ્યારે ગહન પુનરીક્ષણ જેવી આકરી પ્રક્રિયા લાદવામાં આવે છે, ત્યારે લાખો ગરીબ અને વંચિત મતદારો સાચા નાગરિક હોવા છતાં મતાધિકાર ગુમાવી બેસે તેવી ભીતિ સર્જાય છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ચૂંટણી પંચ પોતાની કાર્યપ્રણાલીમાં આ બે અલગ-અલગ સિસ્ટમ કેમ જાળવી રાખે છે. તેનો જવાબ ચૂંટણી પંચની વહીવટી જરૂરિયાતો અને લોકતાંત્રિક સંતુલનમાં રહેલો છે. વાર્ષિક ધોરણે ચાલતું સમરી રિવિઝન (SSR) સામાન્ય સંજોગો માટેનું કાયમી સાધન છે, જે નાગરિકો પર કોઈ વધારાનો બોજ નાખ્યા વિના ચૂંટણી ડેટાને જીવંત રાખે છે. બીજી તરફ, ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ઐતિહાસિક રીતે માત્ર એવા વિશિષ્ટ વિસ્તારો માટે અનામત રાખવામાં આવ્યું છે જ્યાં વસ્તીવિષયક મોટા ફેરફારો થયા હોય, ગેરકાયદેસર ઘૂસણખોરી કે અનિયમિત સ્થળાંતરની ગંભીર આશંકા હોય, મોટા પાયે નકલી મતદારો દાખલ થયા હોવાની પુષ્ટિ થઈ હોય અથવા તો સીમાંકન બાદ મતવિસ્તારોની ભૌગોલિક સીમાઓ ધરમૂળથી બદલાઈ ગઈ હોય.




## સરકારની અણઆવડત અને ખામીઓનો દંડ દેશની જનતા પોતાના ખિસ્સામાંથી ભોગવે છે

સામાન્ય માણસ ઉપર સૌથી મોટો કુઠારાઘાત એ વાતનો છે કે એક સામાન્ય માણસ જે દિવસ-રાત પોતાની રોજીરોટી માટે સંઘર્ષ કરે છે, તેને અચાનક એક દિવસ ખબર પડે છે કે ચૂંટણી પંચના એક કલમના ઝાટકે તેનું નામ મતદાર યાદીમાંથી ગાયબ કરી દેવાયું છે.

સ્પેશિયલ સમરી રિવિઝન ભલે કાગળ પર સુવિધાજનક દેખાતું હોય, પણ હકિકતે ઘણા કિસ્સામાં બૂથ લેવલ ઓફિસર્સ ઘરે પહોંચતા જ નથી. ઘણા કિસ્સાઓમાં બીએલઓ પોતાના અંગત કામો કે શિક્ષક તરીકેની નોકરીના ભારણ વચ્ચે ઘેરબેઠા મનસ્વી રીતે યાદીઓ બનાવી નાખે છે. પરિણામે વર્ષોથી એક જ સરનામે રહેતા અસંખ્ય નાગરિકોને રાતોરાત 'ગેરહાજર' કે 'સ્થળાંતરિત' બતાવીને તેમના નામો રદબાતલ કરી દેવામાં આવે છે. પોતાના જ દેશમાં મત આપવાનો મૂળભૂત અધિકાર બચાવવા માટે નાગરિકે કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવું પડે છે અને સરકારી બાબુઓની આડોડાઈ સહન કરવી પડે છે. બીજી તરફ, જો સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનની તલવાર લટકાવવામાં આવે, તો તે સામાન્ય પ્રજા માટે સાક્ષાત નરક સમાન છે. આ પ્રક્રિયામાં સમગ્ર સિસ્ટમ નાગરિકને પહેલેથી જ 'શંકાસ્પદ' માની લે છે. એક સામાન્ય ફેરીવાળા, ખેતમજૂર, છૂટક શ્રમિક કે ઝૂંપડપટ્ટીમાં રહેતા પરિવારો પાસે પેઢી દર પેઢીના પાકા કાગળો, વારસાઈ પુરાવા કે પંચાયતના રેકોર્ડ ક્યાંથી હોવાના? કાગળોના અભાવે આ નિર્દોષ લોકોને સાંભળ્યા વિના યાદીમાંથી બહાર ફેંકી દેવામાં આવે છે. દેશના બંધારણે આપેલો અધિકાર છીનવીને તેમને બીજી કક્ષાના નાગરિક બનાવી દેવાની આ ખુલ્લી પ્રશાસનિક હિંસા છે. જે લોકો પૂર, વાવાઝોડા કે અગ્નિકાંડ જેવી આપત્તિઓમાં પોતાના ઘરબાર અને દસ્તાવેજો ગુમાવી ચૂક્યા છે, તેમના માટે આ ગહન ચકાસણી સીધો અસ્તિત્વનો ખતરો બની જાય છે. તંત્ર દ્વારા મોટા ઉપાડે 'ડિજિટલ ઈન્ડિયા' અને ઓનલાઈન પોર્ટલની ગુલબાંગો પોકારવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે સર્વર મોટાભાગે ઠપ્પ રહે છે, ઓટીપી સમયસર આવતા નથી અને અરજી સબમિટ થયા પછી મહિનાઓ સુધી પેન્ડિંગ પડી રહે છે. જે સામાન્ય વર્ગ સ્માર્ટફોન કે અંગ્રેજી આધારિત ઓનલાઈન સિસ્ટમથી અજાણ છે, તેમને સાયબર કાફે અને વચેટિયાઓના હાથે લૂંટાવું પડે છે. ફોર્મ-૬, ૭ કે ૮ ભરવા માટે ગરીબ માણસે પોતાની આખી દિવસની મજૂરી ગુમાવીને સાયબર કાફેવાળાને સો-બસો રૂપિયા કમિશન આપવું પડે છે. સરકારી અણઆવડત અને ખામીયુક્ત સર્વરનો દંડ દેશની જનતા પોતાના ખિસ્સામાંથી ભોગવે છે.

## ચેટજીપીટી બાળકો-કિશોરોને ગેરમાર્ગે દોરતું હોવાનો આરોપ

# ઓપનએઆઈ બાળકો માટે ખતરનાક

## અમેરિકાના આઠ રાજ્યોએ કેસ કર્યો

વૉશિંગ્ટન, તા. ૧૬

**ઓપનએઆઈના ચેટબોટ ચેટજીપીટીના કારણે બાળકો અને કિશોરો આપઘાત માટે ઉશ્કેરાતા હોવાના આરોપ સાથે અમેરિકાના આઠ રાજ્યોએ કંપની સામે કોર્ટમાં દાવો માંડ્યો છે. અરજીમાં કહેવાયું હતું કે બાળકો-કિશોરોના વિશ્વાસુ સાથી હોવાનો ભ્રમ પેદા કરીને ચેટજીપીટી ગેરમાર્ગે દોરે છે અને તેની સલાહ માનવા સમજાવે છે. માણસો સાથે ખોટું બોલવાની સાથે સાથે ચેટજીપીટી કંપનીની સિસ્ટમને હેક કરવાનું કામ પણ કરે છે.**

## ચેટજીપીટી દવાઓની ખોટી માહિતી આપે છે, બાળકો-કિશોરોને વહેમમાં નાખીને આત્મહત્યા કરવા ઉશ્કેરે છે : અરજીમાં દાવો

ઓપનએઆઈના ચેટબોટ ચેટજીપીટી સામે અમેરિકાના આઠ રાજ્યો કોર્ટમાં ગયા છે. અમેરિકાના આઠ રાજ્યો - લોવા, એરિઝોના, અર્કાન્સેસ, ઈડાહો, કેન્સાસ, મોન્ટાના, નેબ્રાસ્કા અને પશ્ચિમ વર્જિનિયાએ રાજ્યના ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ કોર્ટમાં અરજી કરી છે કે ઓપનએઆઈના ચેટબોટ ચેટજીપીટીથી બાળકો-કિશોરોમાં ભ્રમ પેદા થાય છે. ચેટજીપીટી બાળકોને દવાની ખોટી માહિતી આપવાથી લઈને ન કરવાના કામો કરવા માટે ઉશ્કેરે છે. આપઘાત કરવા માટે ઉત્તેજન આપે છે. બાળકો-ટીનેજર્સ સાથે ચેટજીપીટી એવી રીતે વર્તે છે કે તે એનો વિશ્વાસુ સાથી છે. સાથી કે મિત્રનો સ્વાંગ રચીને તે નકારાત્મકતા ફેલાવે છે.

આ રાજ્યોના એટર્નીએ કોર્ટમાં જુદી જુદી અરજી કરી હતી ને પછી હવે તમામ રાજ્યો સંયુક્ત રીતે કંપની સામે કેસ લડશે તેવી જાહેરાત કરી છે. આ તમામના સંયુક્ત નિવેદનમાં કહેવાયું હતું કે અત્યાર સુધીમાં એઆઈ કંપની સામે સંયુક્ત રીતે નોંધપાત્ર પગલાં લેવામાં આવ્યા હોય એવું કાયદાની રીતે પહેલી વખત બન્યું છે. દરેક રાજ્યની અરજીમાં ટીનેજર્સ અને બાળકો ઉપરાંત તમામ યુઝર્સના સંદર્ભમાં જુદી જુદી બાબતોની જાણકારી આપવામાં આવી હતી. સંયુક્ત અરજીમાં એ તમામનો સમાવેશ કરીને કંપની સામે દાવો માંડવામાં આવ્યો છે.

ઓપનએઆઈએ એક નિવેદનમાં બચાવ કરતા કહ્યું હતું કે ચેટજીપીટીમાં બાળકોના રક્ષણ માટે અલગથી ફીચર છે અને હજુય તેને વધારે અસરકારક બનાવવાની દિશામાં કામ ચાલી રહ્યું છે. કંપનીએ એવું પણ કહ્યું હતું કે જે મોડલથી ગરબડો થઈ રહી છે તેના રિવ્યૂની પ્રોસેસ પણ ચાલી રહી છે.

## નેહા બોરાની અટકાયત કરાઈ



દેશના ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે લહેરા દો તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં મોટી સંખ્યામાં જેન-ઝી પ્રદર્શનકારીઓ હાજર રહ્યા હતા. જેન-ઝી નેતા નેહા બોરા કનોટ પ્લેસ તરફ તિરંગા યાત્રા માટે જઈ રહી હતી ત્યારે તેની અટકાયત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, નેહા બોરા છેલ્લા ઘણા સમયથી સરકાર વિરૂદ્ધ સવાલ ઉઠાવી રહી છે. નીટ મુદ્દે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે તે ૨૩ દિવસ ભૂખ હડતાળ પર પણ બેઠી હતી. તેણે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા માટે સરકારને મજબૂર કરી હતી.

## યુક્રેનના ડ્રોન હુમલાના લીધે રશિયાના એરપોર્ટો બંધ કરવા પડ્યા

# રશિયા સાથેનું યુદ્ધ યુક્રેનને ૧૭૪ અબજ ડોલરમાં પડશે: ઝેલેન્સ્કી

કીવ,તા.૧૬

**રશિયા સાથેનું યુદ્ધ યુક્રેનને આગામી વર્ષે ૧૭૪ અબજ ડોલરમાં પડશે, આ શબ્દો બીજા કોઈના નહીં પરંતુ યુદ્ધગ્રસ્ત યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીના છે. તેમાથી તેમના દેશને યુરોપ પાસેથી કમસેકમ ૮૦ અબજ ડોલરની તાત્કાલિક મદદની જરૂર છે. હવે યુક્રેનને મદદ કઈ રીતે કરવી તેને લઈને પણ આખુ યુરોપ વિચારી રહ્યુ છે.નાટો દેશની સરહદમાં બ્લેક સીમાં હુમલા થતાં ખળભળાટ મચી ગયો છે. નાટો દેશોને લાગી રહ્યુ છે કે યુક્રેનને સમર્થન આપવા બદલ રશિયા તેમને સજા કરવા માંગે છે.**

## રશિયાના યુક્રેન પરના હુમલામાં નાગરિકોની જાનહાનિમાં ગયા વર્ષની તુલનાએ ૮૫ ટકાનો નોંધપાત્ર વધારો થયો

લોકો પૂછી રહ્યા છે કે એક અંતવિહીન યુદ્ધમાં શા માટે યુરોપીયન દેશો તેમનો મૂડી ઠાલવી રહ્યા છે અને તેમની પ્રજાને આવશ્યક સેવાઓથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. યુક્રેનના લીધે જ યુરોપ રશિયાના આક્રમણથી બચ્યું છે તેવી ઝેલેન્સ્કીની દલીલ હવે યુરોપના કેટલાય પ્રજાજનો સ્વીકારવા તૈયાર નથી. આજે યુરોપમાં મોંઘવારી માઝા મૂકી રહી છે તે સંજોગોમાં ઝેલેન્સ્કીને મદદ કેટલી હદ સુધી જારી રાખવી તે યુરોપ માટે ચિંતાનો વિષય બન્યો છે. ઝેલેન્સ્કીએ યુરોપની આ જ ચિંતાનું પ્રતિબિંબ પાડતા જણાવ્યું હતું કે હું તો આજે પણ યુદ્ધ ખતમ કરવા તૈયાર છું, બસ યુરોપ તેમના ભાગીદાર અમેરિકાને કહે કે તે પુતિન પર દબાણ લાવીને યુદ્ધ ખતમ કરાવે. મારા પર દબાણ ન લાવે. અમે આક્રમણખોર નથી.

### બ્લેક સીમાં નાટોની જળસીમામાં સાત જહાજો પર ડ્રોન હુમલો : બેનાં મોત, રશિયા ભણી શંકાની સોય

આ ઉપરાંત ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે સ્ટારલિંકે તેની સ્પીડ વધારી છે, પરંતુ તે હજી પણ પહેલા જેટલી નથી, પરંતુ પહેલા જેટલી કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

બ્લેક સીમાં આ મહિને કુલ સાત કાર્ગો જહાજ પર ડ્રોન હુમલા થયા છે, આ જહાજ નાટોના સભ્ય દેશ રોમાનિયા અને બલ્ગેરિયાની દરિયાઈ સરહદમાં હતા. આના પગલે નાટોના કેટલાક સભ્યોને આશ્ચર્ય થઈ રહ્યુ છે કે રશિયન પ્રમુખ પુતિન યુક્રેનને યુદ્ધમાં મદદ કરનારા નાટો દેશોને સજા કરવા ઈચ્છે છે કે શું. આ હુમલા બંને દેશના એક્સ્લુઝિવ ઈકોનોમિક ઝોનમાં થતાં વૈશ્વિક શિપિંગ રુટ પર પાછું જોખમ સર્જાયુ છે અને તેમા બેના મોત થયા હતા અને હજી પણ ૨૫ જણા ગુમ છે.

બીજી બાજુએ રશિયાએ એકસાથે યુક્રેનના નવ પ્રાંત પર હુમલો કર્યો છે.

(અનુસંધાન ૧૧મે પાને)

## બિહારમાં જેડીયુ ધારાસભ્યના દાવાથી હોબાળો

# મુખ્યમંત્રી નીતિશ કુમાર માટે નવ હત્યા કરાવી હતી : અનંતસિંહ

પટના, તા.૧૬

**બિહારમાં મકોમાથી જદયુના ધારાસભ્ય અનંત સિંહે ભૂતપૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમાર માટે નવ લોકોની હત્યા કરી હોવાનો શુક્રવારે સવારે દાવો કરતા મોટો હોબાળો મચી ગયો હતો. જોકે, આ અંગે વિવાદ કરતા સાંજ પડતા અનંત સિંહે ફેરવી તોળ્યું અને કહ્યું કે, હું નીતિશ કુમાર સાથે હવાથી લાલુ યાદવે અમારા નવ લોકોને એસટીએફના હાથે મરાવી નાંખ્યા હતા.**

## વિવાદ વકરતા લાલુ યાદવે અમારા નવ લોકોને મરાવી નાંખ્યાનો અનંતસિંહનો દાવો

બિહારમાં વિધાન પરિષદ ચૂંટણીમાં પટના સ્નાતક બેઠક પર ઉમેદવારની પસંદગી મુદ્દે જનતાદળ યુનાઈટેડમાં ભારે મતભેદો છે. પક્ષે આ બેઠક પર નીરજ કુમારને સત્તાવાર ઉમેદવાર બનાવ્યા છે ત્યારે અનંતસિંહ તેમના વિરોધીની પસંદગીથી ભારે નારાજ છે. અનંતસિંહે શુક્રવારે સવારે ભૂતપૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમાર માટે જૂના દિવસોમાં પોતે કરેલા ત્યાગ અને નુકસાનની વાતો કરી હતી. જૂના સમયની યાદો તાજી કરતા અનંત સિંહે કહ્યું કે, તે સમયે નીતિશ કુમારને કોઈ ઓળખતું નહોતું. હું તેમની સાથે રહેતો હતો. તેમના માટે મેં નવ લોકોની હત્યા કરાવી નાંખી હતી. અનંતસિંહના આ નિવેદનથી ભારે હોબાળો મચી ગયો હતો. જોકે, વિવાદ વધતા અનંત સિંહે

(અનુસંધાન ૧૧મે પાને)

## બંને વચ્ચે અણબનાવ થતાં પાંચ મહિનાથી અલગ રહેતા હતા

# અમેરિકામાં ગુજરાતી યુવકે સાથી કર્મચારીને ડેટ કરતી પત્નીની હત્યા કરી

શિકાગો, તા. ૧૬

**અમેરિકાના શિકાગોમાં ગુજરાતી યુવકે પત્નીની હત્યા કરીને ભારત આવી જવાની કોશિશ કરી હતી ત્યારે જ પોલીસે તેની ધરપકડ કરી હતી. પત્ની છેલ્લાં ચાર-પાંચ મહિનાથી દીકરીને પતિ પાસે મૂકીને જ અલગ રહેવા લાગી હતી અને તે તેના સહ કર્મચારીને ડેટ કરતી હતી. એની જાણ થતાં આરોપી અંકુર પટેલ ઉશ્કેરાયો હતો અને તેણે પત્નીને દીકરીને મળવાના બહાને ઘરે બોલાવીને હત્યા કરી નાખી હતી.**

## અંકુર પટેલે પત્નીને કહ્યા વગર જ દીકરીને પેરેન્ટ્સ પાસે ભારત મોકલી દેતાં ઝઘડો થયો હતો : હત્યા પછી ભારત ભાગવાની ફિરાકમાં હતો

શિકાગોમાં રહેતા ૩૧ વર્ષના અંકુર પટેલે તેની ૩૨ વર્ષની પત્નીની ચાકુ મારીને હત્યા કરી હતી. બંને વચ્ચે ઘણાં સમયથી અણબનાવ ચાલતો હતો. વારંવાર ઝઘડા થતા હતા. અંકુર પટેલની પત્ની ગત મે મહિનામાં અલગ થઈ ગઈ હતી અને તેણે દીકરીને પણ પતિ પાસે રહેવા દીધી હતી. એ પછી અંકુરે પત્નીને દીકરી સાથે વાત કરવાનું બંધ કરાવી દીધું હતું. એ દરમિયાન તેને જાણ થઈ કે તેની પત્ની ઓફિસના જ એક પુરુષને ડેટ કરી રહી છે. એ બાબતે બંનેને ઝઘડો થતો હતો. અંકુર તેને પાછી આવી જવાનું કહેતો હતો ને પત્ની નવા પાર્ટનર સાથે જ રહેવાનું કહેતી હતી.

અંકુરે પત્નીને કહ્યા વગર જ દીકરીને



પેરેન્ટ્સ પાસે ભારત મોકલી દીધી હતી. એક દિવસ પત્નીને એવું કહીને બોલાવી હતી કે દીકરી તેને મળવા માંગે છે. તેની પત્ની દીકરીને મળવા ઘરે ગઈ ત્યારે અંકુરે તેને સાથે આવી જવાનું કહ્યું હતું, પરંતુ પત્નીએ સ્પષ્ટ ના પાડી દેતા ઉશ્કેરાયેલા અંકુરે છરીના ઘા મારીને તેની હત્યા કરી નાખી હતી. પત્નીની હત્યા કર્યા બાદ તે એપાર્ટમેન્ટમાંથી ગાયબ થઈ ગયો હતો. કોઈ પરિચિત ઘરે આવતા તેણે પત્નીનો મૃતદેહ જોયો પછી પોલીસને જાણ કરી હતી. હત્યા કરીને તે શિકાગોના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ભારત આવી જવા માટે પહોંચ્યો હતો. ફિલ્મી સ્ટાઈલથી શિકાગો પોલીસ એરપોર્ટ પર પહોંચી હતી અને તપાસના

(અનુસંધાન ૧૧મે પાને)

## ભારતમાં તમારું સ્વાગત છે : અંબાણી

# રિલાયન્સ કોઈની પણ સાથે સ્પર્ધાથી ડરતી નથી : મસ્કને અંબાણીનો જવાબ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૧૬

**ભારતના ટેલિકોમ અને સેટેલાઈટ ઈન્ટરનેટ સેક્ટરમાં ઈલોન મસ્કના 'એકાધિકાર'ના આક્ષેપો મુદ્દે શુક્રવારે રિલાયન્સે વળતો હુમલો કર્યો છે. ઈલોન મસ્કે ગયા સપ્તાહે રિલાયન્સ એકાધિકાર જાળવી રાખાવ સ્ટારલિંકના ભારત પ્રવેશમાં અવરોધો ઊભા કરતી હોવાના, મુકેશ અંબાણીને 'વડાપ્રધાન' કહેવાના આક્ષેપો કર્યા હતા. મસ્કને જવાબ આપતા હવે રિલાયન્સે કહ્યું છે કે, રિલાયન્સ કોઈની પણ સાથે સ્પર્ધાથી ડરતી નથી. ભારતમાં સ્ટારલિંકનું સ્વાગત છે. અમે પણ સરકારની મંજૂરીઓની રાહ જોઈ રહ્યા છીએ. ભારતમાં કાયદા બધા માટે સરખા છે.**

## ભારતમાં સ્ટારલિંક સહિતની તમામ કંપનીઓ માટે કાયદા એક સરખા છે, કોઈ ભેદભાવ નથી : રિલાયન્સ

અમેરિકન ઉદ્યોગપતિ ઈલોન મસ્કના આક્ષેપોના જવાબમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નિવેદન જાહેર કરીને કહ્યું કે, ભારતમાં વેપાર કરનારી બધી જ કંપની માટે કાયદાનું પાલન કરવું અને નિર્ધારિત પ્રક્રિયામાંથી પસાર થવું જરૂરી છે. ભારત સરકારે સ્પષ્ટ કર્યું છે કે ભારતીય અને વિદેશી બધા જ અરજદારો માટે એક સમાન પ્રક્રિયા લાગુ થાય છે.

રિલાયન્સે ઉમેર્યું કે, તે સેટેલાઈટ કોમ્યુનિકેશન સેક્ટરમાં સ્ટારલિંક સહિત અન્ય કંપનીઓની હાજરીનું સ્વાગત કરે છે. જિયોની સેટેલાઈટ સર્વિસીસ પણ સરકારની આવશ્યક મંજૂરીઓની રાહ જોઈ રહી છે. ઈન્વેસ્ટમેન્ટ અને ઈનોવેશન માટે ખુલ્લુ વાતાવરણ દેશના વિકાસ માટે મહત્વપૂર્ણ છે, પરંતુ આ વ્યવસ્થા કાયદાના શાસન પર આધારિત હોવી જોઈએ. દરેક કંપનીએ નિયમો અને નીતિઓનું પાલન કરતા ભારતીય ગ્રાહકોને સેવા આપવી જોઈએ.

રિલાયન્સે દાવો કર્યો કે કંપની કોઈપણ સ્પર્ધાથી ગભરાતી નથી. જિયોએ ૨૦૧૬માં ભારતીય ટેલિકોમ બજારમાં પ્રવેશ કર્યો હતો. તે સમયે કંપની પાસે એક પણ ગ્રાહક નહોતો, પરંતુ ૧૦ વર્ષમાં જિયોના ૫૩ કરોડથી વધુ ગ્રાહક થઈ ગયા છે. જિયોએ ભારતીય નાગરિકોને વધુ સારી ડિજિટલ સુવિધાઓ આપવામાં અને દુનિયામાં સૌથી સસ્તા મોબાઈલ ડેટા સુધી પહોંચ ઉપલબ્ધ કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. બજારમાં પ્રતિસ્પર્ધાનો અસલી માપદંડ એ છે કે કોણ ગ્રાહકોને વધુ સારી સેવાઓ આપે છે. રિલાયન્સનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે સ્ટારલિંક ભારતમાં તેની વ્યાવસાયિક સેવાઓ શરૂ કરવાની તૈયારી કરી રહી છે.

## ઈજાગ્રસ્ત સાત વર્ષનો બાળક અને એક શિક્ષક ગંભીર

# અમેરિકાની સ્કૂલમાં ફાયરિંગ : ત્રણ બાળકો સહિત ચાર લોકોનાં મોત

બેન્ડ, તા. ૧૬

**અમેરિકાના ઓરેગન રાજ્યના બેન્ડ શહેરની સ્કૂલમાં ફાઈરિંગની ઘટના બની હતી. ૧૬ વર્ષના કિશોરે સ્કૂલમાં ઘૂસીને અંધાધૂંધ ગોળીબાર કરવા માંડ્યો હતો. એમાં ત્રણ બાળકો અને એક શિક્ષકનું મોત થયું હતું. આખરે હુમલાખોરને પણ ઠાર કરાયો હતો.**

## ઓરેગનના બેન્ડ શહેરની સ્કૂલ પાસેથી પસાર થતાં એક વ્યક્તિએ ૧૬ વર્ષના હુમલાખોરને ઠાર કર્યો

અમેરિકાના બેન્ડ શહેરના પોલીસ કમિશનરે આપેલી જાણકારી પ્રમાણે શહેરની એક પ્રાથમિક સ્કૂલમાં બંદૂક લઈને ૧૬ વર્ષનો કિશોર ઘૂસી ગયો હતો અને અંધાધૂંધ ગોળીઓ વરસાવવા લાગ્યો હતો. આ ફાયરિંગમાં પાંચ, આઠ અને ૧૧ વર્ષના ત્રણ વિદ્યાર્થીઓનાં મોત થયા હતા. એક શિક્ષકનું પણ મોત થયું હતું. ઘટનામાં અનેકને ઈજા પહોંચી હતી. એમાંથી સાત વર્ષનો એક વિદ્યાર્થી અને ૫૪ વર્ષના શિક્ષકની સ્થિતિ ખૂબ નાજુક છે. પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી અને પોલીસે આવીને જોયું કે ચાર મૃતદેહો પડ્યા હતા અને હુમલાખોરનું પણ મોત થયું હતું. સ્કૂલની પાસેથી પસાર થતાં નાગરિકને સ્કૂલમાં ઘૂસતા ટીનેજરની વર્તણૂક શંકાસ્પદ લાગી

(અનુસંધાન ૧૧મે પાને)

## ડેટા સેન્ટર્સની વીજમાગ પૂરી કરવા અમેરિકા અણુ ઊર્જાના ભરોસે

# યુએસમાં બંધ પરમાણુ રીએક્ટર્સ ફરી શરૂ કરવા સામે નિષ્ણાતોની ચેતવણી

(પીટીઆઈ) વોશિંગ્ટન, તા.૧૬

**અમેઝોન, ગૂગલ સહિતની ટોચની ટેક્નોલોજી કંપનીઓના વિશાળ કદના ડેટા સેન્ટર્સની વીજમાગની જરૂરિયાત પૂરી કરવા માટે અમેરિકા પરમાણુ ઊર્જા તરફ વળ્યું છે અને તેણે ઐતિહાસિક પગલું ભરતા બંધ કરી દીધેલા પરમાણુ વીજ મથકોને ફરીથી શરૂ કરવાની કવાયત હાથ ધરી છે. જોકે, વૈજ્ઞાનિકોએ અમેરિકાના આ પગલાં સામે ચેતવણી આપી છે. તેમનું કહેવું છે કે આ પરમાણુ વીજ એકમો ફરીથી શરૂ કરવાથી પર્યાવરણથી લઈને સ્થાનિક સ્તરે વ્યાપકપણે અનેક પ્રકારના નુકસાન થવાનું જોખમ છે. તેમણે સરકારને આ પગલાંમાં પીછેહઠ કરવા ભલામણ કરી છે.**

## પેલિસેડ્સ પરમાણુ વીજ એકમને ફરી શરૂ કરવાના અંતિમ તબક્કામાં દુર્ઘટના છતાં કામકાજ ચાલુ રાખવા લાઈસન્સ અપાયું

અમેરિકાએ વર્ષો પહેલાં બંધ કરી દેવાયેલા ત્રણ પરમાણુ વીજ એકમોને શરૂ કરવાની કવાયત હાથ ધરી છે. દુનિયામાં અત્યાર સુધી ક્યાંય એક વખત બંધ કરી દેવાયેલા વ્યાવસાયિક પરમાણુ રીએક્ટરને ફરી શરૂ કરાયા નથી. જોકે, આ વીજએકમોને ફરી શરૂ કરવા સામે વૈજ્ઞાનિકોએ સરકારને ભારે ચેતવણી આપી છે. નિષ્ણાતોનું કહેવું છે કે બંધ પડેલા પરમાણુ વીજ એકમોને ફરી શરૂ કરવા પર્યાવરણ, કર્મચારીઓના સ્વાસ્થ્ય, સ્થાનિક રહેવાસીઓ સહિત અનેક બાબતોએ જોખમી છે.

યુનિયન ઓફ કન્સર્ન્ડ સાયન્ટીસ્ટ્સમાં એડવીન લેમેને કહ્યું કે, કરદાતાઓના નાણાંનો ઉપયોગ સુરક્ષા જોખમોને ટાળવા માટે થવો જોઈએ. આ

(અનુસંધાન ૧૧મે પાને)

## કોર્ટ વિરુદ્ધ ટિપ્પણી ભારે પડી

# સંજય રાઉત અને નિખિલ વાગલેને સુપ્રીમ દ્વારા કન્ટેમ્પટ નોટિસ

મુંબઈ, તા. ૧૬

**સુપ્રીમ કોર્ટે શિવસેના યુબીટીના સાંસદ સંજય રાઉત તથા પત્રકાર નિખિલ વાગલેને ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સૂર્યકાંત તથા સમગ્ર ન્યાયતંત્ર માટે અનુચિત ટિપ્પણીઓ કરવા બદલ ફોજદારી અદાલતી તિરસ્કારની કાર્યવાહી હાથ ધરી કારણ દર્શક નોટિસો જારી કરી છે.**

## બંને ખુલાસો ન કરે ત્યાં સુધી અદાલતમાં રુબરુ હાજર થવામાંથી મુક્તિ અપાઈ

જોકે, ચીફ જસ્ટિસ સૂર્યકાંત તથા જસ્ટીસ જોયમાલ્યા બાગચીની બેન્ચે રાઉત તથા વાગલેને અદાલતમાં રુબરુ હાજર થવામાંથી મુક્તિ આપી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે તે પહેલાં આ બંનેએ કરેલી અનુચિત ટિપ્પણીઓ માટે તેમના ખુલાસા સાંભળશે.

સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન દ્વારા થયેલી અદાલતી તિરસ્કારની અરજીને પગલે આ કાર્યવાહી હાથ ધરાઈ છે. બાર એસોસિએશનના પ્રમુખ અને સિનિયર એડવોકેટ પ્રદીપ રાયે આક્ષેપ કર્યો હતો કે રાઉત તથા વાગલેએ કરેલી ટિપ્પણીઓ ઉચિત ટીકાની સીમાઓને અતિક્રમી ગઈ છે અને તેના લીધે જાહેર જનતાના સુપ્રીમ કોર્ટના ભરોસાને હાનિ પહોંચી છે.

ન્યાયતંત્ર પર પ્રહારો કરતાં નિવેદનો અંગે ચેતવણી આપતાં સીજેઆઈ સૂર્યકાંતે કહ્યું હતું કે અદાલતો હંમેશાં વ્યક્તિ સ્વાતંત્ર્ય તથા મૂળભૂત અધિકારોનું હંમેશાં સમર્થન કરતી રહી છે પરંતુ આ સંસ્થાઓ પર પ્રહારો કરવામાં આવે તે કમનસીબ બાબત છે.

ચૂંટણી પંચના કામકાજ સંબંધિત મુદ્દાઓ પર ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓને મળવાનો સીજેઆઈ દ્વારા ઈનકાર કરવા બદલ રાઉતે ટીકા કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ૮૦ ન્યાયાધીશો લંડનમાં રાજકીય નેતાઓ સાથે બેડમિન્ટન રમતા જોવા મળ્યા હતા.

તમે તેમને મળી શકો છો, તેમની

(અનુસંધાન ૧૧મે પાને)

### અડવાણીને છાતીમાં દુઃખાવો થતા હોસ્પિટલમાં દાખલ

નવી દિલ્હી, તા.૧૬

ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીને છાતીમાં ઈન્ફેક્શનની ફરિયાદ બદલ શુક્રવારે સાંજે નવી દિલ્હીની અપોલો હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. હાલ તેમની હાલત સ્થિર છે. પલ્મોનરી વિભાગમાં તેમની સારવાર થઈ રહી છે તેમ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું.

## કોકેનનો ઓવરડોઝ, બાજુમાં નાનું બાળક હતું

# યુએઈના શાહી પરિવારની સભ્ય લંડનમાં બેભાન હાલતમાં મળતા ચકચાર

લંડન, તા.૧૬

લંડનના પશ્ચિમ વિસ્તારમાં અબુધાબીના રાજવી પરિવાર સાથે લગ્નસંબંધથી જોડાયેલી ૩૨ વર્ષીય મહરા અલ નાહયાન કોકેનના નશા બાદ રસ્તા પર બેભાન હાલતમાં મળી આવી હતી. તેની સાથે રહેલું ત્રણ વર્ષનું બાળક રસ્તા પર એકલું અને ઉઘાડા પગે ફરી રહ્યું હતું. આ ઘટના ૧૩ જૂને બની હતી. રાહદારીઓએ બાળકની સુરક્ષાની જવાબદારી સંભાળી પોલીસને જાણ કરી હતી.



સરકારી વકીલે જણાવ્યું કે બાળક સામે નજીકથી પસાર થતાં વાહનોનું જોખમ હતું. તેથી લોકોએ દરમ્યાનગીરી કરી હતી. મહરા લગભગ અડધો કલાક સુધી પ્રતિક્રિયા આપતી નહોતી. ભાનમાં આવ્યા પછી તેણે ઘટનાની ગંભીરતા પ્રત્યે અસંવેદનશીલ પ્રતિક્રિયા આપી હતી. તપાસ દરમ્યાન તેની પાસેથી નશાના ઉપયોગ સાથે સંબંધિત સાધનો મળ્યા હતા, જો કે કોઈ ગેરકાયદે નશો મળી આવ્યો નહોતો.

ઘટના પછી મહરાને સરેના વોકિંગ વિસ્તારમાં આવેલી પ્રાયરી ક્લિનિકમાં વ્યસનમુક્તિ સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. સાઉથવર્ક ક્રાઉન કોર્ટમાં તેણે બાળઉપેક્ષાના આરોપનો સ્વીકાર કર્યો હતો. તેના વકીલે જણાવ્યું કે મહરા પોતાની ગંભીર ભૂલ સ્વીકારે છે અને તેના માટે પસ્તાવો વ્યક્ત કરે

(અનુસંધાન ૧૧મે પાને)

## અદાલતે નશાની લત અને બાળ ઉપેક્ષાના ગુના બદલ મહરાને બે વર્ષના પુનર્વસન અને દંડની સજા આપી






સૌથી સ્વીટ ડીલ
croma
A TATA Enterprise
FESTIVAL OF DREAMS
Oct 11 - Nov 11
55" LG NanoCell AI TV 1m 40cm
50% OFF*
3 Years Warranty
MRP ₹89,990*
Offer Price ₹44,990*
EMI starting ₹2,499*
Save 12%* on Soundbar with TV
iPhone 17 256GB
43% OFF*
MRP ₹99,900*
Offer Price ₹56,490*
EMI starting ₹2,562*
LG Washing Machine 8KG
39% OFF*
2 Years Warranty
MRP ₹30,990*
Offer Price ₹18,990*
EMI starting ₹3,865*
Haier Refrigerator 240L
34% OFF*
Croma Exclusive
MRP ₹33,490*
Offer Price ₹21,990*
EMI starting ₹1,832*
*Offer Price includes Exchange/Cashback Benefits or both at store
Rush to Croma Store | croma.com | TATA NEU
₹15,000* સુધી ઈન્સ્ટંટ કૅશબૅક પસંદગીના બૅન્ક કાર્ડસ પર
IndusInd Bank
YES BANK
₹45,000* સુધી કૅશબૅક કન્ઝ્યુમર ફાઈનાન્સ પર
ICICI Bank
એપ્પલ પ્રોડક્ટ્સ પર 10% સુધી બચત* સાથે
Now Open @ Ahmedabad | Anand | Sanand | Gandhinagar | 80+ Stores across Gujarat


RENAULT KIGER
3 YEARS WARRANTY
RE-021-LT
ટર્બો રેન્જ શરૂ થાય છે
₹7.93 લાખથી*
તહેવારના લાભો ₹50 000/-* સુધી
મલ્ટી-સેન્સ ડ્રાઇવ મોડ્સ
વેન્ટિલેટેડ ફ્રન્ટ સીટ્સ
બહેતર X-ટ્રોનિક CVT
Renault recommends Castrol
renault.co.in
SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873568180, RENAULT NARODA Ph: 8448081360, RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268, RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869